ત્રીજો મોનિટરિંગ રિપોર્ટ: કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ(CGPL), ભારતમાં IFCના રોકાણના CAO ઓડિટ માટે IFCનો પ્રતિભાવ

IFC પ્રોજેક્ટ: #25797

15 સપ્ટેમ્બર, 2025

CAO વિશે

ધ ઓફિસ ઓફ ધ કમ્પલાયન્સ એડવાઇઝર ઓમ્બુડ્સમેન(CAO) એ વિશ્વ બેંક જૂથના સભ્યો, ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન(IFC) અને મલ્ટિલેટરલ ઇન્વેસ્ટમેન્ટ ગેરંટી એજન્સી(MIGA)નું સ્વતંત્ર ઉત્તરદાયિત્વ માળખું છે. અમે IFC અને MIGA પ્રોજેક્ટ્સથી પ્રભાવિત લોકોની ફરિયાદોનું નિરાકરણ ન્યાયી, ઉદ્દેશ્યપૂર્ણ અને સકારાત્મક રીતે કરવા, પ્રોજેક્ટ્સનાં પર્યાવરણીય અને સામાજિક પ્રભાવ વધારવા અને IFC અને MIGAનાં જાહેર ઉત્તરદાયિત્વ અને શીખાવાને પ્રોત્સાહન આપવા માટે કામ કરીએ છીએ. CAO એક સ્વતંત્ર કાર્યાલય છે જે IFC અને MIGA બોર્ડ ઓફ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સને સીધું રિપોર્ટ કરે છે. વધુ માહિતી માટે જુઓ, www.cao-ombudsman.org

CAOનાં કમ્પલાયન્સ(પાલન) કાર્ય વિશે

CAOનું કમ્પલાયન્સ કાર્ય IFC અને MIGAના પર્યાવરણીય અને સામાજિક નીતિઓનાં પાલનનું મૂલ્યાંકન કરે છે, સંબંધિત હાનિ-નુકસાનનું મૂલ્યાંકન કરે છે અને જ્યાં યોગ્ય જણાય ત્યાં સંબંધિત પગલાં લેવાની ભલામણ કરે છે.

CAOનું કમ્પલાયન્સ કાર્ય ત્રણ-પગલાંના અભિગમને અનુસરે છે:

મૂલ્યાંકનમ	તપાસ	મોનીટરીંગ
ફરિયાદ અથવા આંતરિક વિનંતી કમ્પલાયન્સ તપાસને પાત્ર છે કે નહીં તે નક્કી કરવા માટે પ્રારંભિક મૂલ્યાંકન.	IFC/MIGA એ તેની પર્યાવરણીય અને સામાજિક નીતિઓનું પાલન કર્યું છે કે કેમ અને કોઈપણ નોન-કમ્પલાયન્સથી સંબંધિત નુકસાન થયું છે કે કેમ તેનું વ્યવસ્થિત અને ઉદ્દેશ્યપૂર્ણ નિર્ધારણ.	કમ્પલાયન્સ તપાસના તારણો અને ભલામણોના પ્રતિભાવમાં વિકસાવવામાં આવેલી મેનેજમેન્ટ એક્શનના અસરકારક અમલીકરણની ખાતરી.

અનુક્રમણિકા

કાર્યકારી સારાંશ 6

1. પૂર્વભૂમિકા.... 11

1.1 આ રિપોર્ટ વિશે 11

1.2 IFCના રોકાણ અને પ્રોજેક્ટની વિગતો.... 11

1.3 ફરિયાદો.... 12

1.4 CAO પ્રક્રિયા.... 13

1.5 પદ્ધતિ 14

1.6 સાઇટ મેપ.... 16

1.7 કેસની સમયરેખા 17

2. CGPLમાં IFCના રોકાણ માટે ઓડિટ તારણોને સંબોધવા માટે IFCનાં પગલાઓનું CAO દ્વારા મૂલ્યાંકન......18

2.1 ફરિયાદનો મુદ્દો: માછીમાર સમુદાયો પર પ્રોજેક્ટની અસરોની ઓળખ અને મેનેજમેન્ટ 18

સંબંધિત IFC ધોરણો.... 18

CAO નોન-કમ્પ્લાયન્સના તારણો 19

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-1015 19

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015-2017 19

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: માછીમારી સમુદાય પર અસરોનો નિષ્કર્ષ.... 20

2.2 ફરિયાદનો મુદ્દો: માછીમાર સમુદાયો સાથે પરામર્શ 21

સંબંધિત IFC ધોરણો.... 21

CAO નોન-કમ્પ્લાયન્સના તારણો 21

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-2015.... 22

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015-2017 22

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: સમુદાય પરામર્શોનો નિષ્કર્ષ 22

2.3 ફરિયાદનો મુદ્દો: જમીન સંપાદન અને વિસ્થાપન.... 24

સંબંધિત IFC ધોરણો.... 24

CAO નોન-કમ્પ્લાયન્સના તારણો 25

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-2015.... 25

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015-2017 26

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: જમીન વિસ્થાપનનો નિષ્કર્ષ.... 26

2.4 ફરિયાદનો મુદ્દો: હવાની ગુણવત્તા 27

સંબંધિત IFC કાર્યક્ષમતાના ધોરણો 27
CAO નોન-કમ્પલાયન્સનાં નિષ્કર્ષ અને IFCનો પ્રતિભાવ 28
2.4.1 આસપાસની હવાની ગુણવત્તા 28
2.4.2 સ્ટેક એમિશન્સ 31
2.4.3 કોલસાની રાખની રેડિયોએક્ટિવિટી 32
CAO તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: હવા ગુણવત્તા મુદ્દાઓ પર નિષ્કર્ષ 33
2.5 ફરિયાદનો મુદ્દો: દરિયાઈ અસરો 33
સંબંધિત IFC ધોરણો 33
CAO નોન-કમ્પલાયન્સનો નિષ્કર્ષ 34
2.5.1 થર્મલ પ્લુમ 35
2.5.2 જૈવિક વિવિધતાનું મૂલ્યાંકન અને દેખરેખ 36
2.5.3 કાચબાનું નિરીક્ષણ 36
2.5.4 માછલી પકડવાનો ડેટા એકત્ર કરવો 37
તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: દરિયાઈ અસરો પર નિષ્કર્ષ 37
2.6 ફરિયાદનો મુદ્દો: ઉત્તરોઉત્તર વધતી અસરો 38
સંબંધિત IFC ધોરણો 38
CAO નોન-કમ્પલાયન્સનો નિષ્કર્ષ 39
પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-2015 39
દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015-2017 39
તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018 39
CAOનો ત્રીજો દેખરેખ સમયગાળો, 2017-2018: ઉત્તરોઉત્તર વધતી અસરો પર નિષ્કર્ષ 40
2.7 ફરિયાદનો મુદ્દો: પ્રોજેક્ટની દેખરેખ 40
સંબંધિત IFC ધોરણો 40
2.7.1 પ્રોજેક્ટ-સ્તરનું E&S દેખરેખ અને નિરીક્ષણ માળખું 41
2.8 CGPL-02 ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા વધારાના મુદ્દાઓ: સુરક્ષા દળો અને પ્રોજેક્ટ માળખા સંબંધિત અસરો 41
2.8.1 સુરક્ષા દળોનો ઉપયોગ 41
2.8.2 પ્રોજેક્ટ માળખાની સલામતી 42
4. 2017–2018 CAO મોનિટરિંગ: નિષ્કર્ષ 43
પરિશિષ્ટ 1: CAOની માર્ચ 2025ની ફિલ્ડ વિઝિટ: ફિડબેકનો સાર 45

Acronyms

ADB	Asian Development Bank
AMR	Annual Monitoring Report
BNHS	Bombay Natural History Society
CAO	Compliance Advisor Ombudsman
CGPL	Coastal Gujarat Power Limited
CPCB	Central Pollution Control Board
CSR	Corporate Social Responsibility
DOTS	Development Outcome Tracking System
EIA	Environmental Impact Assessment
E&S	Environmental & Social
ESAP	Environmental & Social Action Plan
ESRP	Environmental & Social Review Procedures
ESRS	Environmental & Social Review Summary
GN	Guidance Note
GPCB	Gujarat Pollution Control Board
GOI	Government of India
IFC	International Finance Corporation
MASS	*Machimar Adhikar Sangharsh Sangathan* (complainant NGO)
MOEF&CC	Ministry of Environment, Forests & Climate Change
MIGA	Multilateral Investment Guarantee Agency
MW	megawatts
NAAQS	National Ambient Air Quality Standards
NIO	National Institute of Oceanography
NO_x	Nitrogen oxides
$PM_{2.5}$	Particulate matter with a mean aerodynamic diameter of 2.5µm
PM_{10}	Particulate matter with a mean aerodynamic diameter of 10µm
PS	IFC Performance Standard
SO_2/SO_x	Sulfur dioxide/oxides of sulfur
VDAC	Village Development Advisory Committee

કાર્યકારી સારાંશ

આ મોનિટરિંગ રિપોર્ટ, *2017-2018* દરમિયાન *IFC*ના કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ(*CGPL),* ભારતમાં રોકાણના *CAO*ના *2013*ના ઓડિટના તારણોના પ્રતિભાવમાં *IFC*એ લીધેલા પગલાંઓને આવરી લે છે.[1] આ ઓડિટ રિપોર્ટ સ્થાનિક માછીમારો દ્વારા કરવામાં આવેલ બે ફરિયાદો(*2011* અને *2016)*માં *IFC*-સમર્થિત કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટની પર્યાવરણીય અને સામાજિક(*E&S)* અસરો અંગે ઉઠાવેલી ચિંતાઓના જવાબમાં તૈયાર કરવામાં આવ્યો હતો, જેમાં માછલીના રહેઠાણ અને મેન્ગ્રોવ્સ(ચેર)ને નુકસાન, દરિયાકાંઠાનું ધોવાણ, વાયુ પ્રદૂષણ અને તેના કારણે તેમની આજીવિકા અને આરોગ્ય પર થતી અસરોનો સમાવેશ થાય છે. *CAO* મોનિટરિંગ એ બાબતની પુષ્ટિ કરે છે કે *IFC*એ *2013*માં *CGPL* સાથે પ્રોજેક્ટ-સંબંધિત કરેલા *E&S* અભ્યાસો પર કામ કરવા માટેની મોટાભાગની પ્રતિબદ્ધતાઓનું અમલીકરણ કર્યું છે. જોકે, આ પ્રયાસોએ ફરિયાદીઓની બાબતો પર ઓડિટના તારણોને સંબોધિત કર્યા ન હતા. ક્લાયન્ટ દ્વારા *2018*માં *IFC*ને લોનની પૂર્વચુકવણી કરી, નાણાંકીય સંબંધ પૂર્ણ કર્યો, અને *IFC*એ *CAO* ઓડિટનાં તારણોને સંબોધવા માટે આગળ કોઈ પગલાં લીધા નહી. પરિણામે, *CAO* એ આ મોનિટરીંગ પ્રક્રિયા બંધ કરવાનો નિર્ણય લીધો છે, એ બાબતની નોંધ લઇને કે *IFC*ના પગલાં *CAO*ના નોન-કમ્પલાયન્સના તારણોને સંબોધવા માટે અપૂરતા હતા.

આ રિપોર્ટ વિશે

CAOની કમ્પલાયન્સ પ્રક્રિયામાં મોનિટરિંગ એ છેલ્લો તબક્કો છે, જે CAOને એ બાબતનું મૂલ્યાંકન કરવા સક્ષમ બનાવે છે કે શું તેના કમ્પલાયન્સના તારણોનું IFC/MIGA મેનેજમેન્ટ દ્વારા પ્રોજેક્ટ અને આયોજનબદ્ધ સુધારામાં રૂપાંતરિત થયા છે. આ રિપોર્ટ વાચકને વિવિધ મોનિટરિંગ પ્રયાસોનો એકંદર દૃષ્ટિકોણ અને અગાઉના મોનિટરિંગ પ્રયાસોનો સાર પ્રદાન કરે છે.

જ્યારે CAO એ ઓક્ટોબર 2013માં ભારતમાં કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (CGPL)માં IFCના રોકાણના ઓડિટમાં IFC દ્વારા નોન-કમ્પલાયન્સના તારણો કાઢ્યા હતા ત્યારબાદ 2014માં આ કેસમાં મોનિટરીંગની શરૂઆત થઈ હતી.[2] 25 નવેમ્બર, 2013ના રોજ, IFC એ એક નિવેદન પ્રકાશિત કર્યું અને CAOના તારણોનો જવાબ આપવા અને "સ્થળાંતરિત માછીમારી સમુદાયો સહિત અસરગ્રસ્ત સમુદાયોની ચિંતાઓને સંબોધવા" માટે એક એક્શન પ્લાન(AP) તૈયાર કર્યો. CAOનાં મોનિટરીંગનાં કેન્દ્રમાં IFCની તેના એક્શન પ્લાનની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવાની બાબત છે.

[1] The term "Audit" was kept for consistency with the CAO Operational Guidelines (2013), which were in force at the time that this case was processed. The term "Audit" was replaced by "investigation" with the approval of the IFC/MIGA Independent Accountability Mechanism (CAO) Policy, which became effective on July 1, 2021, and replaced CAO's Operational Guidelines. CAO completed the Audit of IFC's investment in CGPL and this monitoring report under the CAO Operational Guidelines (2013), which apply to this case under the Transitional Arrangements of the 2021 CAO Policy for ongoing cases. The 2013 Operational Guidelines provide that in cases where IFC/MIGA is/are found to be out of compliance, CAO will monitor the situation until actions taken by IFC/MIGA assure CAO that IFC/ MIGA is addressing the noncompliance. CAO published a first monitoring report in January 2015 and a second monitoring report in February 2017.

[2] See https://www.cao-ombudsman.org/cases/india-tata-ultra-mega-01mundra-and-anjar

આ કેસમાં CAOનો આ ત્રીજો મોનિટરિંગ રિપોર્ટ છે, અગાઉના મોનિટરિંગ રિપોર્ટ જાન્યુઆરી 2015 અને ફેબ્રુઆરી 2017માં પ્રકાશિત થયા હતા. આ છેલ્લો રિપોર્ટ છે જે 2017-2018ને આવરી લે છે, જે વાસ્તવિક રીતે 2019ની શરૂઆતમાં પુરો થયો હતો, પરંતુ સક્રિય દાવાને કારણે CAO દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો ન હતો(વિગતો માટે બોક્સ જુઓ). અગાઉના રિપોર્ટ્સ પછીના લાંબા વિલંબને ધ્યાને રાખીને, આ રિપોર્ટમાં તે અગાઉના મૂલ્યાંકનોમાંથી મુખ્ય મુદ્દાઓ સામેલ કરવામાં આવ્યાં છે.

પદ્ધતિ: CAO એ ઓક્ટોબર **2018** સુધી ઉપલબ્ધ પ્રોજેક્ટ દસ્તાવેજોની સમીક્ષા કરી અને **IFC**, ક્લાયન્ટ અને ફરિયાદીના પ્રતિનિધિઓ સાથે ટેલિફોન ઇન્ટરવ્યુ લીધા. જ્યાં સંબંધિત હોય ત્યાં, **CAO**એ એશિયન ડેવલપમેન્ટ બેંકના ઓફિસ ઓફ કમ્પ્લાયન્સ રિવ્યૂના અહેવાલોમાં રજૂ કરેલી માહિતીનો ઉલ્લેખ કર્યો છે, જેને પણ પ્રોજેક્ટ વિશે ફરિયાદ મળી હતી. **CAO** એ માર્ચ **2025**[3] માં એક મોનિટરિંગ મિશન પણ હાથ ધર્યું હતું, જેમાં મુન્દ્રા બંદર પ્લાન્ટની નજીક સ્થિત ફરિયાદીઓના સમુદાયોની ફિલ્ડ વિઝિટનો સમાવેશ થતો હતો. આ વિઝિટમાંથી મળેલી વિગતો આ રિપોર્ટમાં શું આપે છે તેની વિગતો નીચેના બોક્સમાં છે.

રિપોર્ટનાં પ્રકાશનમાં વિલંબ કરવાનો નિર્ણય

આ અહેવાલનો અંતિમ મુસદ્દો, જે IFC દ્વારા તેના એક્શન પ્લાનના અમલીકરણનું વિશ્લેષણ કરે છે, તે વાસ્તવિક રીતે CAO દ્વારા 2019ની શરૂઆતમાં પૂરો કરવામાં આવ્યો હતો. CAO એ પ્રકાશનને મુલતવી રાખવાનું પસંદ કર્યું કારણ કે, તે અસરગ્રસ્ત સમુદાયો અને IFCને લાગતી વળગતી યુ.એસ. ફેડરલ કોર્ટની સક્રિય દાવા કાર્યવાહી સાથે સુસંગત હોત. ડી.સી. ડિસ્ટ્રિક્ટ કોર્ટ ઓફ અપીલ્સમાં 2021માં કાનૂની કાર્યવાહી પૂર્ણ થઈ અને સુપ્રીમ કોર્ટે 2022માં બીજી વખત કેસની સમીક્ષા કરવાનો ઇનકાર કર્યો.

CAO ફિલ્ડ વિઝિટ, માર્ચ 2025

માર્ચ 2025માં, CAO એ પ્રોજેક્ટ ફિલ્ડ વિઝિટ કરી, ફરિયાદીઓ, તેમના પરિવારો અને 10 અસરગ્રસ્ત સમુદાયોના અન્ય સભ્યો સાથે બેઠકો યોજી, જે ગુજરાન ચલાવવા માટે માછીમારી અને ખેતી કરે છે. આ ફિલ્ડ વિઝિટથી CAOને 2013ના ઓડિટમાં મહત્વપૂર્ણ દૃષ્ટિ મળી અને 2017-2018ના મોનિટરિંગ રિપોર્ટના ડ્રાફ્ટના મૂલ્યાંકન અને નિષ્કર્ષોની પુષ્ટિ થઈ. તેનાથી CAOને ફરિયાદીઓની વર્તમાન પરિસ્થિતિને વધુ વ્યાપક રીતે સમજવામાં પણ મદદ મળી. CAOની ફિલ્ડ વિઝિટ દરમિયાન એકત્રિત કરવામાં આવેલા મુખ્ય પ્રતિસાદનો સાર પરિશિષ્ટ 1માં ઉપલબ્ધ છે.

IFCના રોકાણ અને સમુદાયની ફરિયાદ

કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ(CGPL અથવા કંપની/ક્લાયન્ટ), ટાટા પાવર કોર્પોરેશન લિમિટેડ(ટાટા પાવર)ની પેટાકંપની છે, તે ભારતના ગુજરાત રાજ્યના મુન્દ્રા બંદરની બહાર 4,150MWનો પાવર પ્લાન્ટ ચલાવે છે. આ પ્લાન્ટ ઊર્જા-કાર્યક્ષમ સુપરક્રિટિકલ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે અને પાંચ ભારતીય રાજ્યોમાં વીજળી પૂરી પાડવા માટે ઇન્ડોનેશિયા અને અન્ય દેશોની ખાણોમાંથી કોલસો મેળવે છે.

[3] CAO attempted in 2017 and 2018 to undertake a site visit as part of its monitoring effort, but did not receive the requested permission from the Government of India.

ભારતમાં જે સમયે 400 મિલિયન લોકો વીજળીથી વંચિત હતા ત્યારે ભરોસાપાત્ર વીજળીની પહોંચ વધારવા માટે IFCએ 2.4 બિલિયન યુએસ ડોલરના પ્રોજેક્ટના વિકાસને ટેકો આપ્યો હતો. IFCએ 2008માં CGPLમાં US$ 450 મિલિયનની લોનનું રોકાણ કર્યું હતું અને તેના લાંબાગાળાના ધિરાણથી અન્ય આંતરરાષ્ટ્રીય અને ભારતીય સંસ્થાઓ પાસેથી નાણાં મેળવવામાં મદદ મળી હતી. થર્મલ એનર્જી પ્લાન્ટ 2013માં કાર્યરત થયો હતો અને IFCનું સક્રિય રોકાણ સપ્ટેમ્બર 2018માં જ્યારે CGPL એ લોન ચૂકવી દીધી ત્યારે સમાપ્ત થયું હતું.

2011માં, CAOને માછીમાર અધિકાર સંઘર્ષ સંગઠન(એસોસિએશન ફોર ધ સ્ટ્રગલ ફોર ફિશવર્કર્સ રાઇટ્સ અથવા MASS) તરફથી પ્રોજેક્ટ બાંધકામ સ્થળની નજીક રહેતા માછીમાર લોકોનું પ્રતિનિધિત્વ કરતી ફરિયાદ(CGPL-01) મળી હતી. ફરિયાદમાં માછીમાર સમુદાયો પર વ્યાપક અસરોનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેમાં પાણીની ગુણવત્તા અને માછલીઓની વસ્તીમાં ઘટાડો, માછીમારી અને સૂકવણીના સ્થળો પર જવામાં અવરોધ, માછીમારોનું બિનસ્વૈચ્છિક સ્થળાંતર, નબળી હવાની ગુણવત્તા અને કુદરતી રહેઠાણોના વિનાશનો સમાવેશ થાય છે. ફરિયાદીઓએ દલીલ કરી હતી કે, આ અસરોને અપૂરતી રીતે ઓળખવામાં અને તેને ઘટાડવામાં આવી હતી, અને CGPL તેમજ અન્ય સ્થાનિક ઉદ્યોગોના વિકાસને કારણે થતી અસરોનું પર્યાપ્ત મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું.

૨૦૧૬માં, પ્લાન્ટની નજીક આવેલ ત્રગડી ગામના રહેવાસીઓ દ્વારા IFCના રોકાણ અંગે CAOને બીજી ફરિયાદ(CGPL-02) કરવામાં આવી હતી. તેમણે પ્લાન્ટના આઉટફોલ ચેનલની પર્યાવરણ અને માછીમારીના વ્યવસાય પર થતી અસરો વિશે ચોક્કસ ચિંતાઓ વ્યક્ત કરી હતી, જેમાં જળ સંસાધનોની મર્યાદિત પ્રાપ્યતા, દરિયાકાંઠાનું ધોવાણ અને માછલીના પ્રમાણ અને કુદરતી રહેઠાણોને નુકસાનનો સમાવેશ થાય છે. તેમની આ ચિંતાઓને કારણે, CAOએ 2017 બે ફરિયાદોને એક કેસમાં ભેગી કરી.

પ્રથમ અને દ્વિતિય દેખરેખ સમયગાળો, 2013-1017: અગાઉની દેખરેખના અવલોકનો

ઓક્ટોબર 2013માં પ્રકાશિત CGPL-01 ફરિયાદના CAO ઓડિટમાં, IFCની રોકાણ પૂર્વેની સમીક્ષા અને પ્રોજેક્ટ-સંબંધિત E&S મુદ્દાઓની દેખરેખના સંદર્ભમાં નોન-કમ્પલાયન્સ જોવા મળ્યું. આ સાત ક્ષેત્રોને આવરી લે છે જે ત્યારથી CAO દેખરેખને આધીન છે:

1. પર્યાવરણીય અને સામાજિક(E&S) સમીક્ષા અને અસર મૂલ્યાંકન
2. માછીમારી સમુદાયો સાથે પરામર્શ
3. જમીન સંપાદન
4. હવાની ગુણવત્તાની જરૂરિયાતો
5. દરિયાઈ અસરો
6. ઉત્તરોઉત્તર વધતી જતી અસરો
7. પ્રોજેક્ટ મોનિટરિંગ

૨૫ નવેમ્બર, ૨૦૧૩ના રોજ, IFCએ એક એક્શન પ્લાન પ્રકાશિત કર્યો, જેમાં CGPLને હવાની ગુણવત્તા, માછલી પકડવા અને દરિયાકાંઠાની જૈવિક વિવિધતા સહિતના ફરિયાદ મુદ્દાઓ પર સ્વતંત્ર અભ્યાસ કરવા અને જ્યાં પ્રતિકૂળ અસરોની ઓળખ થઈ હોય ત્યાં ઉપચારાત્મક પગલાં લેવા માટે પ્રતિબદ્ધ કરવામાં આવ્યું.

CAOએ જાન્યુઆરી 2015માં નોન-કમ્પલાયન્સ તારણો પર IFCના પ્રતિભાવનો પહેલો મોનિટરિંગ રિપોર્ટ બહાર પાડ્યો. તેમાં નોંધ્યું હતું કે, IFC દ્વારા રિપોર્ટ કરાયેલ ટેકનિકલ અભ્યાસો કમિશન કરવાના પગલાં CAOના 2013ના તારણોને સંબોધવા માટે અપૂરતા હતા. ફેબ્રુઆરી 2017માં, CAOએ બીજો મોનિટરિંગ રિપોર્ટ ઇસ્યુ કર્યો, જેમાં ફરીથી IFC દ્વારા રિપોર્ટ કરવામાં આવેલ પગલાં અપૂરતા જણાયા. પરિણામે CAO એ કેસ ખુલ્લો રાખવાનો નિર્ણય લીધો.

સપ્ટેમ્બર 2017માં, CAO એ CGPL-01 અને CGPL-02 ફરિયાદોનું ભેગી કરી, જેમાં ત્રગડીનાં ગ્રામજનો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને CGPL- 01 અંતર્ગત IFCની કાર્યવાહીની ચાલુ દેખરેખમાં સામેલ કરવામાં આવ્યા. આ ફરિયાદોના પક્ષકારોને આ રિપોર્ટમાં સંયુક્ત રીતે "ફરિયાદીઓ" તરીકે સંબોધવામાં આવ્યા છે.

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-1018: CAOના અવલોકનો

2017-2018નાં દેખરેખ સમયગાળા દરમિયાન, IFCએ તેના ક્લાયન્ટ સાથે મળીને CAOના 2013ના ઓડિટ તારણોને સંબોધવા માટે વિવિધ અભ્યાસો અને પહેલો હાથ ધર્યા હતાં. જ્યારે આ પ્રયાસોએ ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ સાથે સંલગ્નતા દર્શાવી, CAOના મોનિટરીંગમાં જાણવા મળ્યું કે તેને ઓડિટમાં ઓળખાયેલ નોન-કમ્પલાયન્સને દૂર કરી નથી કે ફરિયાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી મુદ્દાઓને સંબોધિત કર્યા નથી.

1. પર્યાવરણીય અને સામાજિક અસરોનું મૂલ્યાંકન: IFCના ક્લાયન્ટે 21 ગામડાઓ અને સંકળાયેલ આજીવિકા અભ્યાસોમાં થર્ડ-પાર્ટી સામાજિક-આર્થિક સર્વેક્ષણ શરૂ કર્યું. જો કે, આ અહેવાલો પ્રોજેક્ટ પછીના સમયગાળાની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ રજૂ કરે છે, અને એવા કોઈ પુરાવા નથી કે તેમણે માછીમારી સમુદાયો, ખાસ કરીને સિઝનમાં ત્યાં રહેતા માછીમારી સમુદાય પર પ્રોજેક્ટની અસરોનું દસ્તાવેજીકરણ કર્યું હોય.

2. પરામર્શ: IFCએ CAOને જાણ કરી કે તેના ક્લાયન્ટ દ્વારા ગ્રામ વિકાસ સલાહકાર સમિતિઓની સ્થાપના કરવામાં આવી છે અને નિયમિત સમુદાય જોડાણોની જાણ કરવામાં આવી છે. છતાં, ફરિયાદીઓએ દલીલ કરી હતી કે તેમની સાથે અર્થપૂર્ણ રીતે પરામર્શ કરવામાં આવ્યો નથી, અને CAOએ એ વાતની નોંધ લીધી છે કે બધા અસરગ્રસ્ત જૂથો સાથે અસરકારક જોડાણના દસ્તાવેજીકરણ અપૂરતા હતા. ફરિયાદીઓ એ પણ દાવો કરે છે કે તેમને IFCના એક્શન પ્લાન અંતર્ગત તૈયાર કરાયેલા વિવિધ અભ્યાસોની પણ તેમને પ્રાપ્યતા નથી.

3. જમીન સંપાદન અને આર્થિક વિસ્થાપન: CGPLએ 24 ઓળખ કરાયેલા પગડિયા માછીમારો માટે આજીવિકા સુધારણા આયોજન વિકસાવ્યુ હતું.[4] જોકે, પસંદગીના માપદંડો બાકાત રાખવામાં આવ્યા હતા, અને આર્થિક વિસ્થાપનના વ્યાપક મુદ્દાઓ સંબોધવામાં આવ્યા ન હતાં.

4. હવાની ગુણવત્તા: IFCએ અહેવાલ આપ્યો છે કે, તેના ક્લાયન્ટ દ્વારા પ્લાન્ટની કોલસા કન્વેયર સિસ્ટમને અપગ્રેડ કરવા, ધૂળને દબાવવા માટે પાણીના છંટકાવ સ્થાપિત કરવા અને હવાની ગુણવત્તાનાં ડેટાને જાહેરમાં ડિસપ્લે કરવા સહિતના પગલાં અમલમાં મૂકવામાં આવ્યાં છે. જો કે, સાઇટનાં અન્ય સ્થળોએ PM10 ધોરણોનું વારંવાર ઉલ્લંઘન નોંધાયું હતું, અને CGPL દ્વારા ડિગ્રેડેડ એરશેડ માટેની ઓફસેટ આવશ્યકતાઓ પૂર્ણ કરવામાં આવી ન હતી.

5. દરિયાઈ અસરો: IFCએ અહેવાલ આપ્યો છે કે, CGPL દ્વારા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશનોગ્રાફી સાથે મોડેલ કન્ફર્મેશન સ્ટડી અભ્યાસ શરૂ કર્યા હતા અને જૈવિક વિવિધતાના મૂલ્યાંકન પર IUCN સાથે ભાગીદારી કરી હતી. જ્યારે આ અભ્યાસોએ વધારાના ડેટા પૂરા પાડ્યા હતાં, ત્યારે તેમાં વિશ્વ બેંક જૂથની EHS માર્ગદર્શિકા દ્વારા જરૂરી વૈજ્ઞાનિક રીતે વ્યાખ્યાયિત મિશ્રણ ક્ષેત્ર સ્થાપિત કર્યું ન હતું કે દરિયાઈ જૈવવિવિધતા અને માછલીની ઉપલબ્ધતા પરની અસરોનું પર્યાપ્ત મૂલ્યાંકન કરાયુ ન હતું.

૬. ઉત્તરોઉત્તર વધતી અસરો: CGPLએ પાવર પ્લાન્ટ માટે પ્રસ્તાવિત વિસ્તરણના ભાગરૂપે એક્શન પ્લાન અંતર્ગત ઉત્તરોઉત્તર વધતી અસરોનું મૂલ્યાંકન હાથ ધરવા માટે કટિબદ્ધતા દર્શાવી હતી. આ વિસ્તરણ ન થયું હતું અને CAOને મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું હોવાના કોઈ પુરાવા મળ્યા ન હતા.

7. પ્રોજેક્ટ મોનિટરિંગ: IFC E&S ધોરણો સાથે CGPLના કમ્પલાયન્સની વિગતો આપતા પ્રોજેક્ટ દસ્તાવેજીકરણમાં CAO ઓડિટ દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ નોન-કમ્પલાયન્સનો સમાવેશ થતો નથી કે પ્રોજેક્ટની E&S અસરોનું સંચાલન કરવા માટે માળખું પુરૂં પાડતું નથી, જેનું અસરકારક રીતે નિરીક્ષણ અથવા ઑડિટ કરી શકાય.

ફિલ્ડ વિઝિટ, માર્ચ 2025: CAOનાં અવલોકનો

કોલસા આધારિત પાવર પ્લાન્ટથી અસરગ્રસ્ત સમુદાયો પર્યાવરણીય ગુણવત્તા, માછલીના જથ્થામાં અને કૃષિ ઉત્પાદનમાં ઘટાડો તેમજ સામાજિક-આર્થિક મુશ્કેલીઓની ફરિયાદ કરી રહ્યા છે. તેમના જીવન અને આજીવિકા પર થતી ચોક્કસ વિપરિત અસરોમાં માછલી પકડવાના સ્તરમાં ઘટાડો, પકડેલી માછલીની ઓછી કિમંત આવવી, કુલિંગ વોટર ઇનટેક માળખાને કારણે માછલી ઉત્પાદનમાં ઘટાડો, ફ્લાય એશની ડસ્ટ(ધૂળ)ની ખેતી અને માછલી સૂકવવાની પ્રવૃત્તિને અસર, દરિયાકાંઠાના ધોવાણને કારણે વિસ્થાપન, અને ખારાશમાં વધારો થવાને કારણે પીવાના અને સિંચાઈના પાણીના પુરવઠાને નકસાન થાય છે. ત્યાં રહેતા લોકો શ્વસન રોગો જેવી આરોગ્ય સમસ્યાઓની પણ જાણ કરે છે, જેને તે હવાની ગુણવત્તામાં ઘટાડો અને ત્વચા પર ફોલ્લીઓ સાથે જોડે છે, તેઓ દાવો કરે છે કે આઉટફોલ ચેનલમાં દૂષકોના પરિણામે આ અસરો થાય છે.

[4] *Pagadiya* fishing refers to traditional hand and gill net fishing.

CAO મિશને એ બાબતની નોંધ લીધી હતી કે આ પ્રોજેક્ટ મુન્દ્રા પોર્ટ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં આવેલો છે, જે એક મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર છે જેમાં CGPL, બીજો કોલસા આધારિત મોટો થર્મલ પ્લાન્ટ, કન્ટેનર અને બલ્ક ટર્મિનલ્સ સાથે ભારતના સૌથી મોટા ખાનગી બંદરોમાંનો એક, અને ફૂડ પ્રોસેસિંગ, ટેક્સટાઇલ, સ્ટીલ અને સોલાર સાધનોનો ઉત્પાદન પ્લાન્ટ વગેરેનો સમાવેશ થાય છે. પરિણામે, મોટાભાગની ફરિયાદીઓની બાબતો એક જ પ્રોજેક્ટ કરતાં ઔદ્યોગિક વિકાસના ઉત્તરોઉત્તર વધતી પર્યાવરણીય અસરોને કારણે હોવાની શક્યતા વધારે લાગે છે. જો કે, કેટલાક લોકોએ રિપોર્ટ કર્યું હતું કે, ઘણીબધી અસરો IFC દ્વારા ભંડોળ આપવામાં આવેલ પ્રોજેક્ટને કારણે છે, જેમાંથી કેટલીક CAO ટીમનાં અવલોકન પણ આવી. જેમાં શામેલ છે:

- પ્લાન્ટના કુલિંગ વોટર આઉટફોલના નિકાલ પોઇન્ટ નજીક દરિયાકાંઠાનું નોંધપાત્ર ધોવાણ.
- આઉટફોલની આસપાસના વિસ્તારમાં ઉત્પાદક ઇકોસિસ્ટમનું અધઃપતન.
- પ્લાન્ટની કુલિંગ વોટર સિસ્ટમ માટે ઇનટેક સ્ક્રીનીંગ પ્રક્રિયાને કારણે માછલીના બચ્ચા અને અન્ય જળચર જીવોના વિનાશની જાણ કરવામાં આવી.
- પ્લાન્ટની આસપાસના વિસ્તારોમાં કોલસાની ધૂળ અને ફ્લાય એશન નિકાલ
- આઉટફોલમાંથી નીકળતા પાણીના સંપર્કમાં આવનાર માછીમાર સમુદાયના સભ્યોમાં ત્વચા પર બળતરા અને ફોલ્લીઓના કિસ્સાઓ.

આ અસરોને ઘટાડવાના પગલાં સારી રીતે સમજવામાં આવ્યાં છે. સૌથી મહત્વપૂર્ણ હસ્તક્ષેપોમાં શામેલ છે: (i) રિસર્ક્યુલેટિંગ કૂલિંગ વોટર સિસ્ટમમાં ફેરબદલી, જે કૂલિંગ વોટર આઉટફોલનાં પ્રવાહમાં થર્મલ અને રાસાયણિક પાણીના પ્રદૂષણને નોંધપાત્ર રીતે ઘટાડશે, જેનાથી દરિયાકાંઠાના ધોવાણ અને ઇનટેક વિસ્તારમાં માછલીઓના મૃત્યુનું પ્રમાણ ઘટાડશે; અને (ii) દરિયાકાંઠાના ધોવાણથી ગુમાવેલી જમીન અને નજીકના કિનારાના માછીમારી માટે જરૂરી ઇકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવા માટે દરિયાકાંઠાના સંરક્ષણ કાર્યક્રમનો અમલ કરવો.

નિષ્કર્ષ અને કેસનો અંત

CGPLએ સપ્ટેમ્બર 2018માં લોન સંપૂર્ણપણે ચૂકવી દીધી છે. ચુકવણી પહેલાં IFCને તેના ક્લાયન્ટ તરફથી કેટલીક સ્વૈચ્છિક પ્રતિબદ્ધતાઓ પ્રાપ્ત થઈ હતી, જે IFC અને CAO દ્વારા પ્રોજેક્ટના સતત દેખરેખ માટેનો આધાર પૂરો પાડે છે, તેમજ 2013ના એક્શન પ્લાન અંતર્ગત CAO દ્વારા પૂર્ણ થયા પછીની વિઝિટ, ભૂતપૂર્વ ક્લાયન્ટ સાથે કમર્શિયલ સંબંધનો અભાવ, તેમજ 2018માં IFCના છેલ્લા પ્રયાસ પછી વીતી ગયેલો સમય જોતા એ અસંભવિત લાગે છે કે IFC તેના 2013 એક્શન પ્લાનને[5] પૂર્ણ કરવા માટે કોઈપણ પ્રયાસો ફરી શરૂ કરશે અથવા CAO ઓડિટના તારણોને સંબોધશે. તેથી CAOએ આ મોનિટરીંગ પ્રક્રિયા બંધ કરવાનો નિર્ણય લીધો છે.

[5] CAO has not received confirmation of the completion of three studies and assessments committed to under the 2013 Action Plan: the laboratory analysis of dried fish samples, the independent or government validation of the NIO Model Confirmation Study, and the assessment of cumulative impacts and third-party risks. Additionally, the third phase of the turtle monitoring program was not shared with CAO.

CAOએ નોંધ્યું છે કે ફરિયાદીઓ, તેમના પરિવારો અને તેમના સમુદાયો માટે આ એક અસંતોષકારક પ્રક્રિયા રહી છે. સ્થાનિક રહેવાસીઓ અને માછીમારોએ IFCના આ રોકાણની પર્યાવરણીય અને સામાજિક અસરો વિશે પહેલી વાર પોતાની ચિંતાઓ રજૂ કર્યાને એક દાયકાથી વધુ સમય થઈ ગયો છે. અને આજે પણ, ફરિયાદીઓ આગ્રહ રાખે છે કે તેમના સ્વાસ્થ્ય અને આજીવિકા પરની અસરો વિશે તેમણે રજૂ કરેલી ચિંતાઓને અસરકારક રીતે સંબોધવામાં આવી નથી અને તેઓ આ પ્રતિકૂળ અસરોનો સામનો કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ફરિયાદીઓ કહે છે કે IFC દ્વારા વિવિધ અભ્યાસોની બાહેંધરી આપવામાં આવી હોવા છતાં, તેમને વાસ્તવિક પરિસ્થિતિમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. CAO ના દેખરેખ પ્રયાસો 2018 અને 2025ના મિશન દરમિયાન એ સ્થાપિત કરી શકાયું નહી કે એક્શન પ્લાનના ઇચ્છિત પરિણામો મળ્યા છે.

ભવિષ્ય તરફ જોતાં, CAO માને છે કે મુન્દ્રા વિસ્તારમાં દસ્તાવેજીત E&S પડકારોને સંબોધન કરવાથી સહયોગી અભિગમનો લાભ મળશે. સરકારી એજન્સીઓ, વિશ્વ બેંક અને ADB સહિત બહુપક્ષીય વિકાસ બેંકો, સ્થાનિક ઉદ્યોગો અને અસરગ્રસ્ત સમુદાયોનો સમાવેશ કરતા એક પ્રાદેશિક કાર્યક્રમ દ્વારા, ઇકોસિસ્ટમ પુનઃસ્થાપન, સુરક્ષિત પાણી પુરવઠા માટે માળખાકીય વિકાસ તેમજ અસરગ્રસ્ત સમુદાયો માટે ટકાઉ આજીવિકાની તકો દ્વારા ઔદ્યોગિકીકરણ અને વૃદ્ધિના ઉત્તરોઉત્તર વધતાં પ્રભાવોને સંબોધવામાં મદદ કરી શકે છે.

1. પૂર્વભૂમિકા

1.1 રિપોર્ટ વિશે

CAO **મોનિટરિંગ**

CAOની કમ્પલાયન્સ પ્રક્રિયામાં મોનિટરિંગ એ છેલ્લો તબક્કો છે, જે **CAO**ને એ મૂલ્યાંકન કરવાની તક આપે છે કે શું તેના કમ્પલાયન્સના તારણો **IFC/MIGA** મેનેજમેન્ટ દ્વારા પ્રોજેક્ટ અને સિસ્ટમિક સ્તરના સુધારામાં રૂપાંતરિત થયા છે કે નહી.

જ્યારે CAOએ ઓક્ટોબર 2013માં IFCના કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ(CGPL), ભારતમાં રોકાણના ઓડિટમાં IFCના નોન-કમ્પલાયન્સનો ખુલાસો કર્યો હતો ત્યારે આ કેસમાં 2014માં મોનિટરિંગ શરૂ થયુ હતું.[6] CAOના તારણોના પ્રતિભાવ રૂપે IFC દ્વારા એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો, અને CAO મોનિટરિંગ "સ્થળાંતરિત માછીમારી સમુદાયો સહિત અસરગ્રસ્ત સમુદાયો દ્વારા રજૂ કરાયેલ ચિંતાઓનો પ્રતિભાવ આપવા અને સંબોધવા" માટે IFCની MMP પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા માટે IFCનાં પગલાંઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું

કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ, ભારતમાં IFC રોકાણના 2013ના ઓડિટ પછી, મુન્દ્રા પાવર પ્રોજેક્ટ પર CAOનો આ ત્રીજો કમ્પલાયન્સ મોનિટરિંગ રિપોર્ટ છે.[7] આ રિપોર્ટ 2017-2018 દરમિયાન CAOના નોન-કમ્પલાયન્સ તારણો પર IFC દ્વારા આપવામાં આવેલા પ્રતિભાવો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અગાઉના મોનિટરિંગ રિપોર્ટ્સ જાન્યુઆરી 2015 અને ફેબ્રુઆરી 2017માં પ્રકાશિત થયા હતા. આ અંતિમ રિપોર્ટનું પ્રકાશન, કાનૂની દાવાને કારણે વિલંબિત થયું હતું(નીચે જુઓ). આ કેસમાં અગાઉના CAO રિપોર્ટ્સ પછીના લાંબા વિલંબને ધ્યાને રાખીને, આ મોનિટરિંગ રિપોર્ટ અગાઉના પ્રકાશિત રિપોર્ટ્સમાંથી મુખ્ય બાબતોનો સંદર્ભ આપે છે.

રિપોર્ટ પ્રકાશનમાં વિલંબ

આ રિપોર્ટનો અંતિમ મુસદ્દો, જેમાં IFC દ્વારા તેના એક્શન પ્લાનના અમલીકરણનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, તે મૂળ 2019ની શરૂઆતમાં CAO દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો હતો. તે સમયે, CAOએ આ પ્રકાશનને મુલતવી રાખવાનું પસંદ કર્યું, કારણ કે તે અસરગ્રસ્ત સમુદાયો અને IFCને સમાવતા યુ.એસ. ફેડરલ કોર્ટમાં સક્રિય મુકદ્દમા કાર્યવાહી સાથે સુસંગત હોત. ડી.સી. ડિસ્ટ્રિક્ટ કોર્ટ ઓફ અપીલ્સમાં આ કાનૂની કાર્યવાહી 2021માં પૂર્ણ થઈ અને સુપ્રીમ કોર્ટે 2022માં બીજી વખત કેસની સમીક્ષા કરવાનો ઇનકાર કર્યો.

6 See https://www.cao-ombudsman.org/cases/india-tata-ultra-mega-01mundra-and-anjar

7 CGPL case materials, including CAO's 2013 Audit report, IFC's response to the Audit and related materials are available on the CAO website. The CGPL-01 case page is available at https://goo.gl/3Z4uVX. The CGPL-02 case page is available at https://goo.gl/LMTNBn

CAO ફિલ્ડ વિઝિટ, માર્ચ 2025

માર્ચ 2025માં, CAO એ પ્રોજેક્ટ વિસ્તારની ફિલ્ડ વિઝિટ કરી. મુલાકાત દરમિયાન CAOએ ફરિયાદીઓ, તેમના પરિવારો અને 10 અસરગ્રસ્ત સમુદાયોના અન્ય સભ્યો સાથે મિટિંગ-પરામર્શ કર્યા, કે જે આજીવિકા માટે માછીમારી અથવા ખેતી કરે છે. ફિલ્ડ વિઝિટથી CAOને CAO ઓડિટ અને ડ્રાફ્ટ મોનિટરિંગ રિપોર્ટમાં માટે મહત્વપૂર્ણ સમજ મળી. તેનાથી CAOને ફરિયાદીઓની વર્તમાન પરિસ્થિતિ વિશે વધુ વ્યાપક સમજ મેળવવામાં પણ મદદ મળી. ફિલ્ડ વિઝિટથી 2017-2018ના ડ્રાફ્ટ મોનિટરિંગ રિપોર્ટના મૂલ્યાંકન અને નિષ્કર્ષોની પુષ્ટિ થઈ. પરિશિષ્ટ 1 CAOની ફિલ્ડ વિઝિટ દરમિયાન એકત્રિત કરવામાં આવેલા મુખ્ય ફીડબેકનો પ્રદાન કરે છે.

૧.૨ IFC રોકાણ અને પ્રોજેક્ટની વિગતો

2007માં, ટાટા પાવરની પેટા કંપની, કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડે(CGPL અથવા ક્લાયન્ટ) ભારતના ગુજરાત રાજ્યમાં આવેલ કચ્છ જિલ્લાના બંદર, મુન્દ્રામાં 4,150 મેગાવોટના કોલસા આધારિત પાવર પ્લાન્ટનો વિકાસ શરૂ કર્યો. મુન્દ્રા અલ્ટ્રા-મેગા પાવર પ્લાન્ટ(મુન્દ્રા UMPP અથવા પ્રોજેક્ટ) તરીકે ઓળખાતો આ પ્લાન્ટ કચ્છના અખાતથી 3 કિમી દૂર સ્થિત છે.

IFCના રોકાણ સમયે, પ્રોજેક્ટનો કુલ ખર્ચ US$ 4.14 બિલિયન હોવાનો અંદાજ હતો, જેમાંથી IFCએ A લોનના સ્વરૂપમાં US$ 450 મિલિયનનું ધિરાણ કર્યું હતું. IFCની ક્લાયન્ટ સાથે સીધો સંબંધ સપ્ટેમ્બર 2018 સુધી જ ચાલુ રહ્યો, જ્યારે CGPLએ તેની લોન ચૂકવી દીધી.

થર્મલ પ્લાન્ટમાં માર્ચ 2013માં સંપૂર્ણ કામગીરી શરૂ કરવામાં આવી, જે ઉર્જા કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે સુપરક્રિટિકલ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. આ પ્લાન્ટ ઇન્ડોનેશિયા અને અન્ય દેશોની ખાણોમાંથી કોલસો મેળવે છે. દેશનાં માંગ-પુરવઠાના તફાવતને પહોંચી વળવા માટે ભારત સરકારની વીજ ક્ષેત્રની વ્યૂહરચનાના ભાગ રૂપે આ પ્લાન્ટને વિકાસાવવામાં આવ્યો હતો. CGPL, 25 વર્ષના વીજ ખરીદી કરાર દ્વારા પાંચ રાજ્યો - ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, પંજાબ અને રાજસ્થાનમાં યુટિલિટીઝને વીજળી વેચે છે.[8]

આ પ્લાન્ટનું સ્થળ, એક સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની અંદર છે અને IFC ક્લાયન્ટે પર્યાવરણીય અસરોને ઘટાડવા માટે ઘણી હવા ઉત્સર્જન નિયંત્રણ સિસ્ટમ લાગુ કરી છે. આમાં શામેલ છે: (i) 99.9% કાર્યક્ષમતા સાથે ઉચ્ચ-કાર્યક્ષમતાવાળા ઇલેક્ટ્રોસ્ટેટિક પ્રિસિપિટેટર્સ (ESPs) સ્થાપિત કરવામાં આવ્યા છે જેથી ખાતરી કરી શકાય કે કણો(PM) ઉત્સર્જન 100 mg/Nm^3થી વધુ ન થાય; (ii) દહન દરમિયાન NO_xની રચના ઘટાડવા માટે રચાયેલ ઓછા નાઇટ્રોજન ઓક્સાઇડ(NO_x) બર્નર, NO_x ઉત્સર્જન ઘટાડે છે;

[8] IFC, Frequently Asked Questions: Coastal Gujarat Power Limited, Mundra, available at: https://web.archive.org/web/20240520094829/https://www.ifc.org/en/where-we-work/country/india/faqs-cgpl

(iii) ફ્લુ ગેસ ઉત્સર્જનનું સતત નિરીક્ષણ કરવા માટે સતત ઉત્સર્જન મોનિટરિંગ સિસ્ટમ, ઉત્સર્જન ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા અને રીઅલ-ટાઇમ ડેટા મૂલ્યાંકન સરળ બનાવવા માટે; અને (iv) ઇકોનોમાઇઝર આઉટલેટ પર ફ્લુ ગેસ ઓક્સિજન(O_2) અને કાર્બન મોનોક્સાઇડ(CO) સ્તરોનું નિરીક્ષણ કરવા માટે ફ્લુ ગેસ મોનિટરિંગ સિસ્ટમ્સ, શ્રેષ્ઠ દહન કાર્યક્ષમતા અને ઘટાડેલા ઉત્સર્જનની ખાતરી કરે છે.[9]

આ પ્લાન્ટ તેની કુલિંગ સિસ્ટમ માટે દરિયાઈ પાણીનો ઉપયોગ કરે છે, જેમાં એક ઇન્ટેક ચેનલ અને એક આઉટફોલ ચેનલનો સમાવેશ થાય છે.

૧.3 ફરિયાદો

પ્રથમ CGPL ફરિયાદ, 2011

જૂન 2011માં, CAOને માછીમાર અધિકાર સંઘર્ષ સંગઠન(MASS), જે પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સાઇટની નજીક રહેતા માછીમાર લોકોનું પ્રતિનિધિત્વ કરે છે તેમના તરફથી CGPLમાં IFCના રોકાણ અંગે ફરિયાદ (CGPL-01) મળી.[10] CGPL-01ના ફરિયાદીઓ પોતાને વાઘેર મુસ્લિમના લઘુમતી સમુદાયના હોવાનું જણાવે છે, જેમના માટે માછીમારી એક મહત્વપૂર્ણ પરંપરાગત આજીવિકા છે. ફરિયાદીઓ પોતાના ગામોથી લગભગ 6 કિમીથી 60 કિમીના અંતરે આવેલા બે દરિયાકાંઠાના માછીમારી તંબુઓ, ત્રગડી અને કોટડી બંદરોમાં સ્થળાંતર કરે છે, જે પાવર પ્લાન્ટના કુલિંગ વોટરનાં ઇનટેક અને આઉટફોલ ચેનલોની વચ્ચે અને પૂર્વમાં દિશામાં સ્થિત છે. તેઓ માછીમારીની મોસમ દરમિયાન આ વિસ્તારોમાં રહે છે, જે વર્ષમાં આઠથી નવ મહિના ચાલે છે. જ્યારે સરકારી નિયમો માછીમારી પર પ્રતિબંધ મૂકે છે ત્યારે ચોમાસાની ઋતુ દરમિયાન તેઓ તેમના ગામોમાં પાછા ફરે છે.

ફરિયાદમાં માછીમારી સમુદાયો પર પ્રોજેક્ટની સામાજિક અને પર્યાવરણીય અસરો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, ખાસ કરીને: પાણીની ગુણવત્તા અને માછલીઓની વસતીમાં ઘટાડો, માછીમારી અને સૂકવણીના સ્થળો સુધી પહોંચવામાં અવરોધો, માછીમારોનું બળજબરીથી સ્થળાંતર, હવાના ઉત્સર્જનને કારણે સમુદાયના સ્વાસ્થ્ય પર અસરો અને કુદરતી રહેઠાણો, ખાસ કરીને ચેરનો વિનાશ. ફરિયાદીઓએ એવી પણ દલીલ કરી હતી કે, IFC અને CGPLએ માછીમારી સમુદાયો પર થતી અસરોને પર્યાપ્ત રીતે ઓળખી અને સંબોધી નથી, અને પ્રોજેક્ટની ઉત્તરોઉત્તર વધતી અસરોનું પર્યાપ્ત મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું નથી.

બીજી CGPL ફરિયાદ, 2016

એપ્રિલ 2016માં, CAOને ત્રગડી ગામના રહેવાસીઓ અને ત્રગડી સી શોર ડેવલપમેન્ટ કમિટીના સભ્યો તરફથી CGPL મુન્દ્રા પાવર પ્લાન્ટ(CGPL- 02) વિશે બીજી ફરિયાદ મળી.

[9] ADB: Annual Environment & Social Monitoring Report (April 2012 to March 2013), Environmental and Social Performance Report September 2013 IND: Mundra Ultra Mega Power Project. https://www.adb.org/sites/default/files/project-documents//41946-014-esmr-05.pdf

[10] The June 2011 complaint from *Machimar Adhikar Sangharsh Sangathan* to CAO regarding the Tata Power/CGPL Ultra Mega Power Plant is linked with CGPL-01 documentation on the CAO website, available at https://goo.gl/vAPhGG.

આ ફરિયાદમાં સ્થાનિક માછીમાર સમુદાયો પર અને ખાસ કરીને "પગડિયા માછીમારો" પર પ્રોજેક્ટની સંભવિત અસરો અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી, જેમાં દરિયાઈ અસરો, દરિયાકાંઠાની પહોંચ, સમુદાય પરામર્શ અને સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.[11] સપ્ટેમ્બર 2017માં, CAOએ CGPL-02 ફરિયાદોનાં કમ્પ્લાયન્સનું મૂલ્યાંકન પૂર્ણ કર્યું. બંને ફરિયાદોમાં નોંધપાત્ર રીતે કમ્પ્લાયન્સના સમાન મુદ્દાઓ ઉઠાવ્યા હોવાથી, CAOએ CGPL-01 કેસ માટે ચાલુ મોનિટરિંગ પ્રક્રિયામાં કેસોને મર્જ કર્યા(CAO પ્રક્રિયાની સમજૂતી માટે નીચે જુઓ).

એડિશનલ લેન્ડર એકાઉન્ટેબિલીટી મિકેનિઝમ સમક્ષ સમુદાયની ફરિયાદો

૨૦૧૩માં, અન્ય એક પ્રોજેક્ટ રોકાણકાર, એશિયન ડેવલપમેન્ટ બેંક(ADB)એ અસરગ્રસ્ત સમુદાયો દ્વારા રજૂ કરાયેલી ફરિયાદો બાદ ટાટા મુન્દ્રા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટમાં તેના રોકાણના કમ્પલાયન્સની સમીક્ષા હાથ ધરી હતી.[12] ADB કમ્પલાયન્સ રિવ્યુ પેનલ(CRP)એ ૨૦૧૩ અને ૨૦૧૫ વચ્ચે તેની તપાસ હાથ ધરી હતી, જેમાં તારણ કાઢ્યું હતું કે ADBએ તેની પર્યાવરણીય અને સામાજિક સુરક્ષા નીતિઓનું કમ્પલાયન્સ કર્યું નથી. CRPએ નોન-કમ્પલાયન્સની ઘણી મુખ્ય બાબતોની ઓળખ કરી હતી, જેમાં અસરગ્રસ્ત સમુદાયો સાથે અપૂરતો પરામર્શ, પ્રોજેક્ટ-અસરગ્રસ્ત વ્યક્તિઓને ઓળખ યોગ્ય રીતે કરવામાં નિષ્ફળતા અને પર્યાવરણીય અને આજીવિકા પરની અસરોનું અપૂરતું મૂલ્યાંકન અને સંબોધનનો સમાવેશ થાય છે.[13] પ્રતિભાવમાં, ADBના બોર્ડે ઉપચારાત્મક પગલાંઓને મંજૂરી આપી હતી, જેનું નિરીક્ષણ CRP દ્વારા 2015થી 2018 દરમિયાન કરવામાં આવ્યું હતું. તેના છેલ્લાં મોનિટરિંગ રિપોર્ટમાં(સપ્ટેમ્બર ૨૦૧૮માં પ્રકાશિત), CRPએ કેટલીક પ્રગતિની નોંધ લીધી હતી, પરંતુ એ પણ નોંધ્યું હતું કે કેટલા મોટા ગેપ રહી ગયા છે - ખાસ કરીને માછીમારીના વિસ્તારની પહોંચના સંદર્ભે.[14]

1.4 **CAO પ્રક્રિયા**

પ્રારંભિક મૂલ્યાંકન પછી, CAOએ ફેબ્રુઆરી 2012માં CGPL-01 ફરિયાદને મૂલ્યાંકન માટે તેના કમ્પલાયન્સ યુનિટને મોકલી. જુલાઈ 2012માં, મૂલ્યાંકનમાં તારણ કાઢ્યું કે, ફરિયાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા ઘણા મુદ્દાઓ વધુ તપાસને પાત્ર છે અને CAOએ તેની ઓપરેશનલ ગાઇડલાઇન(2013) અંતર્ગત કમ્પલાયન્સ ઓડિટ શરૂ કર્યું.

૨૦૧૩ ઓડિટના તારણો

2013માં, CAOએ ફરિયાદમાં માછીમાર સમુદાયો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓની તપાસના આધારે તેનો કમ્પલાયન્સ ઓડિટ રિપોર્ટ પ્રકાશિત કર્યો.

[11] Refer to CAO's case webpage, India: Tata Ultra Mega-02/Tragadi Village (CGPL-02), available at https://goo.gl/dwVyLr. At the request of the complainants, CAO has not published the CGPL-02 complaint.[12] See: CRP, Mundra Ultra Mega Power Project, https://lnadbg4.adb.org/dir0035p.nsf/alldocs/RDIA-9CQ3SS?OpenDocument

[13] Specific concerns included disclosure of information and conduct of consultations; thermal discharge from the outflow channel and loss of livelihood of fisherfolk; sludge treatment and disposal; restricted access to fishing grounds, coal dust and fly ash pollution, and health risks linked to degraded ambient air quality. CRP, Final Report on Compliance Review Panel Request No.2013/1 on the Mundra Ultra Mega Power Project in India (ADB Loan 2419), March 2015, https://lnadbg4.adb.org/dir0035p.nsf/attachments/Mundra-CRPFinalReport-7Apr2015.pdf/$FILE/Mundra-CRPFinalReport-7Apr2015.pdf

[14] CRP, Third Annual Monitoring Report to the Board of Directors on the Implementation of Remedial Actions for the Mundra Ultra Mega Power Project in India (Asian Development Bank Loan 2419), September 4, 2018, available at: https://lnadbg4.adb.org/dir0035p.nsf/attachments/Mundra%203rd%20Monitoring%20Report-For%20Web.pdf/$FILE/Mundra%203rd%20Monitoring%20Report-For%20Web.pdf

મોટા અને જટિલ પ્રોજેક્ટના E&S પાસાઓના સંબંધમાં IFC અને CGPL દ્વારા કરવામાં આવેલા ખૂબ જ ખંતપૂર્વકના કાર્યની નોંધ લેવાની સાથે, CAO કમ્પલાયન્સ ઓડિટે ફરિયાદના મુખ્ય પાસાઓને પણ માન્ય રાખ્યા છે. ઓડિટના મુખ્ય તારણો પૈકી એક એ હતું, IFCનું E&S ડ્યુ ડિલિજન્સ પ્રોજેક્ટના જોખમો સાથે સુસંગત નહોતું, ઉદાહરણ તરીકે, પ્રોજેક્ટના E&S જોખમો અને અસરોનું મૂલ્યાંકન કરતી વખતે સંવેદનશીલ સમુદાયોને યોગ્ય રીતે ધ્યાને લેવામાં આવ્યા નહોતા.

CAOને હવા ગુણવત્તા, દરિયાઈ પર્યાવરણ, જમીનની પહોંચ અને પ્રોજેક્ટ મોનિટરિંગ પર લાગુ પડતા વિશ્વ બેંક જૂથના ધોરણો સાથે પ્રોજેક્ટ કમ્પલાયન્સ સુનિશ્ચિત કરવાના સંદર્ભે IFCના પ્રોજેક્ટ મોનિટરિંગમાં ઉણપો પણ મળી.[15] CAOના રિપોર્ટના જવાબમાં, IFC નવેમ્બર 2013માં "સ્થળાંતરિત માછીમારી સમુદાયો સહિત અસરગ્રસ્ત સમુદાયોને લગતાં મુદ્દાઓનો જવાબ આપવા અને સંબોધવા માટે" એક એક્શન પ્લાન પર સંમત થયા.[16]

IFCના 2013ના એક્શન પ્લાનમાં દર્શાવ્યા મુજબ, પાવર પ્લાન્ટ ઓપરેટરે થર્ડ-પાર્ટી અભ્યાસો અને મોનિટરિંગ પહેલોની શ્રેણી માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આમાં સામાજિક-આર્થિક સર્વેક્ષણો, દરિયાઈ અને જૈવવિવિધતા મૂલ્યાંકનો, હવા અને માછલીની ગુણવત્તાનું મોનિટરિંગ અને આસપાસના સમુદાયોમાં આરોગ્ય સર્વેક્ષણોનો સમાવેશ થતો હતો. તે સમયે, CGPL એક વિસ્તરણ પ્રોજેક્ટ પણ ચલાવી રહ્યું હતું અને IFC બોર્ડ દ્વારા રોકાણને મંજૂરી આપવામાં આવી ત્યારે અમલી 2006ના IFC પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ અનુસાર, થર્ડ-પાર્ટી જોખમો અને ઉત્તરોઉત્તર વધતી અસરોને સંબોધિત કરતો એક સંકલિત કમ્પલાયન્સ દસ્તાવેજ તૈયાર કરવા માટે સંમતિ આપી હતી. 2013ના એક્શન પ્લાનમાં વધુમાં જણાવાયું હતું કે, જો કોઈપણ અભ્યાસમાં પ્રતિકૂળ અસરોની ઓળખ થાય તો CGPL સંબંધિત હિસ્સેદારો અને નિષ્ણાંતો સાથે પરામર્શ કરીને સમસ્યાઓને સંબોધવાના યોગ્ય પગલાં વિકસાવશે.[17]

પ્રથમ અને દ્વિતિય દેખરેખ સમયગાળો, 2013-2017

CAO ઓપરેશનલ ગાઇડલાઇન અનુસાર, CAOએ નોન-કમ્પલાયન્સને સંબોધવા અને અસરગ્રસ્ત સમુદાયો દ્વારા રજૂ કરવામાં આવેલ સમસ્યાઓનો જવાબ આપવા માટે IFCનાં પગલાંઓનું મોનિટરિંગ કર્યું છે. CAOએ જાન્યુઆરી 2015માં પ્રથમ મોનિટરિંગ રિપોર્ટ અને ફેબ્રુઆરી 2017માં દ્વિતિય મોનિટરિંગ રિપોર્ટ પ્રકાશિત કર્યો.[18]

પ્રથમ મોનિટરિંગ રિપોર્ટમાં IFC દ્વારા લેવામાં આવેલા પગલાં CAOના તારણોને સંબોધવા માટે અપૂરતા હોવાનું જણાયું હતું. CAO એ બાબતની નોંધ લીધી હતી કે, તેના ઘણા તારણોમાં ફરિયાદીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રોજેક્ટની અસરોનું મૂલ્યાંકન અને સંબોધન કરવા માટે ઝડપી, સહભાગી અને સ્પષ્ટ રીતે પ્રતિકારક અભિગમની જરૂરિયાત સૂચવવામાં આવી હતી.

[15] CAO Audit of IFC Investment in Coastal Gujarat Power Limited, India, August 2013, https://www.cao-ombudsman.org/sites/default/files/downloads/CAOAuditReportC-I-R6-Y12-F160.pdf

[16] IFC 2013 Action Plan, https://www.cao-ombudsman.org/sites/default/files/downloads/IFCCGPLStatementandActionPlan.pdf

[17] IFC 2013 Action Plan.

[18] See: https://www.cao-ombudsman.org/cases/india-tata-ultra-mega-01mundra-and-anjar

જો કે, IFC એ ટેકનિકલ અભ્યાસો અને ક્લાયન્ટનાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી(CSR) પગલાંના કમિશનિંગ પર કામ કરવા માટે લેવામાં આવેલા પગલાંની જાણ કરી હતી.[19] દ્વિતિય મોનિટરિંગ રિપોર્ટમાં સમાન બાબતો વિશે ચિંતાઓ રજૂ કરવામાં આવી હતી.[20] CAOના અગાઉના મોનિટરિંગ રિપોર્ટના તારણોની વધુ વિગતો નીચે વિભાગ 3માં દરેક ફરિયાદના મુદ્દા હેઠળ આપવામાં આવી છે. ઓક્ટોબર 2018માં, IFCએ CAOને પુષ્ટિ કરી કે ક્લાયન્ટ દ્વારા લોનની ચૂકવણી પાછલા મહિને કરી દેવામાં આવી હતી. ત્યારબાદ IFC પ્રોજેક્ટના સીધા સંપર્કમાં નહોતું.

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018

આ ત્રીજો મોનિટરિંગ રિપોર્ટ 2017-2018 દરમિયાન CGPL-01 ફરિયાદના CAOના કમ્પ્લાયન્સ ઓડિટના તારણો અને CGPL-02 ફરિયાદના CAOના કમ્પ્લાયન્સ મૂલ્યાંકનમાં ઓળખાયેલા નવા મુદ્દાઓ પર IFCના પ્રતિભાવને સંબોધિત કરે છે. રિપોર્ટનું મૂલ્યાંકન મોટે ભાગે ઓક્ટોબર 2018 સુધી CAO દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધન પર આધારિત છે. જ્યારે CAOના 2025ના મિશનની પ્રોજેક્ટ સાઇટની વિઝિટના અવલોકનો પણ અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

૧.૫ પદ્ધતિ

CAOએ CGPLમાં IFCના રોકાણનું ઓડિટ અને CAO ઓપરેશનલ ગાઇડલાઇન(2013) અંતર્ગત આ મોનિટરિંગ રિપોર્ટ પૂર્ણ કર્યો છે, જે 2021 CAO નીતિની ટ્રાન્ઝિશનલ એરેન્જમેન્ટ્સ હેઠળ આ કેસ પર લાગુ પડે છે.[21] ઓપરેશનલ ગાઇડલાઇન અંતર્ગત, CAOની કમ્પ્લાયન્સ કામગીરી સંસ્થાઓના પર્યાવરણીય અને સામાજિક(E&S) દેખાવને સુધારવાના હેતુથી IFC અને MIGA પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન અને ઓડિટ કરે છે. એવા કિસ્સાઓમાં જ્યાં IFC/MIGA કમ્પ્લાયન્સની બહાર હોવાનું જણાય, જ્યાં સુધી IFC/MIGA દ્વારા લેવામાં આવેલા પગલાં CAOને ખાતરી ન આપે કે IFC/MIGA નોન-કમ્પ્લાયન્સનો ઉકેલ લાવી રહ્યું છે ત્યાં CAO સુધી પરિસ્થિતિનું મોનિટરિંગ કરશે.[22]

CGPL-01 કેસનો આ ત્રીજો મોનિટરિંગ રિપોર્ટ 2017-2018 દરમિયાન IFC દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાંઓની સમીક્ષા પર આધારિત છે. 2017-2018 મોનિટરિંગ સમયગાળા દરમિયાન, IFCએ એક સાઇટ વિઝિટ લીધી, અને ક્લાયન્ટના 2016-2017ના વાર્ષિક મોનિટરિંગ રિપોર્ટની સમીક્ષા કરી.

[19] CAO, Monitoring of IFC's Response to: CAO Audit of IFC Investment in Coastal Gujarat Power Limited, India, January 2015, https://www.cao-ombudsman.org/sites/default/files/downloads/CGPLmonitoringreportJanuary2015.pdf

20 CAO, Second Monitoring Report of IFC's Response to: CAO Audit of IFC Investment in Coastal Gujarat Power Limited, India, February 2017, https://www.cao- ombudsman.org/sites/default/files/downloads/CGPLSecondCAOMonitoringReportFebruary2017.pdf

[21] See CAO Transitional Arrangements for CAO cases, available at: https://www.cao-ombudsman.org/news/transitional-arrangements-cao-cases.

[22] CAO Operational Guidelines, 2013, para. 4.4.6, available at: https://www.cao-ombudsman.org/sites/default/files/downloads/CAOOperationalGuidelines2013_ENGLISH_0.pdf.

CAOના મોનિટરિંગમાં ઓક્ટોબર 2018 સુધી CAO પાસે ઉપલબ્ધ દસ્તાવેજોની સમીક્ષાનો સમાવેશ થાય છે. CAOએ 2013 ઓડિટના તારણોને સંબોધવા માટે જાન્યુઆરી 2017થી ઓક્ટોબર 2018 દરમિયાન લેવામાં આવેલા પગલાંના સંદર્ભમાં IFC પાસેથી વધારાના દસ્તાવેજોની વિનંતી કરી હતી, પરંતુ પ્રોજેક્ટ E&Sની વધુ માહિતી પૂરી પાડવામાં આવી ન હતી. તેથી, આ સમયગાળા માટે CAOના કમ્પ્લાયન્સ દેખરેખની માહિતી મુખ્યત્વે IFC, ક્લાયન્ટ અને ચોક્કસ ફરિયાદી પ્રતિનિધિઓ સાથે ટેલિફોનિક ઇન્ટરવ્યુ દ્વારા આપવામાં આવી હતી. CAOએ ક્લાયન્ટની વેબસાઇટ પરના જાહેર દસ્તાવેજો અને ADB ઇન્ડિપેન્ડન્ટ એકાઉન્ટેબિલીટી મિકેનિઝમના રિપોર્ટ્સની માહિતીની પણ સમીક્ષા કરી હતી.[23] CAO દ્વારા ગુજરાત સરકારના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(GPCB) પાસેથી સ્થાનિક અને રાષ્ટ્રીય ધોરણો સામે પ્લાન્ટના 2015થી 2017 દરમિયાન પર્યાવરણીય પ્રદર્શન સંબંધિત દેખરેખ રિપોર્ટ્સની નકલો મેળવવામાં આવી હતી.

2017-2018 દરમિયાન CAO દ્વારા કોઇ ફિલ્ડ વિઝિટ કરવામાં આવી ન હતી કારણ કે, CAOને ભારત સરકાર તરફથી જરૂરી પરવાનગીઓ મળી ન હતી. જોકે, ઓક્ટોબર 2024માં, CAOને ભારત સરકાર તરફથી પ્રોજેક્ટ સાઇટની મુલાકાત લેવાની મંજૂરી મળી. માર્ચ 2025માં આ ફિલ્ડ મિશન દરમિયાન, CAOએ ફરિયાદીઓ, તેમના પરિવારો અને 10 અસરગ્રસ્ત સમુદાયોના અન્ય સભ્યો સાથે મિટિંગો કરી હતી. CAOની ફિલ્ડ વિઝિટ દરમિયાન એકત્રિત કરવામાં આવેલા મુખ્ય પ્રતિસાદનો સાર પરિશિષ્ટ 1માં ઉપલબ્ધ છે.

[23] Mundra UMPP project safeguard documentation for the Asian Development Bank (ADB) is available at https://goo.gl/KbPUYE. ADB publishes the client's quarterly and annual E&S performance monitoring reports.

1.6 સાઇટ મેપ


INDIA
COASTAL GUJARAT POWER LTD
POWER PLANT AND OUTFALL CHANNEL
AUGUST2017
PAKISTAN
BANASKANTHA
SABARKANTHA
MEHSANA
GANDHINAGAR
Gandhinagar
CGPL Power Plant
PANCH-MAHALS
DAHOD
VADODARA
NARMADA
SURAT
THE DANGS
G.U JAR AT
STATE CAPITAL
STATE BOUNDARY
INTERNATIONAL BOUNDARY
ARABIAN SEA
Tragadi Village
CGPL Plant
Adani Power Plant
Coal Conveyer
Modhva Creek
Modhva Village
Outfall Channel
Shared Intake Channel
Weir
Kotadi Creek
Dredged Outfall (approximate location)
Tragadi Bunder
Kotadi Bunder (new)
Kotadi Bunder (old)
West Port
0
2 Kilometers
Scale approximate
Source for imagery: Bing Maps, Microsoft, 2017.
Tragadi Village
Adani Power Plant
CGPL Plant
Outfall Channel
Shared Intake Channel
Weir
Tragadi Bunder
Kotadi Bunder (new)
Kotadi Bunder (old)
Dredged Outfall
0
1 Kilometer
Source for imagery: Bing Maps, Microsoft, 2017.

૧.૭ કેસની સમયરેખા

2008

ડિસેમ્બર 2008

IFCએ કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડને $૪૫૦ મિલિયનની A લોન આપી.

2011

જૂન 2011

CAO સમક્ષ માછીમાર સમુદાયો વતી CGPL-01 ફરિયાદ દાખલ કરવામાં આવી.

ઓગસ્ટ-ઓક્ટોબર 2011

CAO ડિસ્પ્યુટ રેઝલ્યુશન ટીમો દ્વારા પ્રોજેક્ટ સાઇટ અને સમુદાયોની મુલાકાત.

2012

ફેબ્રુઆરી 2012

CAO કમ્પલાયન્સ કામગીરીમાં કેસ ટ્રાન્સફર.

જુલાઈ ૨૦૧૨

CAO કમ્પલાયન્સ મૂલ્યાંકન પૂર્ણ.

2013

માર્ચ 2013

પાવર પ્લાન્ટ સંપૂર્ણપણે કાર્યરત.

ઓગસ્ટ 2013

CAO કમ્પલાયન્સ ઓડિટ પૂર્ણ થયું, IFC નોન-કમ્પલાયન્સનું દસ્તાવેજીકરણ.

નવેમ્બર 2013

ICAOનાં તારણોને સંબોધવા માટે IFC એક્શન પ્લાન આપે છે.

2015

જાન્યુઆરી 2015

CAOના તારણોના પ્રતિભાવમાં IFC દ્વારા પ્રથમ મોનિટરિંગ રિપોર્ટ પ્રકાશિત.

2017

જાન્યુઆરી 2017

CAO દ્વારા બીજો મોનિટરિંગ રિપોર્ટ પ્રકાશિત.

સપ્ટેમ્બર 2017

CAOએ પ્રોજેક્ટ સંબંધિત બીજી ફરિયાદ, CGPL-02નું કમ્પલાયન્સ મૂલ્યાંકન પૂર્ણ કર્યું; ચાલુ દેખરેખ માટે બે ફરિયાદોને મર્જ.

2018

સપ્ટેમ્બર 2018

CGPLએ IFCને બાકીની લોનની પૂર્વ ચુકવણી કરી, IFCના ક્લાયન્ટ સાથેના સીધા સંબંધનો અંત.

2025

જૂન ૨૦૨૫

CAOએ 2017-2018ના સમયગાળાને આવરી લેતો ત્રીજો મોનિટરિંગ રિપોર્ટ બહાર પાડ્યો, જે મૂળ 2019ની શરૂઆતમાં પૂર્ણ થયો હતો પરંતુ ચાલુ કાનૂની દાવાને કારણે તેને રોકી રાખવામાં આવ્યો હતો; કેસ બંધ.

2. CGPLમાં IFCના રોકાણ માટે ઓડિટ તારણોને સંબોધવા માટે IFCનાં પગલાઓનું CAO દ્વારા મૂલ્યાંકન

નીચે, CAOએ તેના ઓડિટ તારણોને સંબોધવા માટે IFC દ્વારા લેવાયેલ પગલાંઓનું મૂલ્યાંકન રજૂ કર્યું છે. દરેક વિભાગ CAOના ઓડિટના નોન-કમ્પ્લાયન્સના તારણો અને અગાઉના CAO મોનિટરિંગના પરિણામોનો સાર આપે છે. તે પછી 2017-2018ના મોનિટરિંગ સમયગાળા દરમિયાન IFCના પગલાંની સમીક્ષા કરે છે. CGPL-02 ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ જે CGPL-01 ફરિયાદમાં ઉઠાવવામાં આવ્યા ન હતા, અને તેથી CAOના 2013ના કમ્પ્લાયન્સ ઓડિટમાં સમાવિષ્ટ ન હતા, તેને અલગથી સંબોધવામાં આવ્યા છે.

વિભાગ 2.1 સામાન્ય રીતે માછીમાર સમુદાયો પર પ્રોજેક્ટના જોખમો અને અસરોનું મૂલ્યાંકન અને સંબોધન કરવાના પ્રયાસોને ધ્યાનમાં લે છે. વિભાગ 2.2 લક્ષિત જૂથો સંબંધિત મુખ્ય બાબતોનો સાર આપે છે. વિભાગ 2.3થી 2.7 ફરિયાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા ચોક્કસ મુદ્દાઓના સંબંધમાં અસર ઘટાડવા માટે IFCની દેખરેખને સંબોધિત કરે છે. વિભાગ 2.8 CGPL-02 ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા નવા મુદ્દાઓની સંક્ષિપ્તમાં ચર્ચા કરે છે.

2.1 ફરિયાદનો મુદ્દો: માછીમારી સમુદાયો પર પ્રોજેક્ટની અસરોની ઓળખ અને મેનેજમેન્ટ

માછીમારો અને તેમના પરિવારો સામાન્ય રીતે ત્રગડી અને કોટડી બંદરોનો મોસમી રહેઠાણ તરીકે ઉપયોગ કરતા આવ્યાં છે. ફરિયાદોમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, ગરમ પાણીના નિકાલ, વાયુ પ્રદૂષણ અને દરિયાઈ પર્યાવરણને ખલેલ જેવી પ્રોજેક્ટ સંબંધિત પર્યાવરણીય અસરોએ આ માછીમારો અને તેમના પરિવારોના સ્વાસ્થ્ય અને આજીવિકા પર પ્રતિકૂળ અસર કરી છે.

ફરિયાદીઓનો દાવો છે કે પ્લાન્ટના આઉટફોલ ડ્રેનેજ ચેનલના બાંધકામથી તેમની આજીવિકા પર અનેક રીતે અસર પડી છે. બંદર સુધી પહોંચવામાં સમય અને અંતર વધવાને કારણે તેમને બજારોની પહોંચ ગુમાવી દીધી અને માછલી સૂકવવા માટેની ઉપલબ્ધ જગ્યાનો એક ભાગ ગુમાવ્યો, જે ખાસ કરીને સ્થાનિક મહિલાઓ માટે મહત્વપૂર્ણ હતું. તેઓ એમ પણ જણાવે છે કે, તેઓ જે દરિયાઈ પર્યાવરણ પર આધાર રાખે છે ત્યાં ચેરનો વિનાશ થયો છે અને આઉટફોલ ચેનલ દ્વારા છોડવામાં આવતા ગરમ પાણીને કારણે માછલીઓની વસતી નજીકના કિનારાના વિસ્તારોમાંથી આઉટફોલથી દૂર ઠંડા પાણીમાં સ્થળાંતરિત થઈ છે. વધુમાં, ફરિયાદીઓનો આરોપ છે કે પ્રોજેક્ટ વિસ્તારમાં વાયુ પ્રદૂષણથી સંસાધનોની ઉપલબ્ધતામાં ઘટાડો થયો અને તેમના સ્વાસ્થ્ય પર પણ અસર પડી. વધુ વ્યાપક રીતે, ફરિયાદોમાં આરોપ છે કે પ્રોજેક્ટના સામાજિક અને પર્યાવરણીય મૂલ્યાંકનમાં મોટા પાયે અંતરને કારણે ખામીયુક્ત મેનેજમેન્ટ તરફ થયું છે.

સંબંધિત IFC ધોરણો

IFCના પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સ(PS) તેના ક્લાયન્ટ માટેની E&S આવશ્યકતાઓ નક્કી કરે છે અને IFCએ

ખાતરી કરવી જરૂરી હોય છે કે ક્લાયન્ટ પ્રોજેક્ટ અમલમાં મૂકતી વખતે સંબંધિત PS જોગવાઈઓનું પાલન કરે. PS1: પર્યાવરણીય અને સામાજિક જોખમો અને અસરોનું મૂલ્યાંકન અને પ્રોજેક્ટના "પ્રભાવ ક્ષેત્ર"[24]ના સંદર્ભમાં E&S જોખમો અને અસરોનું મૂલ્યાંકન કરવાની અને તે પ્રત્યક્ષ અને પરોક્ષ બંને અસરોને લાગુ પડે છે, જેમાં "ઉત્તરોઉત્તર વધતી અસરો દ્વારા સંભવિત રીતે પ્રભાવિત વિસ્તારો"નો પણ સમાવેશ થાય છે.[25] આ કેસ સાથે સંબંધિત E&S અસરોને ઓળખવા, સંબોધવા અને ઘટાડવા માટેની IFC અને તેના ક્લાયન્ટની જવાબદારીઓ PS5: જમીન સંપાદન અને અનૈચ્છિક પુનર્વસન અને PS6: જૈવવિવિધતા સંરક્ષણ અને ટકાઉ કુદરતી સંસાધન વ્યવસ્થાપનમાં દર્શાવેલ છે.

CAO નોન-કમ્પ્લાયન્સના તારણો

CAOના 2013ના ઓડિટમાં જાણવા મળ્યું કે, IFCનું E&S પૂર્વ-રોકાણ ડ્યુ ડિલિજન્સ એ ખાતરી કરતું નથી કે પ્રોજેક્ટના જોખમો અને અસરોનું મૂલ્યાંકન તેના પ્રભાવના ક્ષેત્રના સંદર્ભમાં કરવામાં આવ્યું હતું અથવા સલામતી આયોજનમાં અસરગ્રસ્ત માછીમાર પરિવારો સાથે પર્યાપ્ત પરામર્શનો સમાવેશ થતો હતો.[26] ખાસ કરીને, CAOને માલૂમ થયું કે IFCએ PS1 આવશ્યકતાઓને પૂર્ણ કરી નથી કે જેનાથી ખાતરી કરી શકાય કે પાવર પ્લાન્ટ માટે ક્લાયન્ટનું E&S મૂલ્યાંકન: (a) "પ્રોજેક્ટના તમામ સંબંધિત સામાજિક અને પર્યાવરણીય જોખમો અને અસરો"ને ધ્યાનમાં લેવામાં આવી હતી[27]; (b) "યોગ્ય સામાજિક અને પર્યાવરણીય બેઝલાઇન ડેટા" પર આધારિત હતી[28];; (c) "ચોક્કસ લક્ષિત જૂથો દ્વારા જૈવવિવિધતા સાથે જોડાયેલા વિવિધ મૂલ્યો" ધ્યાનમાં લેવામાં આવ્યા હતા[29]; અથવા (d) "પર્યાપ્ત, સચોટ અને ઉદ્દેશ્યપૂર્ણ હતું"[30]. CAOએ તારણ કાઢ્યું કે, ફરિયાદીઓ જમીનના નુકસાન, તેમની આજીવિકાને ટેકો આપવા માટે ઉપયોગમાં લેવાતા કુદરતી સંસાધનોની પ્રાપ્યતા ગુમાવવાથી અને હવા અને દરિયાઈ પર્યાવરણ પર પ્રોજેક્ટ-સંબંધિત અસરોથી સંભવિત રીતે પ્રભાવિત થયા હતા.

વધુમાં, IFC દ્વારા ક્લાયન્ટના પ્રોજેક્ટ E&S મૂલ્યાંકનની સમીક્ષા ફરિયાદી સમુદાયોને અસરગ્રસ્ત લોકો તરીકે ઓળખવામાં નિષ્ફળ ગઈ અને પરિણામે, તે ચકાસવામાં નિષ્ફળ ગઈ કે પ્રોજેક્ટની અસરોનું મૂલ્યાંકન અર્થપૂર્ણ પરામર્શ દ્વારા જાણ કરવામાં આવ્યું હતું.[31] CAOના ઓડિટ તારણોના પ્રતિભાવમાં, IFCના 2013ના એક્શન પ્લાનમાં પ્રોજેક્ટ E&S અસરોના મૂલ્યાંકનને પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ અનુસાર અપગ્રેડ કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી. તેમાં જણાવાયું હતું કે, CGPL એ પ્રોજેક્ટના પ્રભાવ ક્ષેત્રમાં ગામો અને દરિયાકાંઠાની મોસમી વસાહતોમાં ઘર સ્તરે સામાજિક-આર્થિક સર્વેક્ષણ અને એક અલાયદા જરૂરિયાતો માટેના સર્વેક્ષણનો કરાર કર્યો હતો, જેમાં માછલી પકડવાનો પ્રાથમિક અને ગૌણ ડેટા પણ એકત્રિત કરાશે.[32]

---

[24] IFC. 2006. “Performance Standard 1: Social and Environmental Assessment and Management Systems,” para. 5. *Performance Standards on Social & Environmental Sustainability*. Available at: https://www.ifc.org/content/dam/ifc/doc/2000/2006-ifc-performance-standards-en.pdf. [Hereinafter ‘IFC 2006 PS1’]
[25] IFC 2006 PS1, para. 5.
[26] CAO. 2013. *CAO Audit of IFC Investment in Coastal Gujarat Power Limited, India*, p. 16. Available at: https://www.cao-ombudsman.org/sites/default/files/downloads/CAOAuditReportC-I-R6-Y12-F160.pdf . [Hereinafter ‘CAO 2013 Audit of CGPL’]
[27] IFC 2006 PS1, para. 4.
[28] IFC 2006 PS1, para. 4.
[29] IFC 2006 PS1, para. 4.
[30] IFC 2006 PS1, para. 7.
[31] CAO 2013 Audit of CGPL
[32] IFC 2013 Action Plan, p. 1.

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-2015

આ સમયગાળા દરમિયાન, IFCએ નોંધ્યું કે ક્લાયન્ટે ત્રગડી બંદર પર મોસમી સ્થળાંતરિત સમુદાય પાસેથી માછલી પકડવાનો ડેટા એકત્રિત કરવા માટે એક સંસ્થાને રોકી હતી. IFCએ પણ અહેવાલ આપ્યો કે ક્લાયન્ટે 21 પ્રોજેક્ટ-અસરગ્રસ્ત ગામોમાંથી 17મા સામાજિક-આર્થિક બદલાવોના સર્વેક્ષણો હાથ ધર્યા હતા અને સર્વેક્ષણ કરાયેલા ગામોમાં સામાજિક-આર્થિક ફેરફારોનો અભ્યાસ શરૂ કરી રહ્યા હતા.[33] IFCએ જણાવ્યું હતું કે તેણે સ્થાનિક માછીમારી સમુદાયો પર પ્રોજેક્ટ અસરોના અગાઉના E&S મૂલ્યાંકનમાં રહેલા અંતરને સંબોધતા ત્યારબાદના અભ્યાસની કલ્પના કરી હતી. 2014માં, IFCના પ્રોજેક્ટ દેખરેખ રિપોર્ટમાં તારણ કઢાયું હતું કે, ક્લાયન્ટ પાસે ઓળખાયેલા જોખમો અને અસરોનું નિરીક્ષણ અને ઘટાડા માટે પૂરતી પ્રક્રિયાઓ હતી. જો કે, CAOના 2015ના મોનિટરિંગ રિપોર્ટમાં અન્ય પ્રશ્નોની સાથે, શું પ્રસ્તાવિત સામાજિક-આર્થિક અભ્યાસ PS1 આવશ્યકતાઓને પર્યાપ્ત રીતે પૂર્ણ કરશે કે કેમ તે મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. CAOએ એ પણ પ્રશ્ન કર્યો હતો કે, શું અભ્યાસ દરખાસ્તમાં દર્શાવેલ અભિગમ અસરકારક સમુદાય ભાગીદારી માટે IFC આવશ્યકતાઓને પૂર્ણ કરે છે કે કેમ.

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015-2017

આ સમયગાળા દરમિયાન, ક્લાયન્ટે CAOને અંતિમ સામાજિક-આર્થિક અભ્યાસ પૂરો પાડ્યો.[34] CAOના 2017ના મોનિટરિંગ રિપોર્ટમાં તારણ કાઢ્યું હતું કે, આ અભ્યાસમાં મોસમી નિવાસી માછીમારી સમુદાયના સંબંધમાં બેઝલાઇન ડેટાના અભાવને સંબોધવામાં આવ્યો નથી અથવા CGPL પ્લાન્ટના પ્રભાવ મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવ્યો નથી. બંને મોનિટરિંગ રિપોર્ટમાં, CAOએ સૂચવ્યું હતું કે IFC અને ક્લાયન્ટ ફરિયાદીઓને થતી પ્રોજેક્ટ અસરોનું મૂલ્યાંકન અને સંબોધન કરવા માટે ઝડપી, સહભાગી અને સ્પષ્ટ રીતે નિવારાત્મક અભિગમ અપનાવે.[35]

IFCએ CAOને વધુમાં અહેવાલ આપ્યો કે, બે કારણોસર તે કોટડી બંદરના રહેવાસીઓને અસરગ્રસ્ત સમુદાય માનતું નથી: ઇન્ટેક ચેનલ અન્ય સ્થાનિક પાવર પ્લાન્ટની જરૂરિયાતો પૂરી કરવા માટે અગાઉ બનાવવામાં આવી હતી; અને ક્લાયન્ટના અભ્યાસ અને મોનિટરિંગ દર્શાવે છે કે કોટડી બંદર પર ગંદા પાણીના સ્રાવ અથવા હવાના ઉત્સર્જનથી કોઈ ભૌતિક અસર થઈ નથી.[36] CAOના 2017ના મોનિટરિંગ રિપોર્ટમાં જણાવાયું છે કે, CAOના તારણો આ નિષ્કર્ષને સમર્થન આપતા નથી, અને કોટડી બંદરના રહેવાસીઓને પ્રભાવના ક્ષેત્રમાંથી કોઈપણ રીતે બાકાત રાખવા ફક્ત તે રહેવાસીઓ સાથે પરામર્શના આધારે ઉદ્દેશ્ય મૂલ્યાંકન પછી જ વાજબી ઠેરવી શકાય છે.[37]

---

[33] CAO. 2015. *Monitoring of IFC's Response to CAO Audit of IFC Investment in Coastal Gujarat Power Limited, India.* Available at: https://www.cao-ombudsman.org/sites/default/files/downloads/CGPLmonitoringreportJanuary2015.pdf. [Hereinafter 'CAO 2015 CGPL-01 Monitoring Report.']

[34] ERM 2016 Socio-Economic Assessment.

[35] CAO 2015 CGPL-01 Monitoring Report, pp. 5, 15 and 22. Also refer to: CAO. 2017. *CAO Compliance Appraisal Report: Coastal Gujarat Power Limited: Tata Ultra Mega (Project # 25797), India, Complaint 02 - Tragadi Village,* p. 7. Available at: https://www.cao-ombudsman.org/cases/india-tata-ultra-mega-02tragadi-village [Hereinafter 'CAO 2017 CGPL-02 Appraisal Report.']

[36] CAO. Management Action Tracking Record (FY17) [15 May 2017].

[37] CAO 2017 CGPL-01 Second Monitoring Report, p. 8.

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: માછીમારી સમુદાયની અસરો પર નિષ્કર્ષ

આ સમયગાળા દરમિયાન, CGPL એ પ્રોજેક્ટ વિસ્તારમાં પસંદ કરેલા પગડિયા માછીમારોની આજીવિકાનો અભ્યાસ અને જેને અભ્યાસમાં "અસરગ્રસ્ત" તરીકે ઓળખવામાં આવ્યા હતા તેવા 24 પગડિયા માછીમારોની "આજીવિકા સુધારણા આયોજન" પ્રકાશિત કર્યા.[38] CGPLએ હવાની ગુણવત્તા સંબંધિત આરોગ્ય સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતો "આરોગ્ય પ્રોફાઇલ" અભ્યાસ પણ પ્રકાશિત કર્યો અને એપ્રિલ-મે 2016 દરમિયાન પાવર પ્લાન્ટથી 10 કિમીની અંદરના સાત ગામો તેમજ બે નિયંત્રણ ગામો (CGPLના ઉત્સર્જન એરશેડથી 10 કિમીથી વધુ દૂર સ્થિત)માં હાથ ધરવામાં આવ્યો.[39]

IFC એ જણાવ્યું હતું કે, એકસાથે, એક્શન પ્લાન અંતર્ગત હાથ ધરવામાં આવેલા અભ્યાસો અને મોનિટરિંગથી પૂરતા પુરાવા મળ્યા છે જે દર્શાવે છે કે સ્થાનિક માછીમારી સમુદાયો પર પ્રોજેક્ટ-સંબંધિત કોઈ નોંધપાત્ર પ્રતિકૂળ અસરો થઈ નથી. જાન્યુઆરી 2018માં, IFCએ અસરોના મૂલ્યાંકન સંબંધિત તમામ કાર્યવાહી પ્રક્રિયાઓ બંધ કરી દીધી.[40]

CGPL-02 ફરિયાદીઓએ CAOને જાણ કરી હતી કે, CGPL દ્વારા E&S અસરો પર દેખરેખ રાખવા માટે સ્થાપિત કોઈપણ માળખાથી તેઓ વાકેફ નહોતા. ફરિયાદીઓ એ પણ આગ્રહ રાખ્યો હતો કે તેમની સાથે ન તો E&S મેનેજમેન્ટ આયોજન કે ન તો વધારાનો મોનિટરિંગ ડેટા શેર કરવામાં આવ્યો હતો.

CAOએ તારણ કાઢ્યું છે કે, 2017-2018 દરમિયાન IFC દ્વારા લેવામાં આવેલા પગલાં 2013ના નોન-કમ્પલાયન્સ તારણોને સંપૂર્ણપણે સંબોધતા નથી.

CAOએ ચિંતા વ્યક્ત કરી છે કે, 2015/16ના મોનિટરિંગ રિપોર્ટમાં CAO દ્વારા ઓળખાયેલી ખામીઓને દૂર કરવા માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. CAOને જણાય છે કે, જ્યારે સામાજિક-આર્થિક મૂલ્યાંકન અને આજીવિકા સુધારણા આયોજન, પ્રોજેક્ટ પછીના સમયગાળામાં મોસમી નિવાસી માછીમારી સમુદાયના સંબંધમાં સામાજિક-આર્થિક પરિસ્થિતિઓની વિગતો રજૂ કરે છે, પણ તે મૂળભૂત ડેટાના અભાવને પર્યાપ્ત રીતે સંબોધતા નથી.[41] ક્લાયન્ટનો પગડિયા માછીમારોની આજીવિકા અભ્યાસ અને 24 પગડિયા માછીમારોના સંલગ્ન "આજીવિકા સુધારણા આયોજન"ની CAOની સમીક્ષામાં એ બાબત બહાર આવી હતી કે અસરગ્રસ્ત પગડિયા માછીમારોને ઓળખવા અને પસંદ કરવા માટે ઉપયોગમાં લેવાયેલ પદ્ધતિ PS1 અથવા PS5 સાથે સુસંગત નહોતી. ખાસ કરીને, આયોજનની પદ્ધતિ "લાભાર્થીઓ"ને ઓળખવાનો પ્રયાસ કરે છે, "અસરગ્રસ્ત વ્યક્તિઓ"ને નહીં, અને પસંદગીના માપદંડો સમાવિષ્ટ નથી.[42]

[38] Swadeep.2017. *Livelihood Improvement Plan for Identified Pagadiya Fishermen, Submitted to Coastal Gujarat Power Limited by Swadeep*.
[39] TALEEM Research Foundation. 2016. *A Baseline Health Profile with Respect to Air Quality in Airshed of CGPL Power Plant Submitted to Coastal Gujarat Power Limited (CGPL).* [Hereinafter 'TALEEM 2016 Baseline Health Study – Air Quality'].
[40] IFC and CGPL, Management and Monitoring Plan, January 2018.
[41] Refer to the ERM 2016 Socio-Economic Assessment, and to the Swadeep 2017 Livelihood Improvement Plan.
[42] Swadeep 2017 Livelihood Improvement Plan, p.13.

આ ક્ષતિઓનું પરિણામ એ છે કે, ક્લાયન્ટે ફક્ત સંભવિત અસરગ્રસ્ત માછીમારોના સબસેટ માટે સહાય પૂરી પાડવાનું આયોજન કર્યું હતું. વિશેષ રીતે, CAOને જણાયુ હતું કે, કોટડી બંદર પર જ્યાં ફરિયાદીઓ રહે છે ત્યાં મોસમી નિવાસી માછીમારી સમુદાયનો ઉલ્લેખ કરતું કોઈ કાર્ય આયોજન અથવા અભ્યાસો થયા નથી.

એકંદરે, CAOએ તારણ કાઢ્યું છે કે, IFCએ તેની 2017-2018 દેખરેખ દરમિયાન ખાતરી કરી ન હતી કે તેના ક્લાયન્ટે E&S બેઝલાઇન ડેટામાં ક્ષતિ દૂર કરી હોય, અસરોની ઓળખ અને મૂલ્યાંકનના ઉચ્ચ-સ્તરીય અને પ્રોજેક્ટ-સ્તરીય માધ્યમોનું સમાધાન કર્યું હોય, અથવા મૂલ્યાંકન હાથ ધર્યું હોય જેમાં તમામ સંભવિત અસરગ્રસ્ત સમુદાયોને યોગ્ય રીતે સામેલ કરવામાં આવ્યા હોય.

૨.૨ ફરિયાદનો મુદ્દો: માછીમાર સમુદાયો સાથે પરામર્શ

CGPL-01 ફરિયાદમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે, પ્રોજેક્ટ બાંધકામ પહેલાં ત્રગડી અને કોટડી બંદરોનો ઉપયોગ કરતા માછીમારોને E&S આકારણીમાં પ્રોજેક્ટ-અસરગ્રસ્ત લોકો તરીકે સમાવવામાં આવ્યા નહોતા. CGPL-02 ફરિયાદમાં હાલમાં ચાલુ પ્રોજેક્ટ પરામર્શ અને જોડાણની પર્યાપ્તતા અંગે વધારાની ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી હતી, જેમાં આરોપો પણ સામેલ હતા કે પાવર પ્લાન્ટ ઓપરેટ દ્વારા એવી સમિતિઓની સ્થાપના કરવામાં આવી હતી જે સ્થાનિક માછીમાર લોકોના હિતોનું યોગ્ય રીતે પ્રતિનિધિત્વ કરતી નહોતી.

સંબંધિત IFC ધોરણો

PS1 અંતર્ગત, ક્લાયન્ટે એવા પ્રોજેક્ટ્સ જ્યાં અસરગ્રસ્ત સમુદાયોને જોખમો અથવા પ્રતિકૂળ અસરો થઇ શકે તેમાં પરામર્શ પ્રક્રિયા કરવી જોઇએ અને સમુદાયોના મંતવ્યો ધ્યાનમાં લેવા જોઈએ અને તેનો પ્રતિભાવ આપવો જોઈએ.[43] અસરકારક પરામર્શ: (i) ડ્રાફ્ટ દસ્તાવેજો અને આયોજન સહિત સંબંધિત અને પર્યાપ્ત માહિતીના પૂર્વ ખુલાસા પર આધારિત હોવો જોઈએ; (ii) સામાજિક અને પર્યાવરણીય મૂલ્યાંકન પ્રક્રિયાની શરૂઆતમાં થવો જોઈએ; (iii) સામાજિક અને પર્યાવરણીય જોખમો અને પ્રતિકૂળ અસરો, અને તેને સંબોધવા માટે સૂચિત માપદંડો અને પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ; અને (iv) જોખમો અને અસરો વધતી જાય તેમ ચાલુ ધોરણે હાથ ધરવામાં આવે.[44] PS1 માટે પરામર્શ "સાંસ્કૃતિક રીતે યોગ્ય" હોવો પણ જરૂરી છે, જેમાં "અસરગ્રસ્ત સમુદાયોની ભાષા પસંદગી, તેમની નિર્ણય લેવાની પ્રક્રિયા અને વંચિત અથવા સંવેદનશીલ જૂથોની જરૂરિયાતો"નો પણ સમાવેશ થાય છે.[45]

[43] IFC 2006 PS1, p.5 para. 21.
[44] IFC 2006 PS1, p.5 para. 21.
[45] IFC 2006 PS1, p.5 para. 21.

પ્રોજેક્ટ્સ જ્યાં અસરગ્રસ્ત સમુદાયો પર નોંધપાત્ર અસર કરે છે, ત્યાં IFCએ ખાતરી કરવી જરૂરી છે કે ક્લાયન્ટના સમુદાય જોડાણના પ્રયાસોમાં મફત, પૂર્વ માહિતી અને જાણકારી સાથે પરામર્શનો સમાવેશ થાય છે અને જાણકાર ભાગીદારીને સક્ષમ બને છે, જેનાથી વ્યાપક સમુદાયિક સમર્થન મળે છે.[46] જાણકાર ભાગીદારીમાં સંગઠિત અને પુનરાવર્તિત પરામર્શનો સમાવેશ થાય છે, જેમાં ક્લાયન્ટ નિર્ણય લેવામાં અસરગ્રસ્ત સમુદાયોના મંતવ્યો સામેલ કરે છે, જે તેમને સીધી અસર કરે છે, જેમ કે પ્રસ્તાવિત ઉપાયાત્મક પગલાં, વિકાસના લાભો અને તકોની વહેંચણી અને અમલીકરણ મુદ્દાઓ.[47] PS1 અંતર્ગત, IFCના ક્લાયન્ટ્સને પ્રક્રિયાનું દસ્તાવેજીકરણ કરવાની પણ જરૂર પડશે - ખાસ કરીને અસરગ્રસ્ત સમુદાયો પરના જોખમો અને પ્રતિકૂળ અસરોને ટાળવા અથવા ઘટાડવા માટેના પગલાં.[48]

CAO નોન-કમ્પલાયન્સના તારણો

CAOના 2013ના ઓડિટમાં જાણવા મળ્યું કે, IFC એ ખાતરી આપવામાં નિષ્ફળ ગયું કે ક્લાયન્ટે સીધી રીતે અસરગ્રસ્ત માછીમારી સમુદાયો સાથે અસરકારક રીતે પરામર્શ કર્યો છે. અસરકારક પરામર્શના અભાવને કારણે પ્રોજેક્ટની સંભવિત પ્રતિકૂળ અસરોનું મૂલ્યાંકન કરવાની, ટાળવાની અને પ્રતિકૂળ અસરો ઘટાડવાની તકો ગુમાવી દીધી છે, અને અસરગ્રસ્ત સમુદાયો સાથે રચનાત્મક સંબંધ બનાવવા અને જાળવવાના પ્રયાસોમાં અવરોધ ઉભો થયો છે.[49] CGPL-02 માટે CAOના કમ્પલાયન્સ મૂલ્યાંકનમાં CGPLના પરામર્શ અને માહિતીની જાહેરાત પદ્ધતિઓના IFCના નિરીક્ષણ અને દેખરેખ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. [50] 2013ના એક્શન પ્લાનમાં, IFC અને તેના ક્લાયન્ટે પ્રોજેક્ટના અભ્યાસો અને સમુદાયની ચિંતાની અન્ય બાબતો પર માછીમારી સમુદાયો સહિત સંબંધિત હિસ્સેદારો સાથે યોગ્ય પરામર્શ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ હતા.[51]

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-2015

આ સમયગાળા દરમિયાન, CGPLએ હિતધારકોના પરામર્શનું આયોજન તૈયાર કર્યું જેમાં 2013ના એક્શન પ્લાન મુજબ હાથ ધરાયેલા દરેક અભ્યાસના તારણો પર સલાહ લેવા માટે સંસ્થાઓ અને જૂથોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.[52] 2014માં, ક્લાયન્ટે તેની સમુદાય સહાય પ્રવૃત્તિઓ અને મોઢવા ગામ, ત્રગડી ગામ અને ત્રગડી બંદરના પ્રતિનિધિઓ સાથે જોડાવાના પ્રયાસોનું દસ્તાવેજીકરણ કરતો એક અહેવાલ પ્રકાશિત કર્યો, જેમાં સ્વીકાર્યું છે કે આઉટફોલ ચેનલની નજીક હોવાને કારણે તેમને સંભવિત અસરોનો સામનો કરવો પડી શકે. ત્રગડી બંદર પર, ક્લાયન્ટ દ્વારા સ્થાપિત ગ્રામ વિકાસ સલાહકાર સમિતિ(VDAC) દ્વારા માસિક જોડાણ થતું હોવાનું માલુમ પડે છે.[53]

[46] IFC 2006 PS1, p.5 para. 20.
[47] IFC 2006 PS1, p.5 para. 22.
[48] IFC 2006 PS1, p.5 para. 22.
[49] IFC 2006 PS1, p.2 para. 9.
[50] CAO 2017 CGPL-02 Appraisal Report, pp. 18-20.
[51] IFC 2013 Action Plan, p.2.

[52] Coastal Gujarat Power Limited (CGPL). 2014. *Key Stakeholder Consultation Plan: Coastal Gujarat Power Limited.* This plan is not publicly available.
[53] CGPL. 2014. *Turning the Tide: Molding the Lives of Fishermen on the Coastal Belt of Kutch, Gujarat*. Available at: https://web.archive.org/web/20210427072340/https://www.tatapower.com/pdf/cgpl-mundra/turning-tide.pdf. *Turning the Tide* is a voluntary CGPL report that outlines a range of project-sponsored activities which CGPL is conducting in the fishing villages near the plant.

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015-2017

આ સમયગાળા દરમિયાન, CAOને જાણ કરવામાં આવી હતી કે CGPLએ 2013 એક્શન પ્લાન અંતર્ગત હાથ ધરવામાં આવેલ અભ્યાસો, માછીમાર લોકો સાથે પરામર્શ કર્યા હતા અને બધા પ્રોજેક્ટ-અસરગ્રસ્ત સમુદાયો માટે VDACsની સ્થાપના કરી હતી તેના તારણો પ્રસારિત કર્યા છે[54]. ક્લાયન્ટે 2016માં પૂર્ણ થયેલ એક સામાજિક-આર્થિક અભ્યાસ પણ કર્યો હતો, જેમાં માછીમાર લોકો સહિત વિવિધ હિસ્સેદારો સાથે પરામર્શ, ઇન્ટરવ્યુ અને જૂથ ચર્ચાઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું.[55]

જોકે, 2014થી 2017 દરમિયાન સતત ફરિયાદીઓએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટ પરામર્શમાં તેમને અર્થપૂર્ણ રીતે જોડવામાં આવ્યા ન હતા.[56]

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: સમુદાય પરામર્શના તારણો

આ સમયગાળા દરમિયાન, IFC અને CGPLએ CAOને રિપોર્ટ આપ્યો હતો કે, પાવર પ્લાન્ટ ઓપરેટર દ્વારા અસરગ્રસ્ત સમુદાયો સાથે નિયમિત, માળખાગત જોડાણો કરવામાં આવેલ છે. ક્લાયન્ટે જણાવ્યું હતું કે, IFC સાથે સંમત અભ્યાસો સમયે સ્થાનિક માછીમાર સમુદાયો સાથે જોડાણ થયું હતું, એટલે કે સામાજિક-આર્થિક અભ્યાસ અને થર્ડ-પાર્ટી આજીવિકા અભ્યાસ અને પસંદ કરેલા પગડિયા માછીમારો માટે સંબંધિત એક્શન પ્લાન તૈયાર કરતી વખતે થયું હતું.[57] IFC પ્રોજેક્ટ દસ્તાવેજોમાં ક્લાયન્ટ અને MASSના પ્રતિનિધિઓ વચ્ચે જૂન 2014ની મિટિંગનું દસ્તાવેજીકરણ શામેલ છે જેમાં પક્ષકારો સામાજિક અને આર્થિક લાભની પહેલો પર સંમત થયા હોવાનું જણાય છે.

IFC અને ક્લાયન્ટે પ્રોજેક્ટ સાઇટની નજીકના માછીમારી સમુદાયોમાં CGPL વિકાસ પહેલનો અહેવાલ પણ આપ્યો, જેમાં ત્રગડી બંદર પરના લોકોનો પણ સમાવેશ થાય છે, જેમાં તેઓ દાવો કરે છે કે તેમને અસરગ્રસ્ત સમુદાયના સભ્યો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. વધુમાં, ક્લાયન્ટે જણાવ્યું હતું કે તેણે સમુદાય જોડાણને સરળ બનાવવા અને સમુદાયોની ફરિયાદો મળે તે માટે એક સમુદાય માહિતી કેન્દ્રની સ્થાપના કરી છે. હવે ઉપલબ્ધ નથી, ટાટા પાવર વેબસાઇટ ક્લાયન્ટ અને વિવિધ થર્ડ પાર્ટી દ્વારા સ્થાનિક માછીમાર સમુદાયો સાથે જોડાણને પ્રકાશિત કરતા અભ્યાસો અને મીડિયાને લિંક શેર કરતી હતી.[58] ફરિયાદીઓ પરિસ્થિતિને અલગ રીતે રજૂ કરે છે. તેમનો દાવો છે કે ક્લાયન્ટ કે IFCએ તેમને કોઈપણ સમુદાય CSR પહેલમાં સામેલ કર્યા નથી કે પ્રોજેક્ટની અસરોને સંબોધવા માટે નિવારક પગલાં તૈયાર કરવામાં તેમને સામેલ કર્યા નથી.

[54] CAO. 2017. *Second Monitoring of IFC's Response to CAO Audit*, p. 8. [Hereinafter 'CAO 2017 CGPL-01 Second Monitoring Report'] Available at: https://www.cao-ombudsman.org/sites/default/files/downloads/CGPLSecondCAOMonitoringReportFebruary2017.pdf.

[55] ERM 2016 Socio-Economic Assessment. Refer to: "Annex 2: Summary Record of Consultations, Interviews and Group Discussions."

[56] This sentiment was conveyed to CAO in October 2014 by CGPL-01 complainants and was repeated during CAO's telephone conversations with CGPL-02 complainants in June 2017.

[57] Refer to ERM 2016 Socio-Economic Assessment and Swadeep 2017 Livelihood Improvement Plan.

[58] Tata Power. n.d. "Community Development Initiatives," *CGPL Mundra.* No longer available at: *https://web.archive.org/web/20181205180105/https://www.tatapower.com/businesses/cgpl-mundra/csr.aspx*.

વધુમાં, તેઓ જણાવે છે કે એક્શન પ્લાન અંતર્ગત અભ્યાસની પ્રગતિ અંગે તેમનો સંપર્ક કરવામાં આવ્યો નહોતો અને અભ્યાસ અને નિવારક પગલાં પૂર્ણ કરવામાં વિલંબ પર અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેઓ CGPLના ફરિયાદ નિવારણ કાર્ય વિશે માહિતગાર નહોતા અને ફરિયાદો નોંધાવવા માટેની સિસ્ટમનો ઉપયોગ કર્યો ન હતો. VDACના સંબંધમાં ફરિયાદીઓએ CAO સમક્ષ વ્યક્ત કર્યું કે, આ સમિતિઓ તેમના મંતવ્યો અથવા હિતોનું પ્રતિનિધિત્વ કરતી નથી.

CAOએ તારણ કાઢ્યું છે કે, 2017-2018 દરમિયાન IFC દ્વારા લેવામાં આવેલા પગલાં 2013ના નોન-કમ્પલાયન્સ તારણોને સંપૂર્ણપણે સંબોધતા નથી.

ભૂતકાળના દેખરેખ સમયગાળા દરમિયાન, CAOએ IFCના એક્શન પ્લાન અંતર્ગત હાથ ધરવામાં આવેલ અભ્યાસો અને નિવારક પગલાં બંનેની ડિઝાઇન અને અમલીકરણમાં ફરિયાદીઓને અસરગ્રસ્ત સમુદાયના સભ્યો તરીકે કેટલી હદ સુધી ગણવામાં આવ્યા છે તે અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. CGPL-02 ફરિયાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી પ્રશ્નોને ધ્યાનમાં રાખીને કે VDAC દ્વારા સ્થાનિક માછીમાર લોકોનું યોગ્ય પ્રતિનિધિત્વ કરવામાં આવતું નથી, CAOએ IFCને હિસ્સેદારો, ખાસ કરીને ફરિયાદીઓ સાથે પ્રોજેક્ટ જોડાણના અપડેટેડ દસ્તાવેજો પ્રદાન કરવા વિનંતી કરી હતી

વધુમાં, 2017-2018 દરમિયાન, CAOએ નીચેની વિનંતીઓ કરી:

- ઓળખાયેલા પગડિયા માછીમાર સમુદાયો માટે આજીવિકા સુધારણા યોજના પર 24 ઓળખ કરેલ લાભાર્થીઓ તેમજ પ્રોજેક્ટ-અસરગ્રસ્ત અન્ય માછીમારોએ કેવી પ્રતિક્રિયા આપી તેની સમજ.[59]
- હિતધારકોને ક્લાયન્ટની CSR પ્રવૃત્તિઓની ડિઝાઇન અને અમલીકરણમાં કેવી રીતે માહિતી આપી છે તેના ઉદાહરણો.
- CGPL ફરિયાદ નિવારણ અંગેની માહિતી.

IFCએ CAOને આવા કોઈ દસ્તાવેજો પૂરા પાડ્યા નથી. IFCએ સોશિયલ ઇમ્પેક્ટ અસેસમેન્ટ જેવા પુરાવા કે મૂલ્યાંકન પણ પૂરા પાડ્યા નથી જે તેના નિષ્કર્ષને સમર્થન આપે કે કોટડી બંદર પ્રોજેક્ટ પ્રભાવ ક્ષેત્રની બહાર છે. PS1 અંતર્ગત, કોટડી બંદર પરના મોસમી સમુદાયને સારી રીતે વિકસિત હિસ્સેદારોના જોડાણ આયોજન દ્વારા પ્રમાણિત પરામર્શ પ્રક્રિયામાં ભાગ લેવાની તક મળવી જોઈતી હતી.[60] જો કે, CAOને એવો કોઈ સંકેત મળ્યો નથી કે IFC એ તેના ક્લાયન્ટને કોટડી બંદર પરના માછીમાર લોકો સાથે PS1 સુસંગત પરામર્શ કરવા વિનંતી કરી હોય જેથી નક્કી કરી શકાય કે પ્રોજેક્ટની તેમના પર અસર નથી.

[59] Swadeep, 2017, Livelihood Improvement Plan.
[60] IFC 2006 PS1, paras. 2, 8, 19-23.

વધારાના અવલોકનો

CAOના 2025ના મિશન દરમિયાન, ફરિયાદીઓએ સતત ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ અને તેની અસરો અંગેના CGPLના પરામર્શ તેમને અર્થપૂર્ણ રીતે જોડવામાં નિષ્ફળ ગયા છે. યોગ્ય દસ્તાવેજો પ્રાપ્ત કર્યા વિના, CAO એ બાબતની ખાતરી આપી શકતું નથી કે અસરગ્રસ્ત સમુદાયો સાથે ક્લાયન્ટના જોડાણ પર IFCની પૂરતી દેખરેખ હતી કે નહી. CAO એ સ્થાપિત કરવામાં અસમર્થ છે કે, IFC એ તમામ અસરગ્રસ્ત હિસ્સેદારોને પ્રોજેક્ટને લગતાં જોખમો, અસરો અને નિવારાત્મક પગલાં અંગે સંબંધિત માહિતી જાહેર કરી છે કે કેમ.[61]

૨.3 ફરિયાદનો મુદ્દો: જમીન સંપાદન અને વિસ્થાપન

CGPL-01 અને CGPL-02 બંને ફરિયાદોમાં પ્રોજેક્ટ માટેના જમીન સંપાદનથી થયેલા સામાજિક અને આર્થિક નુકસાનનો આરોપ છે:

- બંને ફરિયાદો એ ચિંતા વ્યક્ત કરે છે કે, પાવર પ્લાન્ટના ઇનટેક અને આઉટફોલ ચેનલોના બાંધકામથી બંદર સુધી પહોંચવા માટે અને બંદરથી સ્થાનિક મચ્છી બજારો વચ્ચે મુસાફરીનું અંતર વધ્યું છે.
- CGPL-02ના પક્ષકારોનો વધુમાં આરોપ છે કે CGPL સુરક્ષા દળો દ્વારા પ્રવેશ માર્ગ બંધ કરીને અને તેમની ધાકધમકી, બંનેને કારણે દરિયા કિનારા સુધી પહોંચ પ્રતિબંધિત થઇ છે.
- CGPL-01 ફરિયાદમાં એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે કે ત્રગડી અને કોટડી બંદરો પર જમીન અને ખુલ્લી જગ્યાઓના નુકસાનથી માછીમાર લોકો અને તેમના પરિવારો, ખાસ કરીને મહિલાઓ અને બાળકોની આજીવિકા પર નકારાત્મક અસર થઇ છે, જે આ વિસ્તારનો ઉપયોગ સૂર્યપ્રકાશમાં સૂકવવા અને માછલીઓને વર્ગીકૃત કરવા માટે કરતા હતા.
- આ જ ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, કંપની દ્વારા લેવાયેલ આજીવિકા વધારવાના પગલાં અપૂરતા છે કારણ કે ફરિયાદીઓ પર થયેલ અસરોની ઓળખ અને નિવારક પગલાંઓ અંગે પ્રોજેક્ટના નિર્ણય લેવામાંથી ફરિયાદીઓને બાકાત રાખવામાં આવે છે.
- CGPL-02 ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, ક્લાયન્ટ CSR કાર્યક્રમ અંતર્ગત તેની આજીવિકાની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી રહ્યો નથી, ખાસ કરીને પાણી વિતરણ કાર્યક્રમનો ઉલ્લેખ કરીને.
- CGPL-02 ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, ક્લાયન્ટે પરામર્શ અથવા પૂરતા વળતર વિના બંદર પરના ઘરોનો નાશ કર્યો હતો.

[61] During CAO's March 2025 site visit complainants maintained the position that they were not engaged and had never received any of the documentation mentioned in this subsection.

સંબંધિત IFC ધોરણો

IFCનું પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 5: જમીન સંપાદન અને અનૈચ્છિક પુનર્વસન પ્રોજેક્ટ-સંબંધિત જમીન સંપાદનના પરિણામે ભૌતિક વિસ્થાપન(સ્થળાંતર અથવા આશ્રય ગુમાવવો) અને આર્થિક વિસ્થાપન(સંપત્તિના નુકસાન અથવા સંપત્તિની પ્રાપ્યતા જે આવકના સ્ત્રોતો અથવા આજીવિકાના સાધનો ગુમાવવા તરફ દોરી જાય છે) બંનેને લાગુ પડે છે.[62] PS5 અંતર્ગત, ક્લાયન્ટે ભૌતિક વિસ્થાપન અને આવક અથવા આજીવિકાના નુકસાન બંને કિસ્સાઓમાં તેમના કબજામાં રહેલી જમીન પર ઓળખ કરી શકાય તેવા કાનૂની અધિકાર અથવા દાવા વિનાના વિસ્થાપિત વ્યક્તિઓનું રક્ષણ કરવું આવશ્યક છે.[63]

જ્યારે અસરગ્રસ્ત વ્યક્તિઓ અથવા સમુદાયોને જમીન સંપાદનનો ઇનકાર કરવાનો અધિકાર ન હોય જે વિસ્થાપનમાં પરિણમે છે તેને IFC પુનર્વસનને અનૈચ્છિક માને છે.[64] આવા સંજોગોમાં, PS5 પ્રતિકૂળ સામાજિક અને આર્થિક અસરોને ઘટાડવા અને વિસ્થાપિત લોકોની આજીવિકા અને જીવનધોરણમાં સુધારો કરવા અથવા ઓછામાં ઓછું તેને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. PS5 અંતર્ગત અસરોમાં ઘટાડાની ખાતરી રિપ્લેસમેન્ટ ખર્ચે સંપત્તિના નુકસાન માટે વળતર આપીને અને માહિતી, પરામર્શ અને અસરગ્રસ્ત લોકોની જાણકાર ભાગીદારી સાથે પુનર્વસન પ્રવૃત્તિઓ લાગુ કરીને કરવામાં આવે છે.[65] PS5 મુજબ એ પણ જરૂરી છે કે ક્લાયન્ટ વિસ્થાપિત વ્યક્તિઓને લક્ષિત સહાય અને તેમની આવક-કમાણી ક્ષમતા, ઉત્પાદન સ્તર અને જીવનધોરણને સુધારવા અથવા ઓછામાં ઓછું પુનઃસ્થાપિત કરવા માટે તકો પૂરી પાડે, જ્યારે તેમની આજીવિકા અથવા આવક સ્તર પર પ્રતિકૂળ અસર થાય છે, તેમજ વચગાળાની સહાય, જરૂરી હોય ત્યારે, તેમની આવક-કમાણી ક્ષમતા, ઉત્પાદન સ્તર અને જીવનધોરણને પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી સમયના યોગ્ય અંદાજના આધારે.[66]

CAO નોન-કમ્પલાયન્સના તારણો

પાવર પ્લાન્ટના બાંધકામમાં દરિયાઈ પાણીના ઇન્ટેક ચેનલને પહોળી કરવા અને આઉટફોલ ચેનલનાં બાંધકામ માટે ત્રગડી અને કોટડી બંદરોની રચના કરતાં રેતીના પટ્ટાના મોટા ભાગને દૂર કરવાનો સમાવેશ થતો હતો. આ વિસ્તારો પ્રોજેક્ટના પુનર્વસન આયોજન અંતર્ગત ઔપચારિક રીતે હસ્તગત કરાયેલા જમીનના ટુકડાઓથી અલગ હતા. પ્રોજેક્ટ ઇમ્પેક્ટ અસેસમેન્ટમાં બંદરને ખાલી જાહેર મિલકત સંસાધન તરીકે વર્ણવવામાં આવ્યું હતું જેનો ઉપયોગ ફક્ત ઢોર ચરાવવા માટે થાય છે. CGPL-01 ફરિયાદીઓ દાવો કરે છે કે તેઓ વર્ષના નવ મહિના સુધી માછીમારી, માછલી-સૂકવણી અને દરિયાઈ સંસાધનોના સંગ્રહ માટે, આજીવિકા માટે આ વિસ્તારોનો ઉપયોગ કરતા હતા.[67]

---

[62] Land acquisition includes both outright purchases of property and purchases of access rights, such as rights-of-way. IFC. 2006. "Performance Standard 5: Land Acquisition and Involuntary Resettlement," para. 1. *Performance Standards on Social & Environmental Sustainability*. [Hereinafter 'IFC 2006 PS5.'] Available at: https://goo.gl/EUZpjc.
[63] IFC 2006 PS5, pp. 21-22, paras. 18 and 20.
[64] IFC 2006 PS5, p.18, para. 1.
[65] IFC 2006 PS5, pp. 21-22, para. 20.
[66] IFC 2006 PS5, p. 21, para. 20.
[67] Seasonal fishers and their families live on Tragadi bunder for up to 8-9 months each year and rely on natural resources for their livelihoods; see CAO 2013 Audit of CGPL, p. 10.

CAOના 2013 કમ્પલાયન્સ ઓડિટમાં જણાયું કે, ત્રગડી અને કોટડી બંદરો અને પરંપરાગત ઍક્સેસ રસ્તાઓ પરની વસાહતોને પ્રોજેક્ટ જમીન સંપાદન અને પુનર્વસન અસર મૂલ્યાંકન તેમજ નિવારક પગલાઓના આયોજનમાંથી બાકાત રાખવામાં આવી હતી, જે IFC સસ્ટેનેબિલિટી નીતિની જરૂરિયાતો સાથે સુસંગત નહોતું. ઓડિટમાં IFCના પૂર્વ-રોકાણ E&S ડ્યુ ડિલિજન્સમાં વિવિધ ક્ષતિઓ ઓળખાઇ. IFCના E&S મૂલ્યાંકન સમયે પ્રોજેક્ટની અસરોના અભ્યાસોમાં ફરિયાદી માછીમારી સમુદાયોની આજીવિકા પર કોઈ ડેટા નોંધવામાં આવ્યો નહોતો. પ્રોજેક્ટ બેઝલાઇન અભ્યાસો અને ઇમ્પેક્ટ અસેસમેન્ટમાં વિસ્તારનો ઉપયોગ કરતા લોકોને રસ્તાઓના ઍક્સેસ ગુમાવવા, વસાહતો માટે વિસ્તાર ગુમાવવા, સામાન્ય જમીનોનું નુકસાન અને કુદરતી સંસાધન ઉપલબ્ધતામાં પ્રોજેક્ટ-સંબંધિત ફેરફારોની સંભાવનાને ધ્યાનમાં લેવામાં આવી ન હતી. પરિણામે, CAOએ તારણ કાઢ્યું કે IFC સ્થાનિક માછીમારી સમુદાયો અને આ બંદરોના પરંપરાગત વપરાશકર્તાઓના સંબંધમાં PS5નો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ ગયું. વધુમાં, ઓડિટમાં જાણવા મળ્યું કે IFC પાસે પ્રોજેક્ટ-અસરગ્રસ્ત માછીમાર લોકો માટે ક્લાયન્ટ દ્વારા આજીવિકા વિકાસ પહેલની પર્યાપ્તતાનું મૂલ્યાંકન કરવા માટે માળખાનો અભાવ હતો.[68]

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-2015

2013માં, ક્લાયન્ટે CAOને રિપોર્ટ આપ્યો હતો કે માછીમારોની આજીવિકા પર પ્રોજેક્ટની કોઈ પ્રતિકૂળ અસર દેખાઇ નથી.[69] CGPLએ વર્ણવ્યું હતું કે તેની સામાન્ય CSR જરૂરિયાતોના ભાગ રૂપે, ત્રગડી બંદર પર આજીવિકા વધારવાની પહેલો કેવી રીતે અમલમાં મૂકી હતી, જેમાં માછલી ઉછેર પ્રારંભિક પ્રોજેક્ટ, પીવાના પાણીની જોગવાઈ, માછીમારી માટે જાળની ખરીદી, તબીબી શિબિરો, શાળાના શિક્ષક માટે સહાય અને મોબાઇલ શૌચાલયનો સમાવેશ થાય છે.[70]

CAOએ આ પ્રયાસો અને નજીકના ગામડાઓ પર સામાજિક-આર્થિક અસરોનું મૂલ્યાંકન કરવા માટે ક્લાયન્ટના પગલાંને સ્વીકાર્યા હતા પરંતુ 2015ના મોનિટરિંગ રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે, IFC એ PS5-સંબંધિત ઓડિટ તારણો પર્યાપ્ત રીતે સંબોધિત કર્યા નથી. રિપોર્ટમાં યોગ્ય બેઝલાઇન ડેટા દ્વારા સમર્થિત માછીમારી સમુદાયો પરની અસરોના મજબૂત અને સહભાગી મૂલ્યાંકનની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી IFCને સમર્થન મળે કે પ્રોજેક્ટ બાંધકામને કારણે બંદર પરના કોઈપણ ઘરો વિસ્થાપિત થયા નથી.

---

[68] CAO 2013 Audit of CGPL, pp. 36-39.

[69] The client shared an impact assessment study with CAO, which the client interprets as evidence that the project involves no adverse impacts on the livelihoods of fisher people. Refer to: Tata Consulting Engineers. 2013. *Final Environment Impact Assessment Report for Proposed Expansion of CGPL.* CGPL Environmental Impact Assessment for Proposed Expansion of CGPL (December 2013). Annex XXIX. p. 513.

[70] CGPL. 2014. *Turning the Tide: Molding the Lives of Fishermen on the Coastal Belt of Kutch, Gujarat.* The ADB's Compliance Review Panel report noted in 2015 that access restrictions on people residing at Tragadi bunder had caused additional time travel costs through the use of a new, 3.8km longer, access road. Under the project's remedial action plan for ADB, CGPL agreed to compensate residents of Tragadi bunder through additional service provisions (supply of drinking water and health and education services) during the nine months a year they fish and reside at the bunder. See: ABD. 2015. *ADB Report on Access Restrictions to Fishing Grounds, August 2015, IND: Mundra Ultra Mega Power Project*. Available at https://www.adb.org/sites/default/files/project-documents/41946/41946-014-escar-en.pdf; ADB. 2015. *Proposed Remedial Action Plan: India: Mundra Ultra Mega Power Project*. Available at: https://goo.gl/YKwfrW; Also refer to ADB Compliance Review Panel (CRP). 2018. *Third Annual Monitoring Report to the Board of Directors on the Implementation of Remedial Actions for the Mundra Ultra Mega Power Project in India (Asian Development Bank Loan 2419)*, p. 11 (para. 31). [Hereinafter 'CRP 2018 Third Annual Monitoring Report for the Mundra UMPP.'] Available at: https://bit.ly/45ghrD0.

CAOએ વધુમાં નોંધ્યું હતું કે, સમય જતાં, વિશ્વસનીય બેઝલાઇન ડેટાનો ઉપયોગ કરીને ફરિયાદીઓ પર પ્રોજેક્ટની અસરોનું મૂલ્યાંકન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાની IFCની ક્ષમતામાં ઘટાડો થયો છે, જેનાથી PS5ની અરજી નબળી પડી છે.[71]

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015-2017

CAOના 2017ના મોનિટરિંગ રિપોર્ટની તૈયારી દરમિયાન, IFC એ જાળવી રાખ્યું કે પ્રોજેક્ટથી માછીમારી સમુદાયોને ભૌતિક કે આર્થિક રીતે વિસ્થાપિત કરવામાં આવ્યા હોવાના કોઈ પુરાવા નથી. તે મુજબ, IFC એ નક્કી કર્યું કે આ પ્રોજેક્ટ પર PS5 લાગુ પડતો નથી. IFCએ નોંધ્યું કે, 2013ના એક્શન પ્લાન યોજના અંતર્ગત તેના ક્લાયન્ટે થર્ડ પાર્ટી નિષ્ણાંતોને માછલી પકડવા તેમજ માછીમારોની આજીવિકા પર ડેટા એકત્રિત કરવા અને આ ડેટાનું કામચલાઉ વિશ્લેષણ કરવા માટે કામગીરી સોંપી હતી.[72] IFC અને ક્લાયન્ટે CAOને રિપોર્ટ આપ્યો કે આ અભ્યાસના તારણો દર્શાવે છે કે પ્રોજેક્ટના પરિણામે માછીમારીની આજીવિકા પર કોઈ નોંધપાત્ર પ્રતિકૂળ અસરો થઈ નથી. તેમણે *ઓળખાયેલા પગડિયા માછીમારો માટે 2017ની આજીવિકા સુધારણા પ્લાન* તરફ પણ ધ્યાન દોર્યું, જે આ માછીમારો પર પ્રોજેક્ટની અસરો સંબંધિત ડેટા અને વિશ્લેષણમાં જે અંતર જણાયું તે ઘટાડવાના પ્રયાસ તરીકે હતી. આ પ્લાન ત્રગડી અને મોઢવા ગામો અને ત્રગડી બંદરના લાભાર્થી માછીમાર લોકોને ઓળખવા માટે પદ્ધતિસરના આધારને વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કરે છે[73] અને આજીવિકા સૂચકાંકોના નિરીક્ષણને ટેકો આપવા માટે ઓળખાયેલા લોકોની મૂળભૂત સામાજિક-આર્થિક માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરે છે.[74]

IFCએ 2017માં જાળવી રાખ્યું હતું કે પ્રોજેક્ટથી માછીમારીની આજીવિકા પર કોઈ પ્રતિકૂળ અસર પડી નથી, IFCએ રિપોર્ટ કર્યું હતું કે તેના ક્લાયન્ટ CSR પહેલ દ્વારા સ્થાનિક આજીવિકા સુધારણામાં ફાળો આપે છે, જેમાંથી કેટલાક પ્રોજેક્ટને આપવામાં આવેલી પર્યાવરણીય મંજૂરીઓ અંતર્ગત ભારત સરકાર દ્વારા ફરજિયાત છે.[75] IFCના વલણને સમર્થન આપતા નવા સામાજિક મૂલ્યાંકનની ગેરહાજરીમાં, CAOએ આ મુદ્દાને દેખરેખ માટે ખુલ્લો રાખ્યો, ભાર મૂક્યો કે ટકાઉપણાની નીતિનું પાલન કરવા માટે IFCને કોટડી અને ત્રગડી બંદરો પરની વસતી માટે PS5ના ઉપયોગનું "પર્યાપ્ત, સચોટ અને ઉદ્દેશ્ય" મૂલ્યાંકન "લાયક અને અનુભવી વ્યક્તિઓ દ્વારા તૈયાર" કરવાની ખાતરી કરવી જરૂરી છે.[76]

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: જમીન વિસ્થાપન પરના તારણો

આ સમયગાળા દરમિયાન, CGPLએ તેની વેબસાઇટ પર ત્રગડી અને મોઢવા ગામોમાં માછીમારી સમુદાયોને પ્રોજેક્ટ સહાય વિશેની માહિતી પ્રકાશિત કરી.[77]

---

[71] CAO 2015 CGPL Monitoring Report, pp.15-16.

[72] Data on fish catch was collected by the consultancy Aakar Empowerment Pvt Ltd. between October 2013 and April 2014. In September 2014, Aakar produced an informal report for the client, entitled *Impact of CGPL project on habitation, life, and livelihoods of fisherfolk at Tragadi bunder* summarizing data collection methodologies and providing analysis and conclusions. Further analysis of these and other data was undertaken by the consultancy Environmental Resources Management and published in the ERM 2016 Socio-Economic Assessment; p.100.

[73] Swadeep 2017 Livelihood Improvement Plan, section 3.5.

[74] Swadeep 2017 Livelihood Improvement Plan, section 4.2.(k).

[75] Project clearances and other regulatory documents are available on the Tata Power website, available at: https://web.archive.org/web/20171031065255/https://www.tatapower.com/sustainability/compliance.aspx

[76] CAO 2017 Second Monitoring Report CGPL, p.9.

[77] Tata Power, "Community Development Initiatives" *CGPL Mundra;* available at: https://web.archive.org/web/20181205180105/https://www.tatapower.com/businesses/cgpl-mundra/csr.aspx

જ્યારે CAOએ માન્યતા આપી હતી કે IFCએ 2013ના એક્શન પ્લાન અંતર્ગત સામાજિક-આર્થિક અસરોનું મૂલ્યાંકન કરવા માટે તેના ક્લાયન્ટ સાથે કામ કર્યું હતું, ત્યારે તેને આ પ્રયાસો PS5 જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અપૂરતા લાગ્યા.[78] 2015 અને 2017ના મોનિટરીંગ રિપોર્ટ અનુસાર અને વધારાની માહિતીની ગેરહાજરીમાં, CAO તારણ કાઢે છે કે IFCના 2013ના એક્શન પ્લાન અંતર્ગતની પ્રવૃત્તિઓ પ્રોજેક્ટ બાંધકામ પહેલાં ફરિયાદી માછીમારી સમુદાયોને PS5 લાગુ પાડવા માટે જરૂરી મૂળભૂત માહિતી અને નિષ્ણાંત મૂલ્યાંકનના અભાવને સંબોધતી નથી.

ખાસ કરીને, ક્લાયન્ટના સામાજિક-આર્થિક અને માછલી પકડવાના અભ્યાસો, ત્રગડી અને કોટડી બંદરો પર માછીમારીથી તેમની આજીવિકા મેળવતા પરિવારો પર પ્રોજેક્ટ-સંબંધિત સામાજિક અને આર્થિક અસરોની સંભાવના નક્કી કરવા માટે અપૂરતા છે. આ અભ્યાસો વ્યાપક સામાજિક મૂલ્યાંકન અને ફેરફારોના વલણનું વિશ્લેષણ છે અને અસર ક્ષેત્રની સ્પષ્ટ વ્યાખ્યા અથવા IFC પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ અથવા અન્ય લાગુ પડતી અસરોની મૂલ્યાંકન આવશ્યકતાઓનો કોઈ સંદર્ભ નથી. તેવી જ રીતે, CAOને જણાયું છે કે પ્રોજેક્ટના સામાજિક-આર્થિક અભ્યાસ અને આજીવિકા પુનઃસ્થાપન આયોજન CGPL-01 અને CGPL-02માં રજૂ કરાયેલ પ્રોજેક્ટ પહેલા માછીમારી પરિવારોની આજીવિકા પર સંભવિત પ્રોજેક્ટ અસરોને અપૂરતી રીતે ઓળખે છે, મૂલ્યાંકન કરે છે અને ઘટાડે છે.[79] CAO એ પણ શોધી કાઢ્યું છે કે, આ અભ્યાસો ફરિયાદીઓની આર્થિક વિસ્થાપન અને આજીવિકા પર પ્રતિકૂળ અસરો માટેની વ્યાપક ચિંતાઓને સંબોધવામાં નિષ્ફળ જાય છે.[80]

CAOએ તારણ કાઢ્યું છે કે, 2017-2018 દરમિયાન IFC દ્વારા લેવામાં આવેલા પગલાં 2013ના નોન-કમ્પલાયન્સ તારણોને સંપૂર્ણપણે સંબોધતા નથી.

CAOએ બાબતે ચિંતિત છે કે IFC અને ક્લાયન્ટ દ્વારા એક્શન પ્લાન અંતર્ગત લેવામાં આવેલા પગલાંથી ફરિયાદી સમુદાયો પર PS5ની જરૂરિયાતો સાથે સુસંગત પ્રોજેક્ટની સંભવિત અસરોની પર્યાપ્ત ઓળખ અને મૂલ્યાંકન પ્રાપ્ત થયું નથી.

વધારાના અવલોકનો

CAOની માર્ચ 2025ની ફિલ્ડ વિઝિટમાં જાણવા મળ્યું કે, ફરિયાદીઓની સામાજિક-આર્થિક સ્થિતિ સંભવતઃ કથળી છે, માછલી પકડવાની માત્રા અને ગુણવત્તામાં ઘટાડો થયો છે, ભૂગર્ભજળમાં ખારાશનું સ્તર વધ્યું છે, આઉટફોલ નજીક ધોવાણને કારણે રહેવા યોગ્ય જમીનનું નુકસાન થયું છે અને હવાની ગુણવત્તા નબળી પડી છે.

[78] ADB reported that CGPL had discontinued services to Tragadi bunder residents since August 2017, including the supply of potable water, periodic health camps, and other community services. ADB's Compliance Review Panel found this service disruption noncompliant with ADB's remedial action plan requirements for compensating Tragadi bunder residents for project-related impacts caused by access restriction. CRP 2018 Third Annual Monitoring Report for the Mundra UMPP, pp. 11-12.

[79] ERM 2016 Socio-Economic Assessment; and Swadeep 2017 Livelihood Improvement Plan.

[80] CRP's third annual monitoring report in 2018 also concluded that the Livelihood Improvement Program devised for the 24 pagadiyas was flawed in that: (i) it most likely did not consider the full impact of loss of livelihood due to increased temperature at the wastewater discharge point and impacts of the thermal plume; (ii) the grievance mechanism for the pagadiyas was not properly disseminated; and (iii) preparation and implementation of a robust medium-term livelihood support program was still needed. CRP 2018 Third Annual Monitoring Report for the Mundra UMPP, paras 23-27.

૨.૪ ફરિયાદનો મુદ્દો: હવાની ગુણવત્તા

CGPL-01 ફરિયાદમાં કોલસાની રાખ અને અન્ય વાયુ પ્રદૂષણથી માછલીની સૂકવણી અને જાહેર આરોગ્ય પર થતી અસર અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, જેમાં રેડિયેક્ટિવ કોલસાની રાખના સંભવિત સંપર્કનો સમાવેશ થાય છે. નીચે આપેલ વિશ્લેષણ પ્લાન્ટને લગતા હવાની ગુણવત્તા ત્રણ મુદ્દાઓને આવરી લે છે: આસપાસની હવા ગુણવત્તા(વિભાગ 2.4.1), સ્ટેક એમિશન(વિભાગ 2.4.2), અને કોલસાની રાખની રેડિયોએક્ટિવિટી(વિભાગ 2.4.3).

સંબંધિત IFC પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સ

IFCના પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 3(પ્રદૂષણ નિવારણ અને ઘટાડો) એ સ્વીકારે છે કે, વધતી ઔદ્યોગિક પ્રવૃત્તિ મોટેભાગે હવા, પાણી અને જમીન પ્રદૂષણમાં વધારો કરે છે જે લોકો અને પર્યાવરણને જોખમમાં મૂકી શકે છે.[81] હાલની આસપાસની પરિસ્થિતિઓ પર પ્રતિકૂળ પ્રોજેક્ટ અસરોને સંબોધવા માટે, PS3 અંતર્ગત એ જરૂરી છે કે IFC ક્લાયન્ટ્સ પર્યાવરણની મર્યાદિત ક્ષમતા, હાલનો અને ભવિષ્યનો જમીનનો ઉપયોગ, હાલની આસપાસની પરિસ્થિતિઓ, પર્યાવરણીય રીતે સંવેદનશીલ અથવા સંરક્ષિત વિસ્તારોની પ્રોજેક્ટની નિકટતા અને અનિશ્ચિત તેમજ બદલી ન શકાય તેવા પરિણામો સાથે ઉત્તરોઉત્તર વધતી અસરોની સંભાવનાને ધ્યાનમાં લે.[82] ક્લાયન્ટે એવી વ્યૂહરચનાઓને પણ પ્રોત્સાહન આપવું જોઈએ જે પ્રતિકૂળ અસરોને ટાળે છે, જ્યાં ટાળવું શક્ય નથી, ત્યાં પ્રદૂષકો ઘટાડે છે. જ્યારે પ્રોજેક્ટમાં પહેલાથી જ અધોગતિ પામેલા વિસ્તારમાં ઉત્સર્જનનો નોંધપાત્ર સ્રોત બનવાની ક્ષમતા હોય છે, ત્યારે ક્લાયન્ટ્સે એવી વ્યૂહરચનાઓને પ્રોત્સાહન આપવું જોઈએ જે આસપાસની પરિસ્થિતિઓને સુધારવામાં મદદ કરે.[83]

સંબંધિત કામગીરીના પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સને પૂર્ણ કરવા ઉપરાંત, IFC અને CGPLના 2007ના પર્યાવરણ અને સામાજિક એક્શન પ્લાનમાં(ESAP)[84] જણાવાયું છે કે પ્લાન્ટ વિશ્વ બેંક જૂથના પ્રદૂષણ નિવારણ અને ઘટાડા હેન્ડબુક: નવા પ્લાન્ટ્સ માટે થર્મલ પાવર માર્ગદર્શિકા(1998) અને સામાન્ય પર્યાવરણીય આરોગ્ય અને સલામતી(EHS) માર્ગદર્શિકા(2007)નું પાલન કરશે.[85]

[81] IFC. 2006. "Performance Standard 3: Pollution Prevention and Abatement," p. 11, para. 1. *Performance Standards on Social & Environmental Sustainability*. [Hereinafter 'IFC 2006 PS3'] Available at: https://www.ifc.org/content/dam/ifc/doc/2000/2006-ifc-performance-standard-3-en.pdf.

[82] Assimilative capacity refers to the capacity of the environment for absorbing an incremental load of pollutants while remaining below a threshold of unacceptable risk to human health and the environment.

[83] IFC 2006 PS3, p. 13, para. 9.

[84] IFC and CGPL. 2007. *Environmental and Social Action Plan - Coastal Gujarat Power Limited, Tata Ultra Mega Project # 25797* (November 2007). The 2007 version of this document is no longer available through the IFC website; refer to: IFC and CGPL 2018 Management and Monitoring Plan.

[85] IFC's *General Environmental Health and Safety (EHS) Guidelines* are available at: https://www.ifc.org/en/insights-reports/2000/general-environmental-health-and-safety-guidelines. The 2007 *General EHS Guidelines* section on air quality is available at: https://www.ifc.org/content/dam/ifc/doc/2000/2007-general-ehs-guidelines-en.pdf; World Bank Group. 1998. "Thermal Power: Guidelines for New Plants," *Pollution Prevention and Abatement Handbook* [Effective July 1998], pp. 416-419. [hereinafter "World Bank Group's 1998 Thermal Power Guidelines"] Available at: https://www.ifc.org/content/dam/ifc/doc/1990/thermnew-ppah.pdf.

CAO નોન-કમ્પલાયન્સના તારણો અને IFCનો પ્રતિભાવ

CAOના 2013ના ઓડિટમાં જાણવા મળ્યું કે IFC ના રોકાણ પહેલાના E&S ડ્યુ ડિલિજન્સે પ્રોજેક્ટ-સંબંધિત વિકાસ દ્વારા સંભવિત રીતે પ્રભાવિત ક્ષેત્રો પર અપૂરતું ધ્યાન આપ્યું હતું, જે E&S મૂલ્યાંકન સમયે વાસ્તવિક રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા. આનાથી IFC દ્વારા CGPLની જવાબદારીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું કે તેઓ વિશ્વ બેંક જૂથના 1998ના થર્મલ પાવર માર્ગદર્શિકા અંતર્ગત પાર્ટિક્યુલેટ મેટર(PM) અને સલ્ફર ડાયોક્સાઇડ(SO2) માટે કોઈ ચોખ્ખા વધારાની જોગવાઈઓનું પાલન કરે. CAOએ પણ તારણ કાઢ્યું કે, IFC એ ખાતરી કરવામાં નિષ્ફળ ગયું કે ક્લાયન્ટે પાર્ટિક્યુલેટ મેટરના કુલ ઉત્સર્જનમાં "કોઈ ચોખ્ખો વધારો નહીં" પ્રાપ્ત કરવા માટે ઓફસેટ્સનું અન્વેષણ કર્યું કે નહી, આસપાસના SO2 અને નાઇટ્રોજન ઓક્સાઇડ સાંદ્રતા મધ્યમ રીતે ડિગ્રેડેડ એરશેડ્સ માટે માર્ગદર્શિકા દ્વારા નિર્દિષ્ટ સ્તરોની અંદર છે.[86]

IFCના 2013ના એક્શન પ્લાનમાં હવાની ગુણવત્તા પર CAOના તારણોનો જવાબ નીચેની પ્રતિબદ્ધતાઓ સાથે આપવામાં આવ્યો હતો: [87]

- મોસમી નિવાસી માછીમારી સમુદાયો દ્વારા ઉપયોગમાં લેવાતા માછલી સૂકવવાના વિસ્તારો તેમજ પ્લાન્ટની આસપાસના ગામડાઓ સહિત, આસપાસની હવાની ગુણવત્તાનું સતત નિરીક્ષણ.
- આસપાસનાં સમુદાયોમાં કોલસા અને રાખની રજકણોનું મૂલ્યાંકન કરવા માટે એક નિરીક્ષણ કાર્યક્રમ સ્થાપિત કરવો.
- રાખ અને કોલસાની રજકણોના દૂષણનું મૂલ્યાંકન કરવા માટે સૂકી માછલીના નમૂનાઓનું પ્રયોગશાળા વિશ્લેષણ કરવું.
- રેડિયોએક્ટિવિટી અને ભારે ધાતુઓ માટે રાખના અવશેષોનું પરીક્ષણ.
- બેઝલાઇનથી નોંધપાત્ર રીતે બદલાયેલા પસંદ કરેલા પરિમાણોનું નિરીક્ષણ કરવું.

ફરિયાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા હવાની ગુણવત્તાના મુદ્દાઓને સંબોધવા માટે IFCના પ્રયાસો સંબંધિત CAO દેખરેખના ચોક્કસ ક્ષેત્રોના નીચેના પેટા વિભાગો આવરી લે છે.

2.4.1 આસપાસની હવાની ગુણવત્તા

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-2015

આ સમયગાળા દરમિયાન, ક્લાયન્ટે કોલસા આધારિત પાવર પ્લાન્ટમાં પ્રસ્તાવિત ઉત્પાદન ક્ષમતા વિસ્તરણ માટે પર્યાવરણીય અસર મૂલ્યાંકન(EIA) રિપોર્ટ તૈયાર કર્યો.[88]

[86] The World Bank Group will classify airsheds as moderately degraded if concentration levels are above 100 µg/m^3 annual average or if the 98th percentile of 24-hour mean values over a period of one year is estimated to exceed 150 µg/m^3 of nitrogen oxides. The Mundra UMPP does not appear to have data measurements adequate for making this determination. *Refer to*: World Bank. 1999. *Pollution Prevention and Abatement Handbook* [Effective July 1998], p. 226. Available at: https://www.ifc.org/en/insights-reports/1990/publications-handbook-ppah--wci--1319577543003.

[87] IFC 2013 Action Plan, pp. 1-2.

[88] TCE 2013 EIA – Capacity Expansion. The executive summary from a draft version of the expansion EIA study is available on the GPCB website at: https://web.archive.org/web/20181205175846/https://gpcb.gov.in/pdf/COSTAL_GUJ_POWER_EXE_SUMM_ENG.PDF TCE. 2013. Executive Summary, Draft EIA – Capacity Expansion (April 2013). [Hereinafter 'TCE 2013 *Executive Summary, Draft EIA – Capacity Expansion.*'] Note: During CAO's second monitoring period (2015-2017), the client informed CAO that the planned production capacity expansion had been postponed indefinitely.

આ 2013 EIAમાં પ્રોજેક્ટ સાઇટની આસપાસની હવામાં PM10ની હાલની સાંદ્રતાનો રિપોર્ટ આપ્યો હતો, જે વિશ્વ બેંક જૂથના 1998 થર્મલ પાવર માર્ગદર્શિકામાં વ્યાખ્યાયિત મધ્યમ ડિગ્રેડેડ એરશેડ માટેની મર્યાદાથી વધુ હતું. આ અતિરેક માટે CGPL દ્વારા ઓફસેટ પ્રવૃત્તિઓની જરૂર હતી જેથી ખાતરી કરી શકાય કે: (a) એરશેડની અંદર રજકણો અથવા સલ્ફર ડાયોક્સાઇડના કુલ ઉત્સર્જનમાં કોઈ ચોખ્ખો વધારો થયો નથી; અને (b) નાઇટ્રોજન ઓક્સાઇડની પરિણામે આસપાસની સાંદ્રતા મધ્યમ ડિગ્રેડેડ એરશેડ માટે નિર્દિષ્ટ સ્તરો કરતાં વધુ ન હોય.[89] IFC એ દસ્તાવેજો પણ પૂરા પાડ્યા હતા કે પ્લાન્ટની અંદર અને બહાર પરીક્ષણ સ્થળોએ 12 પ્રદૂષકોનું નિરીક્ષણ કરવામાં આવી હતું.[90] IFC એ નોંધ્યું કે, ક્લાયન્ટ એક વર્ષ માટે માસિક ધોરણે ત્રગડી બંદર પર આસપાસની હવાની ગુણવત્તાનું નિરીક્ષણ કરશે, ત્યારબાદ મોનિટરિંગ મોસમી રીતે કરશે.

CAOના 2015ના મોનિટરિંગ રિપોર્ટમાં ભારતના નેશનલ એમ્બિયન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ ફોર PM10 ધોરણોનું પાલન ન કરવાના પ્રોજેક્ટના કિસ્સાઓ પણ નોંધાયા હતા.[91]

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015-2017

IFCએ જાન્યુઆરી અને નવેમ્બર 2015 વચ્ચે ત્રગડી બંદર પર લીધેલ એમ્બિયન્ટ એર સેમ્પલિંગ ડેટા પૂરા પાડ્યા અને તારણ કાઢ્યું કે સ્થાનિક એમ્બિયન્ટ એર ક્વોલિટીની સ્થિતિને PM10 અને PM2.5 માટે નોન-ડિગ્રેડેડ તરીકે વર્ગીકૃત કરી શકાય.[92] સમુદાયની ચિંતાઓના જવાબમાં, CGPLએ નવેમ્બર 2014 અને જૂન 2015 વચ્ચે આસપાસના સમુદાયોમાં છ સ્થળોએ જમા થયેલ સેપટ(ધૂળ)નું મૂલ્યાંકન કર્યું.[93] ક્લાયન્ટે અભ્યાસમાં જાણ્યું કે ઉદ્યોગ, જમીન, કોલસો અને તેલ બાળવા, બાંધકામ પ્રવૃત્તિઓ, મોટર વાહનો અને રસ્તાની ધૂળ સહિત વિવિધ સ્રોતોમાંથી નીકળતી ધૂળ, અને બારીઓ, કાર અને ઘરો પર જમા થતી ધૂળ પ્રોજેક્ટ કામગીરીને કારણે નહોતી. CAOના 2015ના મોનિટરિંગ રિપોર્ટમાં નોંધ્યું હતું કે, IFC પાસે રાખના કણોના ફેલાવા અને જમા થવાના પર્યાવરણીય અને આરોગ્ય પરની અસરો અંગેની દેખરેખની જાણ કરવા માટેની માહિતીનો અભાવ હતો.[94]

તૃતીય દેખરેખ સમયગાળો: 2017 - 2018

આ સમયગાળા દરમિયાન, CAOને જાણવા મળ્યું કે પ્લાન્ટના પ્રથમ જનરેટર યુનિટના કાર્યરત થયાના ચાર વર્ષ પછી, ક્લાયન્ટે 2016માં 'બેઝલાઇન' આરોગ્ય પ્રોફાઇલ તૈયાર કરી હતી.[95]

---

[89] TCE 2013 *EIA – Capacity Expansion,* p. 46-47. *Also:* World Bank Group. 1998. "Thermal Power: Guidelines for New Plants," *Pollution Prevention and Abatement Handbook* [Effective July 1998], pp. 416-419. Available at: https://www.ifc.org/content/dam/ifc/doc/mgrt/ppah.pdf, p. 417.

[90] The Tata Power website hosted a sample of these data, collected at Tragadi bunder by CEG Test House, for September 2014 through October 2015. CEG Test House. 2015. *Environmental Monitoring Report for M/S Coastal Gujarat Power Limited (A Tata Power Company) 4150 MW (5X830MW) Thermal Power Plant, Mundra, Gujarat. Location: Tragadi Bunder (2014-2015).* Available at: https://web.archive.org/web/20220120142411/https://www.tatapower.com/pdf/cgpl-mundra/air-report-tragadi-bunder-2014-15.pdf. Pollutant test samples included: PM_{10}, $PM_{2.5}$ NO_2, SO_2, O_3, NH_3, Pb, CO, C5H5, BaP, As, Ni.

[91] CAO 2015 CGPL-01 Monitoring Report*,* para. 42, p. 17.

[92] CAO 2017 CGPL-01 Second Monitoring Report, pp. 9-10.

[93] CEG Test House. 2016. *Comprehensive Report of Dust Fall Measurement for M/S Coastal Gujarat Power Limited (A Tata Power Company) 4150 MW (5X830MW) Thermal Power Plant, Mundra, Gujarat (November 2104 – June 2015)*. Available at: https://web.archive.org/web/20211206083123/https://www.tatapower.com/pdf/cgpl-mundra/dustfall-report-oct2014-jun2015.pdf.

[94] CAO 2015 CGPL-01 Monitoring Report

[95] TALEEM 2016 Baseline Health Study – Air Quality. While dated 2016, IFC did not file a copy of this report in its internal record-keeping system. CAO therefore was unable to consider this study during the 2015-2017 monitoring period. For the current monitoring period, CAO obtained its copy firstly from the ADB website in November 2017: https://goo.gl/bveRcz. Tata Power subsequently uploaded a copy to its website for public disclosure.

આ અભ્યાસમાં આરોગ્ય સૂચકાંકો એકત્રિત કરી વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોમાં અસ્થમાના કિસ્સાઓ અને પુખ્ત વયના લોકોમાં શ્વસન સમસ્યાઓનો વ્યાપ જેવી માનવ સ્વાસ્થ્ય પર સંભવિત હવા ગુણવત્તાની અસરોનો સમાવેશ થાય છે. 2018માં, CGPLએ CAOને રિપોર્ટ આપ્યો કે તે પ્રોજેક્ટથી સંભવિત વાયુ પ્રદૂષણ ઘટાડવા માટેના પગલાંનું અમલીકરણ ચાલુ રાખે છે. પ્રયાસોમાં પ્લાન્ટની કોલસા કન્વેયર સિસ્ટમને અપગ્રેડ કરીને ધૂળ ઘટાડવા, કોલસાના ઢગલા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(GPCB) દ્વારા નિર્ધારિત મહત્તમ 5 મીટર ઊંચાઈથી નીચે રાખવાની ખાતરી કરવી અને વિન્ડ ગાર્ડ્સ જાળવવાનો સમાવેશ થાય છે.[96] ફ્લાય એશ બાબતે, પ્લાન્ટે ધૂળને યોગ્ય રીતે દબાબવાનું સુનિશ્ચિત કરવા માટે 40 સ્પ્રેયર સાથે વોટર સ્પ્રિંકલર સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. પ્લાન્ટ ઓપરેટરે મુન્દ્રા UMPP ગેટ્સની બહાર ડિજિટલ સાઇનબોર્ડનો ઉપયોગ કરીને આજુબાજુના સમુદાયોને આસપાસની હવા ગુણવત્તાની માહિતી જાહેરમાં ડિસ્પ્લે કરવાનો અહેવાલ આપ્યો હતો.[97] CGPLએ CAOને જાણ કરી કે, સમુદાયના સભ્યોએ કોલસા કન્વેયર સિસ્ટમના અપગ્રેડ અને પાણી છાંટવાના સ્પ્રેયર્સનાં ઇન્સ્ટોલેશનથી સંતોષ વ્યક્ત કર્યો છે.

આસપાસની હવાની ગુણવત્તા અંગે, એપ્રિલ 2016થી માર્ચ 2017 માટે ADBને આપવામાં આવેલ ક્લાયન્ટની વાર્ષિક E&S કામગીરીના રિપોર્ટમાં પ્રોજેક્ટ સાઇટની અંદર અને આસપાસના પરીક્ષણ સ્થળોએ તેમજ આજુબાજુના(પાડોશી) સમુદાયોમાં PM10 માટે રાષ્ટ્રીય આસપાસની હવા ગુણવત્તા ધોરણોની (NAAQS) મર્યાદાઓનું વારંવાર ઉલ્લંઘન દર્શાવવામાં આવ્યું હતું.[98] ક્લાયન્ટે ૭ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય(MoEF&CC)નાં કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા, WBGના ૧૯૯૮ના થર્મલ પાવર માર્ગદર્શિકા કરતા વધુ કડક એમ્બિયન્ટ એર ક્વોલિટી ધોરણો જાહેર કરવામાં આવ્યા. વધુમાં, CGPLએ જણાવ્યું હતું કે MoEF&CC દ્વારા જાહેર કરાયેલ નવું સૂચન ૭ ડિસેમ્બર, ૨૦૧૭, પછી અમલમાં આવશે[99] અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને MoEF&CCને જણાવવામાં આવેલ કે તે નવા ધોરણોનું પાલન કરવાનું આયોજન ધરાવે છે.[100]

જાન્યુઆરી ૨૦૧૮માં, ADB એ કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ પાવર પ્લાન્ટની આસપાસ એમ્બિયન્ટ એર ક્વોલિટી અને ઉત્સર્જનના વિશ્લેષણનો સારાંશ પ્રકાશિત કર્યો હતો જે મુન્દ્રા UMPPના ૧૦ કિ.મી. ત્રિજ્યા વિસ્તાર પર કેન્દ્રિત હતો. આ રિપોર્ટમાં અન્ય સ્ત્રોતો સાથે, હવાની ગુણવત્તા પર પ્રોજેક્ટની અસરની સંભાવનાને સ્વીકારવામાં આવી હતી.[101]

[96] Gujarat Pollution Control Board. 2013. *Guidelines for Coal Handling Units.* Available at: https://goo.gl/bFj6RB.
[97] This was confirmed during CAO's March 2025 site visit.
[98] Arcadis. 2017. *Environment & Social Performance Report: Annual Report (April 2016 to March 2017),* p. 51. Available at: https://www.adb.org/sites/default/files/project-documents/41946/41946-014-esmr-en.pdf [Hereinafter 'Arcadis 2017 Annual E&S Performance Report.'] Refer to: "Appendix 11: AAQ Monitoring Results – PM10." Applicable to CGPL during this period is a 2015 amendment to the *Environment Protection Rules, 1986* [amended by the Ministry of Environment, Forest and Climate Change on 7 December 2015]. Text of the amendment is available online at: https://cpcb.nic.in/displaypdf.php?id=SW5kdXN0cnktU3BlY2lmaWMtU3RhbmRhcmRzL0VmZmx1ZW50L1RQUC5wZGY%3D.

[99] For example: Arcadis. 2018. "Appendix 7: AAQ Monitoring Results – PM10 Graphical Representation of AAQ Monitoring Results," *Environment & Social Performance Report: Quarterly Report (July to September 2017),* section 3, p. 5 [13/51]. [Hereinafter 'Arcadis 2018 ESPR Quarterly (July-September).'] Available at: https://www.adb.org/sites/default/files/project-documents/41946/41946-014-esmr-en_2.pdf.
[100] Arcadis 2018 ESPR Quarterly (July-September), Appendix 7*, section 3 p. 5 [13/51].*
[101] CGPL. 2018 *Summary of Analysis of Ambient Air Quality and Emissions around Coastal Gujarat Power Limited Power Plant*. Available at: https://www.adb.org/sites/default/files/project-documents/41946/41946-014-emp-en_0.pdf Also refer to*:* CRP 2018 Third Annual Monitoring Report for the Mundra UMPP, p. 13. CRP noted that a summary of the Air Quality Study (Technical Study) was disclosed on the ADB website in March 2018 but not on the CGPL website.

એપ્રિલ 2018માં, CAOએ નીચેની વિનંતી કરી:

- ત્રિમાસિક(નવેમ્બર 2015 પછી) અને વાર્ષિક(2016પછી) આસપાસની હવાની ગુણવત્તાની દેખરેખનો ડેટા અને રિપોર્ટિંગ દસ્તાવેજો.
- પ્રોજેક્ટથી પ્રભાવિત ગામો અને ત્રગડી બંદર પર આસપાસની હવાની ગુણવત્તા દેખરેખ અને ધૂળ-વિપરિત અસરોની માપણીના તાજેતરના થર્ડ પાર્ટી રિપોર્ટની નકલો.
- વીજળી ન હોય અથવા અનિયમિત હોય તેવા બંદરો અને અન્ય સ્થળોએ PM10, PM2.5અને આસપાસની હવાની ગુણવત્તાનું નિરીક્ષણ કેવી રીતે કરવામાં આવ્યું તેની વિગતવાર પદ્ધતિ.
- સતત દેખરેખ માટે CGPLના સમયપત્રકની સ્પષ્ટતા.

વિનંતી કરાયેલા કોઈપણ દસ્તાવેજો CAOને પ્રાપ્ત થયા નથી.[102]

વધારાના અવલોકનો

CAOના 2025ના ફિલ્ડ મિશનમાં જોવા મળ્યું હતું કે, ગુજરાતના ઉત્તર દરિયાકાંઠાના પ્રદેશમાં, ખાસ કરીને કચ્છ જિલ્લા અને મુન્દ્રા તાલુકામાં, છેલ્લા 15 વર્ષોમાં ઝડપી ઔદ્યોગિકીકરણ થયું છે, જે મુખ્યત્વે તેના વ્યૂહાત્મક દરિયાકાંઠાના સ્થળ અને ભારત સરકાર દ્વારા 2001માં મુન્દ્રા પોર્ટ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન(MPSEZ)ની સ્થાપનાને કારણે છે. આ વિસ્તારમાં હવે લગભગ 40 ઔદ્યોગિક અને વાણિજ્યિક સુવિધાઓ છે, જેમાં બે મુખ્ય પાવર પ્લાન્ટ - 4,150 MW કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ(CGPL) અને 4,620 MW કોલસા આધારિત અદાણી પાવર પ્લાન્ટનો સમાવેશ થાય છે, જે બંને લગભગ 12 વર્ષથી કાર્યરત છે.

આ મિશનમાં પર્યાવરણીય ગુણવત્તામાં ઘટાડો, કૃષિ અને માછીમારી ઉત્પાદકતામાં ઘટાડો અને સામાજિક-આર્થિક પડકારો અંગે સમુદાયોની ચિંતાઓને સંબોધવા માટે પ્રદેશમાં ઉત્તરોઉત્તર વધતી અસરોનું અસરકારક વિશ્લેષણ હાથ ધરવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. સમુદાયો અને તેમના પ્રતિનિધિઓ દ્વારા ઉઠાવવામાં આવેલ એક મુખ્ય મુદ્દો એ હતો કે વિસ્તારમાં ઔદ્યોગિક કામગીરીની ઘનતા અને વિવિધતાને કારણે વ્યક્તિગત સુવિધાઓ પર ચોક્કસ પર્યાવરણીય અને આરોગ્ય અસરોને જવાબદાર ઠેરવવામાં મુશ્કેલી પડતી હતી.

2.4.2 સ્ટેક એમિશન્સ

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-2015

આ સમયગાળા દરમિયાન, ક્લાયન્ટ દ્વારા સ્ટેક એમિશન્સના નિરીક્ષણમાં વિશ્વ બેંક જૂથની આવશ્યકતાઓનું કમ્પલાયન્સ દર્શાવવામાં આવ્યું હતું, જેમાં PM10ના અપવાદ સિવાય, જે ત્રણ મહિનાના સમયગાળા માટે બે એકમ કરતાં વધુ હતું, અને SO_2 જે ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન એક એકમ કરતાં વધુ હતું.

[102] In 2018, an ADB air quality study showed an increase in PM_{10} concentrations in areas surrounding the Mundra UMPP of about +25% at the Tunda and Tragadi villages and +46% at Mota Kandagara over the previous 10 years (2006-2015). However, the study stated that the primary source for PM_{10} emissions was not attributable to Mundra UMPP. The ADB's Compliance Review Panel noted that during its third and final round of monitoring, it had only received air quality monitoring data from the client's public reports to ADB, which were in graphical format and could not be evaluated for compliance. The panel expressed concerns about data quality, sampling duration, calibration of equipment, and instrument downtime, and also noted the absence of field level observations and data sampling. CRP 2018 *Third Annual Monitoring Report for the Mundra UMPP*, pp. 13-14, p.37. ADB regularly discloses information about CGPL Mundra UMPP. Available online at: https://www.adb.org/projects/41946-014/main#project-documents.

CAOએ નોંધ્યું છે કે SO_2 એમિશન્સ પર વિશ્વ બેંકની 500 ટન પ્રતિ દિવસની એકંદર મર્યાદા સામે રિપોર્ટિંગ પૂરૂં પાડવામાં આવ્યું ન હતું. CAOએ સ્વીકાર્યું કે, IFC એક્શન પ્લાન અંતર્ગત હાથ ધરવામાં આવેલા દેખરેખ અને અભ્યાસોએ ઓડિટમાં ઓળખાયેલા ઘણી સારી પ્રેક્ટિસને સંબોધવાનું શરૂ કર્યું છે. જો કે, CAO એ પણ જાણ્યુ કે હવાની ગુણવત્તાના ડેટાની મર્યાદિત ઉપલબ્ધ માત્રાનો અર્થ એ હતો કે ચોક્કસ સ્થળોએ આસપાસની હવા ગુણવત્તાની આવશ્યકતાઓ પૂર્ણ થઈ રહી છે તેવા નિષ્કર્ષ પર પહોંચવું શક્ય નહોતું, અને તેથી આ બાબતને દેખરેખ માટે ખુલ્લી રાખી.[103]

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015 - 2017

આ સમયગાળા દરમિયાન, IFCએ સ્વીકાર્યું કે પાવર પ્રોજેક્ટ તેના સ્ટેક્સમાંથી ઉત્સર્જિત NOx માટે MoEF&CC ધોરણોનું સતત ઉલ્લંઘન કરી રહ્યો છે. 2016થી IFC દેખરેખમાં નોંધ્યું છે કે, ક્લાયન્ટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી NOx અને SOx મર્યાદામાંથી મુક્તિ માંગી હતી અને પ્રાપ્ત કરી હતી.[104].

તૃતીય દેખરેખ સમયગાળો: 2017 - 2018

2018માં, CGPLએ અહેવાલ આપ્યો હતો કે, પાવર પ્લાન્ટ ભારત સરકારની મર્યાદામાં અને SO2 અને NOx બંને માટે IFCની માર્ગદર્શિકામાં કાર્યરત હતો. ક્લાયન્ટે WBGની 1998 પ્રદૂષણ નિવારણ અને ઘટાડા હેન્ડબુક અંતર્ગત સ્થાપિત 2000 mg/Nm3ની માર્ગદર્શિકામાં SO2 ઉત્સર્જન અને NOx સ્તર સતત 300-400 mg/Nm વચ્ચે, IFC માર્ગદર્શિકા 750 mg/Nm3ની અંદર હોવાનું નોંધ્યું હતું.[105] ક્લાયન્ટે MoEF&CC અને IFC મર્યાદા 50 mg/m3 ની અંદર પ્લાન્ટના PM એમિશન્સનો પણ અહેવાલ આપ્યો હતો.[106] CAO તે નોંધે છે કે, જોકે IFCએ અગાઉ કહ્યું હતું કે તે તેના ક્લાયન્ટ માટે ડિગ્રેડેડ એરશેડમાં હવા ઉત્સર્જન પ્રદર્શન માટે વિશ્વ બેંક જૂથની આવશ્યકતાઓમાંથી મુક્તિ માંગશે,[107] દેખીતી રીતે આવી કોઈ મુક્તિ આપવામાં આવી ન હતી. તે મુજબ, એરશેડમાં કણો(PM) અથવા સલ્ફર ડાયોક્સાઇડના કુલ ઉત્સર્જનમાં કોઈ ચોખ્ખો વધારો ન થાય તેની ખાતરી કરવા માટે ઓફસેટ જોગવાઈઓ લાગુ કરવાની જરૂરિયાત પૂર્ણ થઈ નથી.[108] ક્લાયન્ટ PM ઉત્સર્જનને નિયંત્રિત કરવા માટે ઇલેક્ટ્રોસ્ટેટિક પ્રિસિપિટેટર્સ(ESPs)નો ઉપયોગ કરે છે, SO2ને નિયંત્રિત કરવા માટે પ્લાન્ટ ઇંધણમાં સલ્ફર સામગ્રીનું નિયમન કરે છે, અને NOx ઉત્સર્જન ઘટાડવા માટે પ્લાન્ટને ઓછા NOx બર્નરથી સજ્જ કરે છે. 2018માં, CGPLએ CAOને જાણ કરી કે સ્ટેક એમિશન્સનું નિરીક્ષણ થાય છે. સતત અને 2017-2018 દરમિયાન કોઈ અતિરેક જણાયો ન હતો.

---

[103] See CAO 2015 CGPL-01 Monitoring Report, pp.17-18.

[104] The 1998 Thermal Power Guidelines allow for exemptions from offset requirements for plants that achieve emissions levels of less than 400 mg/Nm^3 for sulfur oxides and nitrogen oxides. World Bank Group. 1998. “Thermal Power: Guidelines for New Plants,” *Pollution Prevention and Abatement Handbook* [Effective July 1998], p. 417. Available at: https://www.ifc.org/content/dam/ifc/doc/1990/thermnew-ppah.pdf. Also *refer to*: CAO 2017 CGPL-01 Second Monitoring Report, p. 10.

[105] CAO notes that the Government of India NAAQS adopted more stringent limits for sulfur dioxide, at 200 mg/Nm3 for units having capacity over 500MW; oxides of nitrogen are 300 mg/Nm3; particulate matter are 50 mg/Nm3. Refer to: Ministry of Environment, Forest and Climate Change, Government of India. 2015. *Amendment to the Environment Protection Rules, 1986* [amended 7 December 2015]. Available at: https://cpcb.nic.in/displaypdf.php?id=SW5kdXN0cnktU3BlY2lmaWMtU3RhbmRhcmRzL0VmZmx1ZW50L1RQUC5wZGY%3D *Also refer to:* World Bank Group. 1998. *Pollution Prevention and Abatement Handbook* [Effective July 1998], p. 194, “Table 1. Air Emission Requirements: Parameters and Maximum Values.” [Refer to limits for “industrial estates.] Available at: https://www.ifc.org/en/insights-reports/1990/publications-handbook-ppah--wci--1319577543003.

[106] The most recent CGPL public monitoring reports are available on the ADB website, at https://www.adb.org/projects/41946-014/main#project-documents.

[107] CAO 2015 CGPL-01 Monitoring Report, p.10.

[108] World Bank Group Thermal Power Guidelines 1998, p. 417.

CAO નોંધે છે કે સારી ઔદ્યોગિક પ્રણાલી એ છે કે પ્લાન્ટના 99% કાર્યકારી કલાકો દરમિયાન આ દેખરેખ સુનિશ્ચિત કરવી.[109]

આ દેખરેખ સમયગાળા દરમિયાન, પ્રોજેક્ટના સ્ટેક એમિશન્સ પર CAO પાસે ઉપલબ્ધ ડેટા 2018 સુધી ADBને પ્રોજેક્ટના જાહેર ત્રિમાસિક અને વાર્ષિક E&S કામગીરી અહેવાલો સુધી મર્યાદિત હતો.[110] CAOએ વિનંતી કરી હતી કે ઉત્સર્જન ડેટાને કેપ્ચર કરવામાં આવે અને તેને સ્ટ્રક્ચર્ડ ટાઇમ-સિરિઝ ડેટા તરીકે રિપોર્ટ કરવામાં આવે અને આ ડેટાનું વિશ્લેષણ ગુજરાત સરકારના મોનિટરિંગ પ્રોટોકોલ અને IFCના પ્રોટોકોલ વચ્ચે તફાવત કરે.

વધારાના અવલોકનો

૨૦૨૫ના મિશન દરમિયાન, CAOએ પ્લાન્ટની આસપાસના વિસ્તારોમાં, ત્રગડી બંદર રોડ પર અને વાંઢ ગામોમાં કોલસાની ધૂળ અને ફ્લાય એશનો જમા થેયેલ જોઇ હતી. ત્રગડી અને કોટડી બંદરોના ગ્રામજનોએ ફરિયાદ કરી હતી કે માછલી સૂકવવાની પ્રક્રિયામાં આ કણો દખલ કરી રહ્યાં છે જેના કારણે સૂકી માછલીની ગુણવત્તામાં ઘટાડો થયો છે. મિશને અવલોકન કર્યું હતું કે, CGPL દ્વારા બંદરથી પ્લાન્ટ સુધી કોલસાના પરિવહન માટે બનાવવામાં આવેલ "પાઇપ જેવો" કોલસા કન્વેયર બેલ્ટ, ઉત્સર્જનને રોકવામાં અસરકારક હતો. એ પણ અવલોકન કર્યું હતું કે, અન્ય ફેસિલિટીનો કન્વેયર બેલ્ટ ધૂળને રોકવા માટે ડિઝાઇન કરવામાં આવ્યો ન હતો. ગ્રામજનોએ CGPL દ્વારા કોલસા સંગ્રહ વિસ્તારોની આસપાસ બાંધવામાં આવેલા કાપડના પદાર્થોમાંથી બનાવેલા અવરોધો તરફ ધ્યાન દોર્યું હતું, જે જ્યારે અકબંધ હોય ત્યારે ઉડતી ધૂળને નિયંત્રિત કરવામાં અસરકારક હતા.

CAO મિશને એ પણ અવલોકન કર્યું કે, CGPL હવે તેના મુખ્ય દરવાજાની બહાર ઇલેક્ટ્રોનિક પબ્લિક ડિસ્પ્લે બોર્ડ પર મુખ્ય પરિમાણોના રીઅલ-ટાઇમ માહિતી રજૂ કરે છે.[111] બોર્ડ સતત SO_2, NO_x, PM10 અને PM2.5 માટે રીઅલ-ટાઇમ સ્ટેક એમિશન્સ અને આસપાસની હવા ગુણવત્તા પરિમાણો દર્શાવે છે.[112]

2.4.3 **કોલસાની રાખની રેડિયોએક્ટિવિટી**

IFCએ ઓક્ટોબર 2014માં પુષ્ટિ આપી હતી કે, ક્લાયન્ટ રેડિયોએક્ટિવિટી અને ભારે ધાતુઓ માટે રાખના અવશેષોનું પરીક્ષણ કરશે.[113]

---

[109] World Health Organization (WHO). Air Quality Guidelines Global Update, 2005, p. 278. PM 24-hour value is the 99th percentile. Refer to: IFC 2007 General EHS Guidelines: Air Emissions and Ambient Air Quality, p. 4, footnote 7. ADB-CRP third monitoring report noted in 2018 that high instrument downtime was observed for the plant's hourly data on PM, mostly due to poor support from the supplier. CRP expressed concern about the poor quality of the data on which the plant's air quality assessments are based. CRP 2018 *Third Annual Monitoring Report for the Mundra UMPP*, pp. 13-14. Available at: https://lnadbg4.adb.org/dir0035p.nsf/attachments/Mundra%203rd%20Monitoring%20Report-For%20Web.pdf/$FILE/Mundra%203rd%20Monitoring%20Report-For%20Web.pdf.

[110] Arcadis. 2016. Environmental and Social Performance Report: Annual Report (April 2015 to March 2016): Costal Gujarat Power Limited (CGPL), Mundra, Gujarat CGPL. Available at: https://www.adb.org/sites/default/files/project-documents//41946-014-esmr-36.pdf [Hereinafter Arcadis 2016 Annual E&S Performance Report]; Arcadis. 2017. Environmental and Social Performance Report: Quarterly Report (January 2017 to March 2017). Available at: https://www.adb.org/projects/documents/ind-41946-014-esmr-3; Also refer to: Arcadis 2017 Annual E&S Performance Report.

[111] According to ADB's 2016 Monitoring Report, this display board has been reporting on key parameters as part of its environmental compliance reporting. Environmental & Social Performance Annual Report (April 2016 to March 2017) Costal Gujarat Power Limited (CGPL), Mundra, Gujarat April 2017. Available at:https://www.adb.org/sites/default/files/project-documents/41946/41946-014-esmr-en.pdf?utm_source=chatgpt.com.

[112] The 2025 CAO mission also observed the board reporting on other parameters such as cooling water temperatures in outfall discharges, and effluents for oil and greases.

[113] 2015 Monitoring Report, p. 17, para. 41.

ત્યારબાદ IFCએ CAOને ભારત સરકારના અણુ ઊર્જા વિભાગના પરીક્ષણ પરિણામો પૂરા પાડ્યા જેમાં જથ્થાબંધ ઘન પદાર્થો માટે ભારતીય ક્લિયરન્સ સ્તરથી નીચે રેડિયોએક્ટિવિટીના માપ દર્શાવવામાં આવ્યા હતા.[114] તેના 2017 મોનિટરિંગ રિપોર્ટમાં, CAOએ નક્કી કર્યું કે IFCના 2013 એક્શન પ્લાન અંતર્ગત સંબંધિત બાબતો પૂર્ણ થઈ ગઈ છે.[115]

CAOનો તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: હવાની ગુણવત્તાને લગતી સમસ્યાઓ પર તારણો

CAOને એ બાબતની ખાતરી નથી કે IFC દ્વારા લેવામાં આવેલા પગલાં હવાની ગુણવત્તા અને સ્ટેક એમિશન્સના સંદર્ભે ઓડિટના તારણોને સંબોધિત કરે છે કે કેમ.

ફરિયાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી હવા ગુણવત્તાની ફરિયાદોને દૂર કરવા માટે ક્લાયન્ટ સાથે કામ કરવા માટે IFC પ્રતિબદ્ધ છે, જેમાં આસપાસની હવા ગુણવત્તાનું નિરીક્ષણ, કોલસા અને રાખની ધૂળના જથ્થાનું મૂલ્યાંકન કરવા માટે નિરીક્ષણ, ફ્યુજિટિવ એમિશન્સ નિયંત્રણો અને પરીક્ષણનો સમાવેશ થાય છે, ફરિયાદીઓ જાહેર આરોગ્ય અને માછીમારી ઉત્પાદનને અસર કરતા હવાના ઉત્સર્જન અંગે ચિંતાઓ જણાવવાનું ચાલુ રાખે છે. જેમ કે CAOએ તેના ફિલ્ડ મિશન દરમિયાન અવલોકન કર્યું કે આ વિસ્તારમાં વ્યાપક ઔદ્યોગિક વિકાસ સાથે સંકળાયેલ હવાની ગુણવત્તાની ચિંતાઓનો અનુભવ થાય છે, જેના કારણે એટ્રિબ્યુશન પડકારજનક બન્યું છે. જો કે, IFCએ એક્શન પ્લાન અંતર્ગત તેના પ્રયાસોએ એરશેડની મર્યાદિત એસિમિલેટિવ ક્ષમતા સહિત ફરિયાદીઓની ચિંતાઓને કેવી રીતે સંબોધિત કરી અને PS3 આવશ્યકતાઓનું પાલન કર્યું કે કેમ તે દર્શાવવા માટે પૂરતી માહિતી અને વિશ્લેષણ પૂરું પાડ્યું નથી.

2.5 ફરિયાદનો મુદ્દો: દરિયાઈ અસરો

CGPL-01 ફરિયાદમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે, મુન્દ્રા પાવર પ્લાન્ટની એકવખત-થ્રુ કૂલિંગ સિસ્ટમના બાંધકામ અને સંચાલનથી દરિયાઇ પર્યાવરણને નુકસાન થશે, જેમાં ચેરના જંગલનો નાશ અને કોટડી અને મોઢવા ખાડીઓનો નાશ શામેલ છે. ફરિયાદીઓએ નોંધ્યું હતું કે, પ્રોજેક્ટના 2007ના રેપિડ મરીન એન્વાયર્નમેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટમાં સ્થાનિક આજીવિકા, જેમ કે કિનારા-આધારિત માછીમારી પ્રવૃત્તિઓની કાર્યક્ષમતા અને ઉચ્ચ-મૂલ્યવાળા લોબસ્ટરની(સમુદ્રી ખોખો) ઉપલબ્ધતાનો ચોક્કસ રીતે હિસાબ આપવામાં આવ્યો નથી. તેમણે તેમની ફરિયાદમાં માછલી અને લોબસ્ટર પકડવામાં ઘટાડો, નજીકના અદાણી પાવર પ્લાન્ટ અને સંકળાયેલ બંદર વિકાસના બાંધકામને કારણે જણાવ્યુ હતું, અને CGPL પ્લાન્ટના આઉટફોલ ચેનલમાં રાસાયણિક દૂષણ અને ઇન્ટેક ચેનલ દ્વારા ઉદભવતા માછલીના બચ્ચા માટેના જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી છે.[116]

114 Refer to: *Atomic Energy Regulatory Board Directive 01/2010 [No. CH/AERB/OPSD/25125/2010/953]*. Available at: https://www.aerb.gov.in/images/PDF/safety.dirno01-2010.pdf.
115 CAO 2017 CGPL-01 Monitoring Report, p.9.

116 CAO 2013 Audit of CGPL, pp. 22-23.

નીચે આપેલા વિશ્લેષણમાં દરિયાઇ અસર સંબંધિત નીચેના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે: થર્મલ પ્લુમ(વિભાગ 2.5.1), જૈવવિવિધતા મૂલ્યાંકન અને દેખરેખ(વિભાગ 2.5.2), કાચબાનું નિરીક્ષણ(વિભાગ 2.5.3), અને પ્રાથમિક અને ગૌણ માછલી પકડવાના ડેટા એકત્રિત કરવો(વિભાગ 2.5.4).

સંબંધિત IFC ધોરણો

IFCના ડેવલપમેન્ટ મિશનનું કેન્દ્ર છે રોકાણ કામગીરી "એવી રીતે હાથ ધરવાની પ્રતિબદ્ધતા જે "લોકો અથવા પર્યાવરણને 'કોઈ નુકસાન ન પહોંચાડે'" અને શક્ય હોય ત્યાં નકારાત્મક અસરો ટાળવામાં આવે તેની ખાતરી કરવી.[117] જ્યાં અસરો ટળાય તેવી ન હોય ત્યાં IFCની ટકાઉપણાની નીતિ માટે જરૂરી છે કે તેમને "યોગ્ય રીતે ઘટાડવામાં આવે, સંબોધવામાં આવે અથવા વળતર આપવામાં આવે."[118]

IFCએ CGPL સાથે કરેલા લોન કરારોમાં ક્લાયન્ટને વિશ્વ બેંકની 2007 જનરલ EHS માર્ગદર્શિકા: પર્યાવરણીય ગંદાપાણી અને આસપાસના પાણીની ગુણવત્તાનું પાલન કરવાની પ્રતિબદ્ધતા હતી.[119] આ માર્ગદર્શિકાઓ સ્વીકારે છે કે, ઉપયોગિતા કામગીરી વધુ પાણી વપરાશમાં પરિણમી શકે છે અને સંભવિત રીતે ઉચ્ચ તાપમાનવાળા પાણીને મુક્ત કરી શકે છે જેમાં ઓગળેલા ઘન પદાર્થો, બાયોસાઇડ્સ, એન્ટિ-ફાઉલિંગ એજન્ટોના અવશેષો, અને અન્ય પ્રદૂષકોનો સમાવેશ થાય છે. પ્રતિભાવમાં, ઓપરેટર્સને પાણી વ્યવસ્થાપન વ્યૂહરચના અપનાવવાની સલાહ આપવામાં આવે છે "જેથી ખાતરી થાય કે ડિસ્ચાર્જ પાણીનું તાપમાન વૈજ્ઞાનિક રીતે સ્થાપિત મિશ્રણ ઝોનની સપાટી પર આસપાસના તાપમાનના +3°C કરતા વધુ ન વધે, જે આસપાસના પાણીની ગુણવત્તા, પાણીનો ઉપયોગ, સંભવિત રીસેપ્ટર્સ અને એસિમિલેટિવ ક્ષમતા તેમજ અન્ય બાબતોમાં ધ્યાનમાં લે છે."[120]

CAO નોન-કમ્પલાયન્સના તારણો

CAOના 2013ના ઓડિટમાં જાણવા મળ્યું કે, IFC દ્વારા ક્લાયન્ટના દરિયાઈ અસર મૂલ્યાંકનનું રોકાણ પહેલાંનું ડ્યુ ડિલિજન્સ પ્રોજેક્ટના જોખમો સાથે સુસંગત નહોતું અને ચોક્કસ હિસ્સેદારો દ્વારા જૈવવિવિધતા સાથે જોડાયેલા વિવિધ મૂલ્યોનો પૂરતો હિસાબ રાખવામાં આવ્યો ન હતો.[121]

CAOના ફરિયાદીઓ એવા જૂથોનું પ્રતિનિધિત્વ કરે છે કે જે તેમની આજીવિકા માટે સ્થાનિક દરિયાઈ પર્યાવરણ પર આધાર રાખે છે અને જેઓ પ્રોજેક્ટનાં પ્રભાવ ક્ષેત્રમાં જમીન અને સંસાધનોના પરંપરાગત

[117] IFC. 2006. *International Finance Corporation's Policy on Social & Environmental Sustainability*, para. 8. Available at: https://www.ifc.org/content/dam/ifc/doc/2000/2006-ifc-sustainability-policy-en.pdf. [Hereinafter 'IFC 2006 Sustainability Policy.']
[118] IFC 2006 Sustainability Policy, para. 8.
[119] Refer to: IFC. 2007. "General EHS Guidelines: Environmental Wastewater and Ambient Water Quality [April 30, 2007]," *Environmental, Health, and Safety (EHS) Guidelines*. Available at: https://www.ifc.org/content/dam/ifc/doc/2000/2007-general-ehs-guidelines-en.pdf. [Hereinafter 'IFC 2007 General EHS Guidelines: Water Quality.
[120] Refer to the section 'Wastewater from Utilities Operations,' p. 28. IFC 2007 General EHS Guidelines: Water Quality.

[121] CAO 2013 Audit of CGPL, p. 19. Refer also to IFC. 2006. *Performance Standard 6: Biodiversity Conservation and Sustainable Natural Resource Management*, para. 4. Available at: https://www.ifc.org/content/dam/ifc/doc/2000/2006-ifc-performance-standards-en.pdf.[Hereinafter 'IFC 2006 PS6.'] Also refer to: BNHS India. 2010. *Coastal Biodiversity Assessment and Benchmarking at Coastal Gujarat Power Ltd.* Available at: https://www.tatapower.com/content/dam/tatapoweraemsitesprogram/tatapower/pdf-root/sustainability/environmental-compliance/tata-power,-mundra/CGPL-mundra-coastal-biodiversity.pdf.

જોડાણનો દાવો કરે છે. આ જૂથોમાં કોટડી અને ત્રગડી બંદરોના મોસમી રહેવાસીઓ, જેઓ ધાર્મિક અને વંશીય રીતે લઘુમતીઓ તરીકે ઓળખાય છે, અને નજીકના ગ્રામજનો જે પરંપરાગત રીતે પગપાળા અને બોટથી માછીમારી માટે વિસ્તારનો ઉપયોગ કરે છે તે બંનેનો સમાવેશ થાય છે. CAOએ નોંધ્યું કે પ્રોજેક્ટ ડ્યુ ડિલિજન્સ માટે હાથ ધરવામાં આવેલા કોઈપણ મૂલ્યાંકન - 2007માં રેપિડ મરીન એન્વાયર્નમેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ(RMEIA) અને કોમ્પ્રીહેન્સિવ EIA, અને 2009માં મરીન EIA - આ માછીમારી સમુદાયોની દરિયાઈ-આધારિત આજીવિકા અથવા પ્રોજેક્ટ-પ્રેરિત પરિવર્તનના સંભવિત પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કર્યું નથી.[122]

વધુમાં, CAOએ તારણ કાઢ્યું કે IFCએ પોતે પર્યાપ્ત ખાતરી કરી ન હતી કે કોલસા આધારિત પાવર પ્લાન્ટના ઠંડકવાળા પાણીના પ્રવાહમાંથી નીકળતો થર્મલ પ્લુમ વૈજ્ઞાનિક રીતે વ્યાખ્યાયિત મિશ્રણ ઝોનની સપાટી પર પાણીના તાપમાન માટે સંબંધિત +3°C માપદંડનું પાલન કરશે.[123] અને, IFCએ આ તક ગુમાવી: (a) અસરગ્રસ્ત વિસ્તારના દરિયાઈ પર્યાવરણ વિશે વધુ વિગતવાર બેઝલિન માહિતીની વિનંતી કરવી; (b) ડિઝાઇન વિચારણાઓ અને CGPL ની E&S વ્યવસ્થાપન પ્રણાલીમાં પ્રોજેક્ટના સંભવિત દરિયાઈ(અને સંકળાયેલ સામાજિક) પ્રભાવનું યોગ્ય વિશ્લેષણ શામેલ કરવું; અને (c) પર્યાપ્ત દરિયાઈ અસર દેખરેખ માટે એક માળખું વિકસાવવું.

CAOના તારણોના જવાબમાં, IFCના 2013ના એક્શન પ્લાનમાં સ્થાનિક દરિયાઈ પર્યાવરણ પર પ્રોજેક્ટની અસરોનું મૂલ્યાંકન કરવા માટે અભ્યાસ હાથ ધરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી, જેમ કે:[124]

- નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશનોગ્રાફી(NIO) દ્વારા હાથ ધરવામાં આવનાર અને અન્ય સ્વતંત્ર અથવા સરકારી એજન્સી દ્વારા માન્ય કરાયેલ એક મોડેલ પુષ્ટિકરણ અભ્યાસ.
- બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી(BNHS) અથવા અન્ય નિષ્ણાંત થર્ડ પાર્ટી દ્વારા થર્મલ પ્લુમને કારણે ઊંચા તાપમાનથી પ્રભાવિત વિસ્તારમાં સંકલિત જૈવવિવિધતા દેખરેખ(ચેર, લોબસ્ટર સંવર્ધન વિસ્તારો અને અન્ય મુખ્ય સંબંધિત રહેઠાણો અને પ્રજાતિઓ)ને સમાવિષ્ટ કરતો જૈવવિવિધતા મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવામાં આવશે.
- BNHS દ્વારા કાચબાની હાજરી અને માળાઓનું નિરીક્ષણ.
- પ્રાથમિક અને ગૌણ માછલી પકડવાના ડેટાનું એકત્રીકરણ.

નીચેના પેટા-વિભાગો પ્રોજેક્ટની દરિયાઈ અસર અને સંબંધિત IFC/ક્લાયન્ટ પગલાઓની તપાસ કરે છે:

[122] CAO 2013 Audit of CGPL, pp.29-30.
[123] Refer to the section 'Wastewater from Utilities Operations,' p. 28. IFC 2007 General EHS Guidelines: Water Quality.
[124] IFC 2013 Action Plan, pp. 1-2.

2.5.1. થર્મલ પ્લુમ

પ્રથમ અને દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013 - 2017

CAOના પ્રથમ દેખરેખ સમયગાળા(2013-2015) દરમિયાન, IFCએ પ્રસ્તાવિત પ્રોજેક્ટના ક્ષમતા વિસ્તરણ માટે CAOને પર્યાવરણીય અસર મૂલ્યાંકન(EIA) રિપોર્ટ પૂરો પાડ્યો,[125] જેમાં જણાવાયું હતું કે પ્રોજેક્ટની દરિયાઇ પર્યાવરણ પર કોઈ અસરો થઇ નથી.[126]

જોકે, IFCના 2013ના એક્શન પ્લાન અંતર્ગતની કટિબદ્ધતાઓને પૂર્ણ કરવા માટે, CGPLએ પાવર પ્લાન્ટના થર્મલ પ્લુમની અસરોનું મૂલ્યાંકન કરવા માટે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશનોગ્રાફી(NIO)ને બે રિપોર્ટની કામગીરી સોંપી.[127] IFCએ ઓક્ટોબર 2014માં નોંધ્યું હતું કે, આ અભ્યાસોના પરિણામ નક્કી કરશે કે દરિયાઈ ઇકોલોજી પર પ્લુમની અસરોના સંદર્ભે પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સ(2006)ને પૂર્ણ કરવા માટે વધારાની કાર્યવાહી જરૂરી છે કે નહીં. NIOના અભ્યાસોનો ઉદ્દેશ્ય સીધી માપણી દ્વારા પ્લાન્ટમાંથી ઠંડા પાણીને કારણે ડિસ્ચાર્જ માઉથથી થર્મલ ડિસ્પરશન અને આઉટફોલ ચેનલ અને તેની આસપાસ તાપમાનમાં ફેરફાર સ્થાપિત કરવાનો હતો, તેમજ ફિલ્ડ મોનિટરિંગ દ્વારા મોડેલ વર્તણૂંકની પુષ્ટિ કરવાનો હતો. NIOએ ગણતરી કરી હતી કે એપ્રિલ 2015 દરમિયાન આઉટફોલ ચેનલથી લગભગ 600 મીટર દૂર આસપાસનું તાપમાન પ્રાપ્ત થયું હતું અને પ્રતિકૂળ દરિયાઈ અસરો માટે નોંધપાત્ર સંભવિતતા ઓળખી શકાઇ ન હતી.[128]

જોકે, NIO અભ્યાસોએ IFC દ્વારા મૂળ દરિયાઈ અસર મૂલ્યાંકનની સમીક્ષામાં ક્ષતિઓ અંગે CAOના ઓડિટ તારણોને સંબોધિત કર્યા ન હતા અને ન તો તેમણે પ્રોજેક્ટને સંચાલિત કરતી IFC જનરલ EHS માર્ગદર્શિકા અંતર્ગત ગરમ પાણીના આઉટફોલ માટે "વૈજ્ઞાનિક રીતે સ્થાપિત મિશ્રણ ઝોન" સ્થાપિત કરવાની જરૂરિયાતને સંબોધિત કરી હતી.[129]

તૃતીય દેખરેખ સમયગાળો, 2017 – 2018

2015 માં, MoEF&CC થર્મલ પાવર પ્લાન્ટ્સ માટે પાણી વપરાશની જરૂરિયાતોમાં ફેરફારો જારી કર્યા, જેની પ્રોજેક્ટના થર્મલ પ્લુમ પર અસર પડી.[130]

---

[125] TCE 2013 EIA – Capacity Expansion.

[126] TCE 2013 *EIA – Capacity Expansion,* pp. x, 26, 30, 109.

[127] 2014: ***Model Conformity Study and Monitoring for Condenser Cooling Water Discharge from CGPL in the Coastal Waters of Mundra***; 2016: ***Model Conformity Study and Monitoring for Condenser Cooling Water Discharge from CGPL in the Coastal Waters of Mundra During Premonsoon***.

[128] CAO 2017 CGPL-01 Second Monitoring Report, p. 10-11: NIO, ***Model Conformity Study and Monitoring for Condenser Cooling Water Discharge from CGPL in the Coastal Waters of Mundra During Premonsoon***, p. 71.

[129] CAO 2017 CGPL-01 Second Monitoring Report, p. 10; Original marine impact studies include: Tata Consulting Engineers. 2007. ***Comprehensive Environmental Impact Assessment Study Report for 4000MW Imported Coal Fired Mundra Ultra Mega Power Project***; and National Institute of Oceanography. 2007. ***Rapid Marine Environmental Impact Assessment for Ultra Mega Power Project Near Mundra***. Both studies are available via IFC's ESRS page for CGPL: https://disclosures.ifc.org/project-detail/ESRS/25797/tata-ultra-mega. Refer also to IFC 2007 General EHS Guidelines: Water Quality, 'Wastewater from Utilities Operations,' p. 28.

[130] Ministry of Environment, Forest and Climate Change, Government of India (MoEF&CC). 2015. Notification S.O. 3305(E). *Amendment to the Environment Protection Rules, 1986*. Available at: https://cpcb.nic.in/displaypdf.php?id=SW5kdXN0cnktU3BlY2lmaWMtU3RhbmRhcmRzL0VmZmx1ZW50LzQyNS5wZGY=

આ જરૂરિયાતોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે, પ્લાન્ટ સંચાલકો સૂચના આપ્યાની તારીખના બે વર્ષની અંદર પગલાં લે. જો કે, આ દેખરેખ સમયગાળા દરમિયાન, IFCએ CAOને પ્રોજેક્ટના દરિયાઈ પ્રભાવો વિશે કોઈ નવી માહિતી આપી ન હતી અને 2015 MoEF&CC આવશ્યકતાઓનું પાલન કરવાની અથવા તેમાંથી મુક્તિ મેળવવાના આયોજન વિશે કોઈ અપડેટ આપ્યું ન હતું.[131]

2.5.2 જૈવિક વિવિધતા મૂલ્યાંકન અને દેખરેખ

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013 - 2015

આ સમયગાળા દરમિયાન, IFCએ CAOને IUCN સાથે જૈવિક વિવિધતા મૂલ્યાંકન માટે ક્લાયન્ટની ભાગીદારી પર દસ્તાવેજો પૂરા પાડ્યા અને અહેવાલ આપ્યો કે તેમણે સંદર્ભની શરતો(ToR) પર પ્રતિસાદ આપ્યો છે. IFC એ જણાવ્યું હતું કે, આ ભાગીદારી CGPLના દરિયાઈ અસરોના મૂલ્યાંકન અને ઘટાડા માટેના કાર્યક્રમના ભાગ રૂપે જૈવવિવિધતા અને ઇકોસિસ્ટમ વ્યવસ્થાપન પર એક સાઇટ-વિશિષ્ટ પ્રોટોકોલ વિકસાવશે. CAO દ્વારા ToRની સમીક્ષામાં જાણવા મળ્યું કે, જૈવવિવિધતા મેપિંગ અભ્યાસમાં ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા કેટલાક મુદ્દાઓને સંબોધવાની ક્ષમતા છે પરંતુ નોંધ્યું છે કે ભાગીદારીનો અવકાશ અસ્પષ્ટ હતો - ખાસ કરીને PS6 અંતર્ગત પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સ(2006)ની આવશ્યકતાઓને પૂર્ણ કરવાના સંદર્ભમાં: જૈવવિવિધતા સંરક્ષણ અને જીવંત કુદરતી સંસાધનોનું ટકાઉ સંચાલન.[132]

આ સમયગાળા દરમિયાન, બે અભ્યાસોમાં પાવર પ્લાન્ટથી માછીમારી અથવા ચેર પર કોઈ સંભવિત નોંધપાત્ર પ્રતિકૂળ અસરો જોવા મળી નથી.[133] આ અભ્યાસો પ્રસ્તાવિત પ્રોજેક્ટ ક્ષમતા વિસ્તરણ માટે ક્લાયન્ટ દ્વારા હાથ ધરવામાં આવેલ EIA,[134] અને NIOના 2014 મોડેલ કન્ફર્મિટી સ્ટડી હતા, જેમાં પ્રોજેક્ટ-સંબંધિત પર્યાવરણીય અસરોનો સંબંધિત ડેટા અને મૂલ્યાંકન પ્રદાન કર્યા હતું.[135]

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015 - 2017

આ સમયગાળા દરમિયાન, CGPLએ જૈવવિવિધતા પ્રત્યે પ્રોજેક્ટની પ્રતિબદ્ધતાઓ પર એક નિવેદન પ્રકાશિત કર્યું.[136]

---

[131] ADB-CRP's 2018 monitoring report also raised reservations about NIO's methodology and results, noting that the model failed to measure impacts on the nearshore areas of Tragadi bunder and the Modhva shoreline west of the outfall channel and that the number of measurement points was insufficient to establish the temperature impacts. CRP's 2018 monitoring report noted that their own technical experts designed a program for additional monitoring and measurement to further define both the extent of the elevated temperature zone as a result of cooling water discharge and the ecological impacts on nearshore marine environment. The client later informed CRP that it was not prepared to carry out additional monitoring or share monitoring data. With the help of a specialized consultant, ADB staff prepared an *Assessment of Impact of Thermal Discharge from Coastal Gujarat Thermal Power Plant Using Satellite Imagery*, including a comparison of findings with field surveys and NIO modelling. These satellite imageries revealed temperature in excess of the ambient value during the three high tide cases observed. Derived temperature in the outfall channel, and the entire Modhva shoreline and the Tragadi bunder area, showed temperatures about 6°C above ambient level. Moreover, the thermal plume across the outfall channel and into the Modhva creek during high tides appeared more pronounced in ADB's images than modelled by NIO. In summary, the satellite imagery study indicates that the Modhva shoreline likely suffers significant thermal impacts. Moreover, CRP reported severe challenges in gaining access to client data for performance monitoring and impact analysis related to marine impacts. CRP 2018 Third Annual Monitoring Report for the Mundra UMPP, p. 7.

[132] CAO 2017 CGPL-01 Second Monitoring Report, pp. 10-11. Refer also to: IFC 2006 PS6.

[133] NIO 2014 Model Conformity Study – Discussion of impacts to mangroves in section 4.5.1; fisheries addressed in section 4.5.5. TCE 2013 EIA – Capacity Expansion – Discussion of impact to mangroves pp. 92, 238, 359; fisheries addressed in Annexure-2 220.

[134] TCE 2013 EIA – Capacity Expansion, pages vi-ii, x, xv, 9,33, 80, 92, 111, 112, 117, 125, 191, 211, 359, 561-562.

[135] NIO 2014 Model Conformity Study – 'Biodiversity 'is mentioned only once in the report, p. 30.

[136] CGPL. 2015. *Tata Power Mundra UMPP: Towards a cleaner & greener future*. No longer available on Tata's website. https://web.archive.org/web/20181205180030/https://www.tatapower.com/pdf/cgpl-mundra/umpp-greener-future121015.pdf

IUCN અને ક્લાયન્ટે હાલના જૈવવિવિધતા વ્યવસ્થાપન અભિગમોની સમીક્ષા કરવા, સ્થળ-વિશિષ્ટ જૈવવિવિધતા અને ઇકોસિસ્ટમ સેવાઓ માટે પ્રોટોકોલ વિકસાવવા અને પ્રોટોકોલ અમલમાં મૂકવા માટે કંપનીના ક્ષમતા નિર્માણ માટે તેમની ભાગીદારીની જાહેરાત કરી.[137]

તૃતીય દેખરેખ સમયગાળો, 2017 - 2018

2017-2018 દરમિયાન, IFCએ IUCN જૈવવિવિધતા મૂલ્યાંકન, NIO મોડેલ પુષ્ટિ અભ્યાસને માન્ય કરવાના પ્રયાસો, અથવા જૈવવિવિધતા દેખરેખ વિશે CAOને વધુ કોઈ માહિતી પૂરી પાડી ન હતી. પરિણામે, CAOએ નક્કી કરી શક્યું નથી કે આ પ્રયાસોએ ફરિયાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી જૈવવિવિધતાની ચિંતાઓ પરની કામગીરીને આગળ વધારી કે સંબોધિત કરી કે નહી.[138]

2.5.3 કાચબાનું નિરીક્ષણ

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013 - 2015

2014માં, IFCએ અહેવાલ આપ્યો હતો કે બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી(BNHS)એ જૈવવિવિધતા અને લુપ્તપ્રાય પ્રજાતિઓ પર પ્રોજેક્ટની અસરના મૂલ્યાંકનના ભાગ રૂપે લુપ્તપ્રાય લીલા કાચબા(ચેલોનિયા માયડાસ)નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો.[139] આ અભ્યાસ સૂચવે છે કે લીલા કાચબા પ્રોજેક્ટ વિસ્તારમાં ઓછી સંખ્યામાં હાજર છે.[140] IFC અને ક્લાયન્ટે નોંધ્યું કે દરિયાઈ કાચબાના અભ્યાસ ચાલુ છે અને દેખરેખનો ત્રીજો તબક્કો જાન્યુઆરી 2018માં પૂર્ણ થવાનો છે.[141]

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015 - 2017

CAOના 2015ના મોનિટરિંગ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, દરિયાઈ કાચબાનું નિરીક્ષણ પ્રોજેક્ટના મૂળ બેઝલાઇન અભ્યાસના ભાગ રૂપે હાથ ધરવામાં આવ્યું ન હતું અને ચાલુ BNHS અભ્યાસો સ્થાનિક દરિયાઈ કાચબાની વસતી પર પ્રોજેક્ટ-સંબંધિત અસરોના મૂલ્યાંકન તરીકે રચાયેલ હોય તેવું લાગતું નથી.[142]

તૃતીય દેખરેખ સમયગાળો, 2017 - 2018

IFCએ CAOને 2017-2018ના અંતિમ દેખરેખ સમયગાળા દરમિયાન કાચબા દેખરેખ અંગે કોઈ નવી માહિતી પૂરી પાડી ન હતી. દેખરેખ કાર્યક્રમના પરિણામો અજાણ છે અને તે બાબત સ્પષ્ટ નથી કે કાર્યક્રમ પૂર્ણ થયો છે કે નહીં.[143]

---

[137] Also refer to the IUCN media statement, "IUCN and TATA Power partnership", available at: https://web.archive.org/web/20181205180215/https://www.iucn.org/asia/countries/india/iucn-and-tata-power-partnership.

[138] In 2025, IFC shared with CAO the last update shared by CGPL, which stated that the NIO had undertaken model confirmation studies, including collecting experimental fishing data. That update also stated that modeling confirmed that near-ambient ocean water temperature and quality conditions could be expected to be attained 1-1.2km from the channel mouth (vs 3km predicted originally). The communication shared by IFC did not include the model confirmation studies.

[139] Bombay Natural History Society. 2014. *Annual Report - 2013-2014 Sea Turtle Monitoring Project Phase – II.*

[140] In 2025, IFC shared with CAO the last update shared by CGPL, which stated that the study did not find any evidence of sea turtle crawling or nesting in the three-phase study undertaken from 2012.

[141] CAO 2017 CGPL-01 Second Monitoring Report, p. 11.

[142] CAO 2015 CGPL-01 Monitoring Report, para. 57, p. 19.

[143] In 2025, IFC shared with CAO the last update shared by CGPL, which stated that the Bombay Natural History Society had completed a biodiversity assessment and turtle monitoring which showed no evidence of sea turtle crawling or nesting. The communication shared by IFC did not include the biodiversity assessment.

2.5.4 માછલી પકડવાનો ડેટા એકત્ર કરવો

CAOના દ્વિતિય દેખરેખ સમયગાળા(2015-2017; વિભાગ 2.1 જુઓ) દરમિયાન ત્રગડી બંદર પર હાથ ધરવામાં આવેલા માછલી પકડવાના અભ્યાસના પરિણામો IFC અને તેના ક્લાયન્ટે CAO સાથે શેર કર્યા.[144] CAOને પ્રાથમિક અને ગૌણ માછલી પકડવાના ડેટા એકત્રીકરણ, અસર મૂલ્યાંકન અને મોનિટરિંગ અંગે કોઈપણ પક્ષ તરફથી વધુ અપડેટ્સ પ્રાપ્ત થયા નથી.[145]

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: દરિયાઈ અસરો પર નિષ્કર્ષ

IFCએ તેના ક્લાયન્ટને દરિયાઈ પર્યાવરણ પરના જોખમો અને અસરો પર EIAમાં રહેલા અંતરને દૂર કરવા માટે વધારાના અભ્યાસ હાથ ધરવા માટે ટેકો આપ્યો હતો, પરંતુ તે સ્પષ્ટ નથી કે આનાથી ફરિયાદીઓની ચિંતાઓનો ઉકેલ આવ્યો હતો કે કેમ.

પરિણામે, *CAO* માટે એવો કોઈ આધાર નથી કે *IFC*એ એ બાબતની ખાતરી કરવા માટે પૂરતા પગલાં લીધાં છે કે પ્રોજેક્ટના દરિયાઈ પ્રભાવોને *PS6* સાથે સુસંગત રીતે ઓળખવામાં આવ્યા છે અને ઘટાડવામાં આવ્યા છે. *CAO*એ શોધી કાઢ્યું છે કે, કાર્યક્ષેત્ર અને ઉપયોગમાં લેવાયેલ પદ્ધતિનો પરથી માલૂમ થાય છે કે એક્શન પ્લાનના ભાગ રૂપે હાથ ધરવામાં આવેલા અભ્યાસો જૈવવિવિધતા અને માછલીની ઉપલબ્ધતા પર સંભવિત અસરોનું મૂલ્યાંકન કરવા માટે પૂરતો ડેટા પ્રદાન કર્યો નથી.[146]

વધારાના અવલોકનો

CAOના 2025 ફિલ્ડ મિશન દરમિયાન, ગ્રામજનોએ તેમના મંતવ્યોને પુનઃપુષ્ટિ આપી હતી કે માછલીની પ્રજાતિઓની વસ્તી અને વિવિધતામાં ઘટાડો થયો છે, જેમાં લોબસ્ટર જેવા ઉચ્ચ મૂલ્ય ધરાવતાનો સમાવેશ થાય છે, પરંતુ તે પુરતું મર્યાદિત નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, દરિયાકાંઠાના કેટલાક વિસ્તારોને આવરી લેતા ચેરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના કારણે માછલીના ઉત્પાદન પર અસર પડી છે. CAOએ ગ્રામજનો પાસેથી એ સાંભળ્યું પ્લાન્ટની કુલિંગ વોટર સિસ્ટમ માટે ઇનટેક સ્ક્રીનીંગ પ્રક્રિયાને કારણે માછલીના બચ્ચા(દાણા) અને અન્ય જળચર જીવોનું નુકસાન થયું છે. ફરિયાદીઓએ CAO ટીમને જાણ કરી હતી કે ઔદ્યોગિક પ્રવૃત્તિઓ, જેમાં દરિયાઈ ટ્રાફિકમાં વધારો અને એર સ્ટ્રીપ્સ તેમજ ઔદ્યોગિક ફેન્સિંગ જેવી નવા દરિયા કિનારાના વિકાસ કામગીરી તેમજ આઉટફોલ ચેનલ નજીક ધોવાણને કારણે માછીમારીના મેદાનો સુધી તેમની પહોંચ મર્યાદિત થઈ ગઈ છે.

[144] Aakar. 2014. *Impact of CGPL project on habitation, life, and livelihoods of fisherfolk at Tragadi bunder.* This document is not publicly available. Aakar Empowerment's website is available at: https://aakarempowerment.com/activities-of-aakar/#1461237341142-2be8b7e8-7cf6.

[145] During CAO's March 2025 field visit, complainants provided CAO with data collected by one of the companies that purchases dried fish from the local fishing communities including the complainants. This data indicates a clear decline in fish catch, particularly for higher value species, over the last several years, consistent with information from the complainants. However, it is not possible to attribute this reduction in catch or species composition to the project. It is almost certainly the result of a combination of habitat degradation (in part due to the project), pollution (possibly in part due to the project), and over-fishing.

[146] The information collected during the March 2025 CAO site visit, while limited to information from the complainants and observations around the project environments, combined with review of satellite imagery time series, confirms the direct project impact in relation to the concerns of CGPL-02 complainants regarding dredging, erosion, and loss of sand dunes and likely on fish death at the plant's cooling water intake as well as loss of turtle and fish spawning/rearing habitat.

માછલા પકડવાના ઓછા પ્રમાણ(નજીકના દરિયાકાંઠાના પાણીમાં જથ્થા અને ગુણવત્તા બંને)ને કારણે, માછીમારો હવે તેમની આજીવિકા ટકાવી રાખવા માટે દિરયાની અંદર 10 કિમી સુધી જઈ રહ્યા છે. માછીમારી સહકારી મંડળીઓ દ્વારા શેર કરાયેલા ડેટામાં 2013થી 2024 દરમિયાન ત્રગડી બંદર ખાતે માછલી પકડવાના પ્રમાણમાં વાર્ષિક ઘટાડો કિલોગ્રામમાં નોંધાયો છે: બુમલા(બોમ્બે ડક)માં 80% ઘટાડો; મેડેલી(એન્કોવી)માં 70% ઘટાડો; ખાટરમાં 40% ઘટાડો; નાના ઝીંગામાં 65% ઘટાડો, મોટા ઝીંગામાં 33% ઘટાડો અને ભૂશી(ફિંગરલિંગ)માં 14% ઘટાડો. કોટડી બંદર ખાતે માછલી પકડવામાં ઘટાડો પણ આ વલણને જ અનુસરે છે. માછીમારોએ એ પણ અહેવાલ આપ્યો કે લોબસ્ટર, ઘોલ માછલી(કાળા ટપકાવાળા ક્રોકર), ધાંગરી(એશિયન સી બાસ), ચાવલ અને સુરમાઈ(સીર માછલી)નો ઉલ્લેખ કરીને કે આ ઉચ્ચ મૂલ્યની માછલી પકડવાનું હવે નહિવત કે દુર્લભ છે. વિસ્તારના ચેર અને દરિયાકાંઠાની ઇકોસિસ્ટમનું નુકસાન અને/અથવા અધોગતિ સામાન્ય રીતે માછલીઓની વસતીમાં ઘટાડો અને પરિણામે ઉપજમાં ઘટાડામાં પરિણમે છે.

2.6 ફરિયાદનો મુદ્દો: ઉત્તરોઉત્તર વધતી અસરો

CGPL-01 ફરિયાદમાં પ્રોજેક્ટની ઉત્તરોઉત્તર વધતી અસરોનાં મૂલ્યાંકન અને થર્ડ પાર્ટી જોખમમાં અપૂર્તતાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો, ખાસ કરીને અદાણી પાવર પ્રોજેક્ટ, મુન્દ્રા બંદર અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન સાથે પ્રોજેક્ટના જોડાણને ધ્યાને લેતા.

સંબંધિત IFC ધોરણો

પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 1 મુજબ, ગ્રાહકોએ "પ્રોજેક્ટના આગળના ડેવલપમેન્ટ આયોજન, હાલનો કોઈપણ પ્રોજેક્ટ અથવા પરિસ્થિતિ, અને અન્ય પ્રોજેક્ટ-સંબંધિત ડેવલપમેન્ટનાં ઉત્તરોઉત્તર વધતી અસરોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે, જે સામાજિક અને પર્યાવરણીય મૂલ્યાંકન હાથ ધરવામાં આવે ત્યારે વાસ્તવિક રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે."[147] પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 3: પ્રદૂષણ નિવારણ અને ઘટાડા માટે ક્લાયન્ટે હાલની આસપાસની પરિસ્થિતિઓ પર પ્રતિકૂળ અસરોની સંભાવના ધરાવતા પ્રોજેક્ટ્સ માટે સંભવિત ઉત્તરોઉત્તર વધતી અસરોને ઘટાડવાની જરૂર છે, જેમાં અનિશ્ચિત અને બદલી ન શકાય તેવા પરિણામો સાથે સંભવિત વધતી જતી અસરોનો સમાવેશ થાય છે.[148]

IFCની 2007 માર્ગદર્શિકાની નોંધ 1: સામાજિક અને પર્યાવરણીય મૂલ્યાંકન અને વ્યવસ્થાપન પદ્ધતિઓ (GN1) જણાવે છે કે: "IFC હાલ પ્રાપ્ય ડેટા અને અભ્યાસોને ઓળખવા માટે ક્લાયન્ટ સાથે કામ કરશે, અને જો જરૂરી જણાય તો, કેસ મુજબ ઉપલબ્ધ તકનીકી અને નાણાંકીય સહાય આપવા પર વિચાર કરશે. એવી પરિસ્થિતિ જ્યાં પ્રોજેક્ટ વિસ્તારમાં થર્ડ પાર્ટીની પ્રવૃત્તિઓથી ઉત્તરોઉત્તર વધતી અસરો થવાની સંભાવના હોય, તો પ્રાદેશિક અથવા ક્ષેત્રીય મૂલ્યાંકન યોગ્ય હોઈ શકે છે."[149]

---

[147] PS1: Social and Environmental Assessment and Management Systems provides that the area of influence does not include potential impacts that would occur without the project or independently of the project.

[148] IFC 2006 PS3, para. 9. IFC examples of cumulative impacts include those to air, surface and groundwater, and soils.

[149] IFC's 2007 Guidance Note 1: *Social and Environmental Assessment and Management Systems* (GN1), para. G16, p. 7. GN1 provides for regional assessment when a project or series of projects are expected to have a significant regional impact or influence regional development (e.g., an urban area, a watershed, or a coastal zone) and for sectoral assessment where several projects are proposed in the same or related sector (e.g., power, transport, or agriculture) in the same country. These assessments pay particular attention to potential cumulative impacts. Regional, Sectoral or Strategic Assessments, paras. G31, G32, available at: https://www.ifc.org/content/dam/ifc/doc/2000/2007-ifc-performance-standards-guidance-note-en.pdf.

જ્યારે આવા મૂલ્યાંકનોની જરૂરિયાત સૂચવવામાં આવે છે, ત્યારે IFCએ અન્ય સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા હાલના ડેટા અને અભ્યાસોને ઓળખવા માટે ક્લાયન્ટ સાથે કામ કરવું જોઈએ. આવા ડેટા અથવા અભ્યાસોની ગેરહાજરીમાં, IFC ક્લાયન્ટને આવા મૂલ્યાંકનો હાથ ધરવા માટે યોગ્ય સંદર્ભ શરતો ઓળખવામાં મદદ કરશે અને ઉપલબ્ધ તકનીકી અને નાણાંકીય સહાય માળખાને ધ્યાનમાં રાખશે.[150]

વધુમાં, IFCની 2013 ગુડ *પ્રેક્ટિસ હેન્ડબુક ક્યુમ્યુલેટિવ ઇમ્પેક્ટ એસેસમેન્ટ એન્ડ મેનેજમેન્ટે* ઉત્તરોઉત્તર વધતી અસરોનો ખ્યાલ રજૂ કર્યો હતો અને સમુદાય જોડાણ આધારિત "મૂલ્ય ધરાવતા સામાજિક ઘટકો"ની પદ્ધતિનો ઉપયોગ કરીને પ્રોજેક્ટ સ્કોપિંગ અને વિશ્લેષણ માટે ઉદાહરણો આપ્યા હતા.[151]

CAO નોન-કમ્પલાયન્સના તારણો

CAOના 2013ના કમ્પલાયન્સ ઓડિટમાં જાણવા મળ્યું કે, આયોજિત પાવર પ્લાન્ટના IFCના પૂર્વ-રોકાણ E&S ડ્યુ ડિલિજન્સે એ ખાતરી કરી નથી કે PS1 માટે જરૂરી તેની અસરો ધરાવતા પ્રભાવ ક્ષેત્રના સંદર્ભમાં જોખમો અને અસરોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, ખાસ કરીને "E&S જોખમ મૂલ્યાંકન સમયે વાસ્તવિક રીતે વ્યાખ્યાયિત ઉત્તરોઉત્તર વધતી પ્રોજેક્ટ અસરો"ના સંબંધમાં.[152] ખાસ કરીને, અસર મૂલ્યાંકન પ્રક્રિયામાં હવા અને દરિયાઈ પર્યાવરણ માટે પ્રોજેક્ટ-સંબંધિત ઉત્તરોઉત્તર વધતા જોખમોને પર્યાપ્ત રીતે ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા. અદાણી પાવર પ્લાન્ટ, મુન્દ્રા બંદર અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન સાથે પ્રોજેક્ટની નિકટતા અને જોડાણ સાથે સંબંધિત સંભવિત થર્ડ પાર્ટી E&S જોખમોને ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા.[153] CAOએ ઉત્તરોઉત્તર વધતી અસરોનું વધુ સારી રીતે મૂલ્યાંકન કરવા અને ક્લાયન્ટના પ્રભાવના સ્તરને અનુરૂપ ઘટાડવાના પગલાં વિકસાવવા હાકલ કરી.[154]

પ્રતિભાવમાં, IFCના 2013ના એક્શન પ્લાનમાં પ્રોજેક્ટના E&S અસર મૂલ્યાંકનને પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સ(2006) અનુસાર અપગ્રેડ કરવા માટે કટિબદ્ધતા દર્શાવવામાં આવી હતી, જેમાં થર્ડ પાર્ટી જોખમો અને ઉત્તરોઉત્તર વધતી અસરોનું મૂલ્યાંકન શામેલ છે.[155] IFCએ CAOને એ બાબતની નોંધ લીધી હતી કે CGPL પાસે વ્યાપક દરિયાકાંઠાના ક્ષેત્ર વિકાસ સંબંધિત અસરોને સંબોધિત કરવા માટે પ્રભાવ અને નિયંત્રણનો અભાવ છે.[156]

[150] IFC 2007 GN1, para. G32.
[151] International Finance Corporation. 2013. *Good Practice Handbook Cumulative Impact Assessment and Management: Guidance for the Private Sector in Emerging Markets*. Washington, DC.: World Bank. Available at: https://openknowledge.worldbank.org/entities/publication/9117a520-430f-58ec-b699-a2817f8a548f.
[152] CAO 2013 Audit of CGPL, pp. 4-5, citing IFC 2006 PS1, para. 5.
[153] CAO 2013 Audit of CGPL, pp. 25, 51. Adani Power Plant (with which CGPL shares a cooling water intake channel, and which impacts the same airshed); Mundra Port and Special Economic Zone (MPSEZ), in particular the West Port, which is used to unload coal for the two power plants.
[154] CAO 2013 Audit of CGPL, p. 43.
[155] IFC 2013 Action Plan p. 2. Refer also to: IFC. 2013. *IFC Response to CAO's Audit Report on IFC's Investment in Coastal Gujarat Power Limited (CGPL) India* [September 12, 2013], para. 7(j) pp. 8-9. Available at: https://www.cao-ombudsman.org/sites/default/files/downloads/IFCresponsetoCAOAudit-CoastalGujaratPowerLimited.pdf.
[156] IFC. 2013 Response to CAO's Audit, p. 9.

પ્રથમ દેખરેખ સમયગાળાનો સારાંશ: 2013-2015

આ સમયગાળા દરમિયાન, ફરિયાદીઓએ દાવો કર્યો હતો કે IFC અને તેના ક્લાયન્ટે ક્લાયન્ટની કામગીરીના કારણે ઉત્તરોઉત્તર વધતી અસરોને સંબોધવા માટે કોઈ પગલાં લીધા નથી. તેમણે ભલામણ કરી હતી કે IFC આવી અસરોનાં મૂલ્યાંકન માટે અને તેની અસરો ઘટાડવાનાં આયોજન માટે એક સ્વતંત્ર સંસ્થાની રચના કરે.[157] IFCએ CAOને જાણ કરી હતી ભવિષ્યમાં ઉત્તરોઉત્તર વધતી અસરોના મૂલ્યાંકનનો કોઇપણ અભ્યાસ પ્લાન્ટનાં વિસ્તરણના આયોજનને ધ્યાને લઇને કરવામાં આવશે.

દ્વિતિય દેખરેખ સમયગાળાનો સારાંશ: 2015-2017

આ સમયગાળા દરમિયાન, ક્લાયન્ટે CAOને જાણ કરી હતી કે આયોજિત ક્ષમતા વિસ્તરણ પ્લાન અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવ્યો છે.[158]

તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018

આ સમયગાળા દરમિયાન, ફરિયાદીની ચિંતાઓ અને CAOના ઓડિટ તારણોના જવાબમાં, એરશેડ, દરિયાઈ પર્યાવરણ અને સમુદાયના સ્વાસ્થ્ય અને સલામતીના સંબંધમાં ઉત્તરોઉત્તર વધતી અસરો અને પ્રોજેક્ટના થર્ડ પાર્ટી જોખમ અંગે IFC તરફથી CAOને કોઈ દસ્તાવેજો મળ્યા નથી. વિસ્તરણ પ્રોજેક્ટ રદ થયા પછી ક્લાયન્ટે આયોજિત વધતી અસરો વિશ્લેષણ હાથ ધર્યું હતું કે નહી તેની પુષ્ટિ કરવા માટે કોઈ માહિતી નથી.

CAO તૃતીય દેખરેખ સમયગાળો, 2017-2018: ઉત્તરોઉત્તર વધતી અસરો પર તારણો

CAOને એ ખાતરી નથી કે IFCએ ઉત્તરોઉત્તર વધતી અસરોનું મૂલ્યાંકન અને સંબોધન કરવાના સંદર્ભમાં ઓડિટના નોન-કમ્પલાયન્સ તારણોને સંબોધવા માટે એક્શન પ્લાન અંતર્ગત પગલાં લીધાં છે.

CAOને જાણવા મળ્યું છે કે ફરિયાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા સંભવિત દરિયાઈ અને સલંગ્ન સામાજિક અસરો સાથે સંબંધિત ઉત્તરોઉત્તર વધતી અસરો અને થર્ડ પાર્ટી જોખમ અંગે CAOના તારણોને સંબોધવા માટે IFCએ પગલાં લીધાં હોય તેવું દર્શાવતી કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

IBRD દ્વારા ફંડ કરવામાં આવેલ પર્યાવરણ, વન અને આબોહવા મંત્રાલયના પ્રયાસ તેમજ વિસ્તારમાં સંકલિત દરિયાકાંઠાના વ્યવસ્થાપન પર વધારાના અભ્યાસના ભાગ રૂપે IFCને પ્રોજેક્ટની ઉત્તરોઉત્તર વધતી અસરોની તપાસ કરવાની તક મળી હતી.[159]

---

[157] CAO 2015 CGPL-01 Monitoring Report, para. 65, p. 20.

[158] CAO 2017 CGPL-01 Second Monitoring Report, p. 11.

[159] Refer to: Government of India, Ministry of Environment, Forests and Climate Change. 2015. Annual Report 2014-2015. Available at: https://moef.gov.in/uploads/2018/04/EnvironmentAnnualReportEng..pdf; World Bank (IBRD). 2009. Integrated Coastal Zone Management Project. Environmental and Social Impact Assessment. https://web.archive.org/web/20231215215731/https://documents1.worldbank.org/curated/pt/108221468041478690/pdf/IPP3880P0979850Box345545B01PUBLIC1.pdf. Other relevant studies include National Centre for Sustainable Coastal Management and Gujarat Ecology Commission Gandhinagar. 2014. Gulf of Kachchh: A Framework for the Cumulative Environmental Impact Assessment [5-6 September 2013]. Available at: https://ian.umces.edu/publications/gulf-of-kachchh-a-framework-for-the-cumulative-environmental-impact-assessment/; University of Greenwich and Gujarat Institute of Desert Ecology (GUIDE). 2016. Natural Character Area profile: Coastal Plain of Kachchh District https://gala.gre.ac.uk/id/eprint/16221/1/16221%20BARTLETT_Coastal_Plain_of_Kachchh_2016.pdf;
Also noteworthy is the work of Gujarat Ecological Education and Research (GEER) Foundation, which looks at issues of cumulative impacts assessment at operational levels.

જો કે, તે સ્પષ્ટતા નથી કે IFCએ તેના ક્લાયન્ટને આ પ્રયાસોમાં જોડાવા માટે ટેકો આપવા માટે પ્રયત્નો કર્યાં હતા કે નહીં.

વધારાના અવલોકનો

CAOના 2025ના મિશનમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, સ્થાનિક સમુદાયો દ્વારા ઉઠાવવામાં આવેલી મોટાભાગની ફરિયોદો કોઇ એક જ પ્રોજેક્ટ કરતાં વિસ્તારના ઔદ્યોગિક વિકાસ સાથે સંકળાયેલી ઉત્તરોઉત્તર વધતી પર્યાવરણીય અસરોથી ઉદભવી હોય તેમ લાગે છે. ઔદ્યોગિકરણની વધતી પર્યાવરણીય અસરોના પરિણામે પર્યાવરણીયની ગુણવત્તામાં ઘટાડો, ઉત્પાદકતામાં ઘટાડો અને સ્થાનિક સમુદાયો માટે સામાજિક-આર્થિક મુશ્કેલીઓ ઊભી થઈ છે. મુખ્ય ચિંતાઓમાં જાહેર આરોગ્ય તેમજ કૃષિ અને માછીમારી ઉત્પાદનને અસર કરતી બાબતો જેવી કે હવાની ગુણવત્તામાં ઘટાડો, દરિયાકાંઠાના ઇકોસિસ્ટમનું અધઃપતન જે માછીમારીને અસર કરે છે, અને ભૂગર્ભજળમાં ખારાશના વધતા પ્રમાણને કારણે પીવાના પાણી અને સિંચાઈની પ્રાપ્યતામાં ઘટાડો છે. વધુમાં, દરિયાઈ સપાટીમાં વધારો, વધુ વારંવાર અને તીવ્ર ચક્રવાત, તોફાન, પૂર, દુષ્કાળ અને ગરમીના મોજા જેવા આબોહવા જોખમો માટે કચ્છનો અખાત ખૂબ જ સંવેદનશીલ છે, જેના કારણે સમુદાયો જે વર્તમાન પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યાં છે તેને વધુ ખરાબ કરે છે.

2.7 ફરિયાદનો મુદ્દો: પ્રોજેક્ટની દેખરેખ

CGPL-01 ફરિયાદમાં મોટા પાયે કોલસા આધારિત પાવર પ્લાન્ટના વિકાસ અને સંચાલનમાં IFC દ્વારા તેના ક્લાયન્ટના E&S પ્રદર્શનની દેખરેખની પર્યાપ્તતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો.

સંબંધિત IFC ધોરણો

IFCની સસ્ટેનેબિલિટી પોલિસીમાં સાઇટ વિઝિટ દ્વારા પ્રોજેક્ટ મોનિટરિંગ અને દેખરેખ, પર્યાવરણીય અને સામાજિક એક્શન પ્લાન(ESAP) માં ક્લાયન્ટની પ્રતિબદ્ધતાઓના આધારે પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા, અને જ્યાં જરૂરી હોય ત્યાં પ્રોજેક્ટ કમ્પલાયન્સ સુનિશ્ચિત કરવા માટે કામગીરી-સુધારણાની તકો અથવા પગલાઓ લેવા.[160] સસ્ટેનેબિલિટી પોલિસીમાં IFCને યોગ્ય જણાય હોય ત્યારે નોન-કમ્પલાયન્સ માટે પગલા લેવાની જોગવાઇ પણ છે.[161] પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 1માં પ્રોજેક્ટની સામાજિક અને પર્યાવરણીય વ્યવસ્થાપન વ્યવસ્થામાં સામાજિક અને પર્યાવરણીય મૂલ્યાંકન, વ્યવસ્થાપન કાર્યક્રમ પ્રોગ્રામ, સંગઠનાત્મક ક્ષમતા વર્ધન અને તાલીમ, સમુદાય જોડાણ, દેખરેખ અને રિપોર્ટિંગની જરૂર હોય છે.[162]

[160] IFC 2006 Sustainability Policy. In this context, 'Action Plan' refers to the PS1 requirement for a project-level action plan (as differentiated from the IFC and CGPL 2013 remedial 'Action Plan').
[161] IFC 2006 Sustainability Policy, p. 2, para. 26.

[162] IFC 2006 PS1, p.1, para 3.

2.7.1 પ્રોજેક્ટ-સ્તરનું E&S દેખરેખ અને નિરીક્ષણ માળખું

2013ના એક્શન પ્લાનમાં, IFC અને ક્લાયન્ટે દરેક E&S પ્રોજેક્ટ આવશ્યકતાઓનું વિગતવાર વર્ણન કરતો એક દસ્તાવેજ તૈયાર કરવા તૈયારી દર્શાવી હતી, જેમાં ઓપરેશનલ તબક્કાનો પણ સમાવેશ થાય છે. IFCએ ઓક્ટોબર 2014માં CAOને જાણ કરી હતી કે ક્લાયન્ટ આ દસ્તાવેજ પર કામ કરી રહ્યાં છે. ફેબ્રુઆરી 2016માં, IFC અને ક્લાયન્ટે CAOને E&S આવશ્યકતાઓ સાથે પ્રોજેક્ટ કમ્પલાયન્સની વ્યાપક સ્થિતિનો સારાંશ રજૂ કરતું સ્ટેટસ રિવ્યુ મેટ્રિક્સ આપ્યું હતું.[163] CAOના 2017 મોનિટરિંગ રિપોર્ટમાં તારણ કાઢવામાં આવ્યું હતું કે, આ મેટ્રિક્સ વ્યાપક E&S આવશ્યકતાઓ પૂરી પાડવામાં નિષ્ફળ ગયું છે અને પ્રોજેક્ટ સ્તરના E&S મુદ્દાઓ માટે પર્યાપ્ત દેખરેખ અને મૂલ્યાંકન માળખું પુરુ પાડતું નથી જેનાથી પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સ(2006)નું અસરકારક રીતે નિરીક્ષણ અથવા ઑડિટ કરી શકાય.[164]

મે 2014 અને જુલાઈ 2017ની વચ્ચે, IFC એ 2013 એક્શન પ્લાનમાં પ્રતિબદ્ધતાઓને કાર્ય પ્રગતિ અંગે CAOને અહેવાલ આપ્યો.[165] 2018માં, ક્લાયન્ટે પગલાંઓનો સાર રજૂ કર્યો જેમાં એક્શન પ્લાન અંતર્ગત પૂર્ણ કરવાના દરેક નિવારક પગલાંઓ જાન્યુઆરી 2018 સુધીમાં 'પૂર્ણ' થવાના હતાં તેવી જાણ કરવામાં આવી હતી.[166] CAOને પ્રોજેક્ટ-સ્તરની E&S જવાબદારીઓ અને પ્રતિબદ્ધતાઓની સૂચિના સંદર્ભમાં IFC અથવા ક્લાયન્ટ તરફથી કોઈ વધુ અપડેટ્સ પ્રાપ્ત થયા નથી.

2.8 CGPL-02 ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા વધારાના મુદ્દાઓ: સુરક્ષા દળો અને પ્રોજેક્ટ માળખા સલામતી સંબંધિત અસરો

સપ્ટેમ્બર 2017માં, CAOએ CGPL(CGPL-02)માં IFCના રોકાણ અંગેની ફરિયાદને, 2016માં દાખલ કરેલી ફરિયાદને CGPL-01 સાથે મર્જ કરી. બંને ફરિયાદોમાં IFCના પગલાંની પર્યાપ્તતા અંગે સમાન ચિંતાઓ વિશે વાત કરવામાં આવી હતી, તેના ક્લાયન્ટના પાવર પ્લાન્ટની દરિયા પર અસરો તેમજ ભૌતિક અને આર્થિક વિસ્થાપન સંબંધિત અસરો જેથી પર્યાપ્ત મૂલ્યાંકન અને સંચાલન સુનિશ્ચિત કરી શકાય. વધુમાં, CGPL-02 ફરિયાદમાં IFC દ્વારા તેના ક્લાયન્ટના E&S જોખમ વ્યવસ્થાપન પગલાંની દેખરેખ અંગે બે નવી ચિંતાઓનો ઉલ્લેખ થયો હતો. ત્રગડી બંદરના ફરિયાદીઓએ પ્રોજેક્ટ માળખાની નબળી સલામતીનો આરોપ લગાવ્યો હતો, જેમાં ઇનટેક અને આઉટફોલ ચેનલની આસપાસ વાડની અયોગ્ય જાળવણી, તેમજ પ્લાન્ટના સુરક્ષા દળો દ્વારા હેરાનગતિ અને પજવણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ મુદ્દાઓ CAOના 2013 ઓડિટનો ભાગ ન હોવાને કારણે, IFCએ તેના 2013ના એક્શન પ્લાનમાં તેમને સંબોધવા માટેની કાર્ય આયોજનનો સમાવેશ કર્યો ન હતો. 2017થી, CAOએ નીચે આપેલા સારાંશ મુજબ, એક્શન પ્લાન હેઠળ CGPLની દેખરેખના ભાગરૂપે આ મુદ્દાઓને સંબોધવા માટે IFCના પ્રયાસોનું નિરીક્ષણ કર્યું.

---

[163] IFC and CGPL. 2016. *Status of CGPL's Compliance to IFC's Environmental and Social Requirement During Pre-Operation Phase & Operation Phase*.
[164] CAO 2017 CGPL-02 Appraisal Report, p. 12.
[165] IFC provided monitoring updates to CAO in May 2014, October 2014, December 2014, March 2015, July 2015, April 2016, and July 2017. Refer also to: CAO 2017 CGPL-01 Second Monitoring Report, para. 6, p. 6.
[166] IFC and CGPL 2018 Management and Monitoring Plan.

2.8.1 સુરક્ષા દળોનો ઉપયોગ

પર્ફોર્મન્સ સ્ટાન્ડર્ડ 4: સમુદાય આરોગ્ય, સલામતી અને સુરક્ષા(PS4) માટે IFC ક્લાયન્ટ્સની પ્રોજેક્ટ સાઇટની અંદર અને બહાર સુરક્ષા વ્યવસ્થાઓ દ્વારા ઉભા થતા જોખમોનું મૂલ્યાંકન કરે તે જરૂરી છે. PS4 એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે સુરક્ષા દળો ભૂતકાળમાં હેરાનગતિમાં સંડોવાયેલા ન હોય અને સુરક્ષા કર્મચારીઓને સ્થાનિક સમુદાય પ્રત્યે યોગ્ય વર્તન માટે પૂરતી તાલીમ આપવામાં આવી હોય. PS4 ક્લાયન્ટ્સને જાહેર સુરક્ષા દળો સાથે જોડાવા, તેમના દ્વારા ઉભા થતા જોખમોનું મૂલ્યાંકન કરવા અને તે જોખમોને ઘટાડવામાં સહયોગ કરવાની તકો શોધવા માટે પણ પ્રોત્સાહિત કરે છે.

CGPL-02 ફરિયાદમાં પ્રોજેક્ટના સુરક્ષા કર્મચારીઓની કાર્યવાહી અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. CAOના કમ્પલાયન્સ મૂલ્યાંકન દરમિયાન, IFCએ CAOને જણાવ્યું હતું કે તેણે PS4 લાગુ પડવાની શક્યતા ઓળખી કાઢી છે અને એપ્રિલ 2008માં સુરક્ષા જોખમ મૂલ્યાંકન અને વ્યવસ્થાપન આયોજન તૈયાર કર્યું છે. જોકે તે સમયે, ક્લાયન્ટે પ્રોજેક્ટ સગવડોની સુરક્ષા માટે ફક્ત ખાનગી સુરક્ષા દળોનો ઉપયોગ કરવાની અપેક્ષા દર્શાવી હતી.

2015ના જાહેર સમાચાર સ્રોતો અહેવાલ આપે છે, કે ભારત સરકારે તે વર્ષે 250થી વધુ સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ(CISF) સુરક્ષા કર્મચારીઓને આતંકવાદ વિરોધી અને તોડફોડ વિરોધી કામગીરી માટે CGPLમાં તૈનાત કર્યા હતા.[167] જુલાઈ 2016માં, ભારતના ગૃહ મંત્રીએ એક અહેવાલ ઇસ્યુ કર્યો હતો જેમાં સ્વીકારવામાં આવ્યું હતું કે 99 CISF કર્મચારીઓને સ્થળ પર તૈનાત કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી.[168] IFCએ CAOને જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ગુપ્તચર એજન્સીએ મુન્દ્રા UMPP ખાતે તેમની CISFને તૈનાત કરવાના આયોજન માટે રિસ્ક એનાલિસિસ હાથ ધર્યું હશે. જો કે, CAOને કોઈ પુરાવા મળ્યા નથી કે IFCએ તે સમયે કોઇ પગલાં લીધા હતા જેથી ખાતરી કરી શકાય કે ક્લાયન્ટે રિસ્ક એનાલિસિસ હાથ ધર્યું છે અથવા સુરક્ષા દળના કર્મચારીઓમાં આ ફેરફારના પ્રતિભાવમાં તેમના સુરક્ષા વ્યવસ્થાપન આયોજનમાં સુધારો કરવામાં આવ્યો છે.

CAOના કમ્પલાયન્સ મૂલ્યાંકન દરમિયાન, IFCએ એ પણ અહેવાલ આપ્યો હતો કે 2015માં CISF ગાર્ડ્સ અને સ્થાનિક માછીમારો વચ્ચેનો ઝઘડાને ક્લાયન્ટની સામાજિક ટીમ, અસરગ્રસ્ત ગ્રામજનો, પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રના સહયોગથી ઉકેલવામાં આવ્યો હતો. ગામના સરપંચ(પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિ)એ મધ્યસ્થી તરીકે કામ કર્યું હતું. IFCએ ઉમેર્યું હતું કે, ગ્રામજનો આ ઘટના અંગેની તેમની પોલીસ ફરિયાદ પાછી ખેંચવા સંમત થયા હતા અને ફરિયાદીઓએ CAOને જાણ કરી હતી કે CISF કર્મચારીઓએ અસરગ્રસ્ત વ્યક્તિઓની માફી માંગી છે.[169]

---

[167] PTI. 2015. "Government sanctions 500 CISF men for Tata projects in Gujarat, Odisha," *The Economic Times* (September 24, 2015). Available at: https://economictimes.indiatimes.com/news/defence/government-sanctions-500-cisf-men-for-tata-projects-in-gujarat-odisha/articleshow/49090894.cms.

[168] Ministry of Home Affairs, Government of India. 2016. Lok Sabha Unstarred Question No. 450 to be Answered on the 19th of July 2016/ Ashadha 28, 1938 (Saka): 2. Available at: https://sansad.in/getFile/loksabhaquestions/annex/9/AU450.pdf?source=pqals.

[169] CAO 2017 CGPL-02 Appraisal Report, pp. 16-18.

CAOને 2017-2018માં IFC તરફથી CISFની ભૂમિકા અથવા સુરક્ષા વ્યવસ્થા પર સમુદાયની ભાગીદારી સાથે અન્ય કોઈ પ્રોજેક્ટ વિશે અસરગ્રસ્ત સમુદાયો સાથે ક્લાયન્ટના જોડાણ અંગે કોઈ દસ્તાવેજો મળ્યા ન હતા. તેમજ IFCએ CAOને પ્લાન્ટમાં સુરક્ષાને લગતાં કિસ્સાઓનું રજિસ્ટર જાળવી રાખ્યું છે તે સાબિત કરવા માટે કોઈ દસ્તાવેજો પૂરા પાડ્યા ન હતા.

2.8.2 પ્રોજેક્ટ માળખાની સલામતી

CGPL-02 ફરિયાદકર્તાઓએ પ્રોજેક્ટ માળખાની સલામતી, ખાસ કરીને પ્લાન્ટની આઉટફોલ ચેનલમાં લોકો અને પ્રાણીઓના પડી જવાના જોખમ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. PS4 માટે ક્લાયન્ટ્સને પ્રોજેક્ટ ડિઝાઇન, બાંધકામ, સંચાલન અને ડિકમિશનિંગ દરમિયાન અસરગ્રસ્ત સમુદાયના સ્વાસ્થ્ય અને સલામતી માટેના જોખમો અને અસરોનું મૂલ્યાંકન કરવાની અને ઓળખાયેલા જોખમો અને અસરોને અનુરૂપ નિવારક પગલાં લેવાની જરૂર રહે છે. ફરિયાદના CAOના કમ્પલાયન્સ મૂલ્યાંકન દરમિયાન, IFCએ અહેવાલ આપ્યો કે ક્લાયન્ટે આઉટફોલ ચેનલની આસપાસ કાંટાળા તારની વાડ લગાવી હતી, પરંતુ સ્થાનિક લોકો માછીમારી માટે પ્રવેશ મેળવવા માટે ક્યારેક ક્યારેક તે વાડ કાપી નાખતા હતા. IFC એ પણ અહેવાલ આપ્યો કે ક્લાયન્ટે આઉટફોલ ચેનલમાં માછીમારીના જોખમો વિશે સ્થાનિક સમુદાયના સભ્યોને સક્રિયપણે જોડ્યા હતા. 2018માં, IFC અને CGPLએ આઉટફોલ ચેનલની આસપાસ વાડની નિયમિત જાળવણીની જાણ કરી હતી. જો કે, CAOને ઉપરોક્ત કોઈપણ માહિતી અંગે IFC તરફથી કોઈ સહાયક દસ્તાવેજો મળ્યા નથી.

4. 2017-2018 CAO મોનિટરિંગ: નિષ્કર્ષ

આ ત્રીજા અને અંતિમ મોનિટરિંગ રિપોર્ટમાં 2017-2018 દરમિયાન CAOના કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ પ્રોજેક્ટના 2013ના ઓડિટમાં ઓળખાયેલા પર્યાવરણીય અને સામાજિક નોન-કમ્પલાયન્સ તારણોને સંબોધવા માટે IFCના પગલાંનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. CAOનું મોનિટરિંગ 4,150MW કોલસા આધારિત પાવર પ્લાન્ટની સ્થાનિક માછીમારી સમુદાયો પર આજીવિકા, આરોગ્ય અને પર્યાવરણ પર થતી અસરો અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓ પર IFCના પગલાંઓ પર કેન્દ્રિત કરતું હતું.

મુખ્ય કમ્પલાયન્સ મોનિટરિંગના તારણોનો સારાંશ: 2017-2018

2017-2018ના દેખરેખ સમયગાળા દરમિયાન, IFCએ તેના ક્લાયન્ટ સાથે કામ કરવાનું ચાલુ રાખ્યું જેથી CAOના 2013ના ઓડિટ તારણોને સંબોધવા માટે વિવિધ અભ્યાસો અને પહેલો હાથ ધરવામાં આવે. આ પ્રયાસો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ સાથે સંલગ્નતા જણાઇ, પરંતુ CAOના મોનિટરિંગમાં જાણવા મળ્યું કે ઓડિટમાં ઓળખાયેલી નોન-કમ્પલાયન્સનો ઉકેલ લવાયો નથી અથવા ફરિયાદીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓને નીચે મુજબ સંબોધિત કરી નથી:

૧. પર્યાવરણીય અને સામાજિક અસર મૂલ્યાંકન: CGPLએ ૨૧ ગામોમાં થર્ડ પાર્ટી સામાજિક-આર્થિક

સર્વેક્ષણ અને એક અલાયદા આજીવિકા અભ્યાસ શરૂ કર્યો. સર્વેક્ષણ અને અભ્યાસ સામાજિક-આર્થિક પરિસ્થિતિઓનો ચિતાર રજૂ કરે છે, પરંતુ એવા કોઈ પુરાવા નથી કે તેના દ્વારા માછીમારી સમુદાયો પર પ્રોજેક્ટની અસરનું દસ્તાવેજીકરણ થયું હોય, ખાસ કરીને ત્રગડી અને કોટડી બંદરો પર મોસમી-નિવાસી માછીમારી સમુદાય પર.

2. સમુદાય પરામર્શ: IFCએ જણાવ્યું હતું કે તેના ક્લાયન્ટે ગ્રામ વિકાસ સલાહકાર સમિતિઓની સ્થાપના કરી હતી અને સમુદાય સાથે નિયમિત જોડાણની જાણ કરી હતી. જ્યારે ફરિયાદીઓનું કહેવું છે કે, તેમની સાથે અર્થપૂર્ણ રીતે સલાહ-સૂચન કરવામાં આવ્યું નથી, અને દરેક અસરગ્રસ્ત જૂથો સાથે અસરકારક જોડાણનું દસ્તાવેજીકરણ અપૂરતું હતું. વધુમાં, ફરિયાદીઓનો દાવો છે કે તેમને IFCના 2013ના એક્શન પ્લાન અંતર્ગત તૈયાર કરાયેલા વિવિધ અભ્યાસોની પ્રાપ્યતા નથી.

૩. જમીન સંપાદન અને આર્થિક વિસ્થાપન: ક્લાયન્ટે ૨૪ ઓળખાયેલ પગડિયા માછીમારો માટે આજીવિકા સુધારણા આયોજન શરૂ કર્યું હતું. જોકે, અસરગ્રસ્ત માછીમારોને ઓળખવા માટે ઉપયોગમાં લેવાયેલ પસંદગીના માપદંડો સમાવિષ્ટ હતાં નહી, અને આર્થિક વિસ્થાપનના વ્યાપક મુદ્દાઓ IFC અને તેના ક્લાયન્ટ દ્વારા ઉકેલાયા ન હતા.

4. હવાની ગુણવત્તા: IFCએ રિપોર્ટ આપ્યો છે કે તેના ક્લાયન્ટે પ્લાન્ટની કોલસા કન્વેયર સિસ્ટમને અપગ્રેડ કરવા, ધૂળ દબાવવા માટે પાણીનો છંટકાવ કરવા અને હવાની ગુણવત્તાના ડેટાનું જાહેર પ્રદર્શન કરવા સહિતના પગલાંઓનું અમલીકરણ કર્યું છે. જોકે, અન્ય સ્થળોએ PM10 ધોરણોનું વારંવાર ઉલ્લંઘન નોંધાયું હતું, અને CAOએ નોંધ લીધી છે કે ડિગ્રેડેડ એરશેડ માટે ઓફસેટ આવશ્યકતાઓ પૂર્ણ થઈ ન હોવાનું માલૂમ થાય છે.

5. દરિયાઈ અસરો: IFCએ અહેવાલ આપ્યો છે કે, CGPLએ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશનોગ્રાફી દ્વારા મોડેલ પુષ્ટિકરણ અભ્યાસ શરૂ કર્યા છે અને જૈવવિવિધતા મૂલ્યાંકન માટે IUCN સાથે ભાગીદારી કરી છે. CAO સ્વીકારે છે કે આ અભ્યાસોએ વધારાનો ડેટા પૂરો પાડ્યો છે, પરંતુ એમ તારણ કાઢે છે કે તે IFCની EHS માર્ગદર્શિકા મુજબ જરૂરી વૈજ્ઞાનિક રીતે વ્યાખ્યાયિત મિશ્રણ ક્ષેત્ર સ્થાપિત કરતું નથી અથવા દરિયાઈ જૈવવિવિધતા અને માછલીની ઉપલબ્ધતા પર પ્રોજેક્ટ અસરોનું પર્યાપ્ત મૂલ્યાંકન કરતું નથી.

૬. ઉત્તરોઉત્તર વધતી અસરો: IFC અને તેના ક્લાયન્ટે પ્લાન્ટના પ્રસ્તાવિત વિસ્તરણના ભાગ રૂપે એક્શન પ્લાન અંતર્ગત ઉત્તરોઉત્તર વધતી અસરોનું મૂલ્યાંકન કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જોકે, વિસ્તરણ થયું ન હતું અને CAOને મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું હોય તેવા કોઈ પુરાવા મળ્યા ન હતા.

7. **પ્રોજેક્ટ મોનિટરિંગ**: IFCના E&S ધોરણો સાથે CGPLના કમ્પલાયન્સની વિગતો આપતા પ્રોજેક્ટ દસ્તાવેજીકરણમાં CAOના 2013 ઓડિટમાં ઉઠાવવામાં આવેલા બધા નોન-કમ્પલાયન્સનો સમાવેશ થતો નથી કે E&S અસરોનું સંચાલન કરવા માટે એક માળખું પૂરું પાડતું નથી જેનું અસરકારક રીતે નિરીક્ષણ અથવા ઓડિટ કરી શકાય.

કેસ બંધ

જુલાઈ 2018માં, ક્લાયન્ટે IFCને પૂર્વ ચુકવણીની નોટિસ આપી. ઓક્ટોબર 2018માં, IFCએ CAOને પુષ્ટિ આપી કે લોન પાછલા મહિને ચૂકવી દેવામાં આવી હતી. તે તારીખથી, IFCને પ્રોજેક્ટ સાથે કોઈ સીધો સંપર્ક નથી કે CGPL સાથે સીધો કમર્શિયલ સંબંધ નથી.

ચુકવણી પહેલાં IFC દ્વારા તેના ક્લાયન્ટ પાસેથી કેટલીક સ્વૈચ્છિક પ્રતિબદ્ધતાઓ પ્રાપ્ત થઈ હતી, જે IFC અને CAO દ્વારા પ્રોજેક્ટના સતત મોનિટરિંગ માટેનો આધાર પૂરો પાડે છે, તેમજ 2013ના એક્શન પ્લાન અંતર્ગત CAO દ્વારા પૂર્ણ થયા પછીની વિઝિટની ખાતરી કરે છે, ભૂતપૂર્વ ક્લાયન્ટ સાથે વ્યાપારી સંબંધનો અભાવ, તેમજ 2018માં IFCના છેલ્લા પ્રયાસો પછી વીતી ગયેલો સમય, એ અશક્ય બનાવે છે કે IFC તેના 2013 એક્શન પ્લાનને[170] પૂર્ણ કરવા માટે કોઈપણ પ્રયાસો ફરી શરૂ કરશે અથવા CAO ઓડિટના તારણોને સંબોધશે. તેથી, CAOએ આ મોનિટરિંગ પ્રક્રિયા બંધ કરવાનો નિર્ણય લીધો છે.

CAO એ બાબત ભાર મૂકે છે કે ફરિયાદીઓ, તેમના પરિવારો અને તેમના સમુદાયો માટે આ સંતોષકારક પ્રક્રિયા રહી નથી. ફરિયાદીઓએ 2011માં IFCના આ રોકાણની પર્યાવરણીય અને સામાજિક અસરો વિશે પહેલી વાર તેમની ચિંતાઓ ઉઠાવી હતી જેને એક દાયકાથી વધુ સમય થઈ ગયો છે. આજ સુધી, તેઓ આગ્રહ રાખે છે કે પાવર પ્લાન્ટની તેમના સ્વાસ્થ્ય અને આજીવિકા પર થતી અસરો અંગે તેમની ચિંતાઓને અસરકારક રીતે સંબોધવામાં આવી નથી અને આ પ્રતિકૂળ અસરોનું વ્યવસ્થાપન કરવા માટે તેઓ સંઘર્ષ કરી રહ્યાં છે. ફરિયાદીઓ જણાવે છે, CAOના નોન-કમ્પલાયન્સના તારણો પછી IFC અને તેના ક્લાયન્ટ દ્વારા એક્શન પ્લાન અંતર્ગત હાથ ધરવામાં આવેલા વિવિધ અભ્યાસો છતાં તેમને વાસ્તવિક રીતે કોઈ સુધારો જોવા મળ્યો નથી. આ પરિપ્રેક્ષ્ય સાથે સુસંગત, 2025 મિશન સહિત CAOના મોનિટરિંગ પ્રયાસોએ એક્શન પ્લાનના ઇચ્છિત પરિણામોની પુષ્ટિ કરી નથી.

ભવિષ્ય તરફ જોતાં, CAO સૂચવે છે કે, મુન્દ્રા વિસ્તારમાં દસ્તાવેજીત પર્યાવરણીય અને સામાજિક પડકારોનો સામનો કરવા માટે સહયોગી અભિગમનો લાભ મળશે. સરકારી એજન્સીઓ, વિશ્વ બેંક અને ADB સહિત બહુપક્ષીય વિકાસ બેંકો, સ્થાનિક ઉદ્યોગો અને અસરગ્રસ્ત સમુદાયો સહિત સાથે મળીને પ્રાદેશિક કાર્યક્રમ, ઇકોસિસ્ટમ પુનઃસ્થાપન, સુરક્ષિત પાણી પુરવઠા માટે માળખાગત વિકાસ અને અસરગ્રસ્ત સમુદાયો માટે ટકાઉ આજીવિકાની તકોની દિશામાં પ્રયત્નો દ્વારા વિસ્તારમાં ઔદ્યોગિકીકરણ અને વિકાસની ઉત્તરોઉત્તર વધતી અસરોને સંબોધવામાં મદદ મળશે.

---

170 CAO has not received co.nfirmation of the completion of three studies and assessments committed to under the 2013 Action Plan: the laboratory analysis of dried fish samples, the independent or government validation of the NIO Model Confirmation Study, and the assessment of cumulative impacts and third-party risks. Additionally, the third phase of the turtle monitoring program was not shared with CAO.

પરિશિષ્ટ 1: CAO ની માર્ચ 2025ની ફિલ્ડ વિઝિટ: ફિડબેકનો સારાંશ

માર્ચ 2025માં, CAOએ પ્રોજેક્ટ સાઇટની ફિલ્ડ વિઝિટ લીધી જ્યાં તેઓ માછીમારી અને ખેતી સમુદાયો સહિત 10 સ્થાનિક સમુદાયોના પ્રતિનિધિઓને મળ્યા.

આ મિટિંગોમાંથી મળેલા મુખ્ય પ્રતિભાવોમાંથી નીચે મુજબનો સંકેત મળ્યા:

1. આ વિસ્તારના ઝડપી ઔદ્યોગિકીકરણ - જેમાં બે કોલસા આધારિત પાવર પ્લાન્ટ, જેમાંથી એક મુન્દ્રા UMPP છે, અસંખ્ય મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો અને મુન્દ્રા બંદરનો સમાવેશ થાય છે – જેનાથી પર્યાવરણીય ગુણવત્તા અને ઉત્પાદકતામાં ઘટાડો જોવા મળે છે. આ ઉત્તરોઉત્તર વધતી અસરોમાં સૌથી સ્પષ્ટ છે: (i) જાહેર આરોગ્ય અને પાક ઉત્પાદકતાને અસર કરતી હવાની ગુણવત્તામાં ઘટાડો; (ii) દરિયાકાંઠાના ઇકોસિસ્ટમની અધોગતિ, જે માછીમારીને અસર કરી શકે છે; અને (iii) ભૂગર્ભજળમાં ખારાશનો પ્રવેશ, પીવાના પાણી અને સિંચાઈ પુરવઠાની પ્રાપ્યતામાં ઘટાડો.
2. માછીમારી સમુદાયો અને ફિશ કંપની દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા, ખાસ કરીને પ્લાન્ટ નજીકના દરિયાકાંઠાના વિસ્તારોમાં માછલીના મૂલ્યની દ્રષ્ટિએ ઉપજ અને ગુણવત્તામાં ઘટાડો દેખાય છે, જેના કારણે માછીમારોને તેમની બોટ કિનારાથી લગભગ 10 કિમી અંદર લઈ જવાની ફરજ પડે છે. માછલીની ઘટેલી ઉપજ મોટાભાગે ઉત્પાદક ઇકોસિસ્ટમની અધોગતિ અથવા નુકસાન, ઉદ્યોગો દ્વારા પ્રદૂષણ અને વધુ પડતી માછીમારીના સંયોજનનું પરિણામ છે. આબોહવા પરિવર્તનને કારણે કચ્છના અખાતમાં સમુદ્રનું તાપમાન આ પરિસ્થિતિને વધુ વકરી બનાવી શકે છે, જે આ સમુદાયોની આજીવિકા માટે જોખમી છે.
3. મુન્દ્રા UMPP માટે કુલિંગ વોટર આઉટફોલના ડિસ્ચાર્જ પોઇન્ટ નજીક દરિયાકાંઠાનું વધુ પડતું ધોવાણ થયું છે. ગ્રામજનોએ કુલિંગ વોટર આઉટફોલના અંત નજીક ઉત્પાદક ઇકોસિસ્ટમના નુકસાન, કુલિંગ વોટર માટેના ઇન્ટેક સ્ક્રીન પર માછલીનાં બચ્ચાં અને અન્ય જળચર જીવોના નુકસાન અને પ્લાન્ટના વાતાવરણની આસપાસ કોલસાની ધૂળ અને ફ્લાય એશની જમાવટની ફરિયાદ કરી છે. વધુમાં, આઉટફોલ નજીકના માછીમાર સમુદાયે આઉટફોલ પાણીના સંપર્કમાં આવવાથી ત્વચામાં બળતરા અને ફોલ્લીઓ થવાની ફરિયાદ કરી હતી.

આ વિસ્તારના સમુદાયોની પર્યાવરણીય અને આર્થિક મુશ્કેલીઓને ધ્યાનમાં લેતા, જેમાં વિસ્તારના નોંધપાત્ર ઔદ્યોગિક વિકાસના ઉત્તરોઉત્તર વધતી અસરોથી પ્રભાવિત લોકોનો સમાવેશ થાય છે, CAO માને છે કે સહભાગી અભિગમનો ઉપયોગ કરીને પ્રાદેશિક સહાય કાર્યક્રમ વિકસાવવો યોગ્ય રહેશે, કદાચ સરકાર, વિશ્વ બેંક અને ADB જેવા MDB, સ્થાનિક ઉદ્યોગો અને અસરગ્રસ્ત સમુદાયોની ભાગીદારી દ્વારા. આ કાર્યક્રમથી ઇકોસિસ્ટમના પુનઃસ્થાપન, સલામત પાણી પુરવઠા જેવી મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ અને વૈકલ્પિક આજીવિકાને ટેકો આપવો જોઇએ. આ વિસ્તાર આબોહવા પરિવર્તનની અસરો, ખાસ કરીને વાવાઝોડાના વધતા બનાવો અને તીવ્રતા અને સંબંધિત દરિયાકાંઠાના પૂર અને ધોવાણ, માછીમારી પર સમુદ્રના તાપમાનાની અસરો, દુષ્કાળ અને ગરમીના મોજા માટે વધુ સંવેદનશીલ છે. સ્થાનિક માછીમાર

અને ખેતી કરતાં સમુદાયોની સામાજિક-આર્થિક અને પર્યાવરણીય પરિસ્થિતિઓને સુધારવા માટેની કોઈપણ વિકાસ પહેલ આબોહવા પરિવર્તનના વધતા જોખમો સામે સ્થિતિસ્થાપકતા બનાવવામાં પણ મદદ કરી શકે છે.

વધુમાં CAO સૂચવે છે કે, પ્રોજેક્ટ સ્તરે, વર્તમાન વન્સ-થ્રુ ફ્લિંગ વોટર સિસ્ટમને રિસર્ક્યુલેટિંગ સિસ્ટમમાં પરિવર્તિત કરવા પર વિચારણા કરવી જોઈએ, જેને દરિયાકાંઠાના ધોવાણને રોકવા અને નજીકના કિનારાના માછીમારી માટે મહત્વપૂર્ણ ઇકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવા માટે દરિયાકાંઠાના સંરક્ષણ કાર્યક્રમ સાથે જોડવામાં આવે.